કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૧૫ • અંક ૧ પોષ ૧૯૯૪

તંત્રી • રવિશંકર રાવળ

સંપાદક • બચુભાઈ રાવત



સળંગ અંક ૧૬૯





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપર: 'સતીની દેવડી'–ભાઇ રાયચંદ રા. લાલન (મુંબાઇ), પહેલું ઇનામ;
નીચે: 'વળતી વેળાએ'–ભાઇ પ્રાણુલાલ કે. પટેલ (અમદાવાદ) બીજું ઇનામ.

सह नौ भुनक्तु

◖ પંદરમા વર્ષની ઉષા જોતા 'કુમાર'ના પહેલા પાને જ 'આયુષ્યની અણપીછી મધુપ્રેરણા શી' ઉષાનું કૌમારના ભર્ગભર્યું દર્શન હરકોઈ કુમાર-આત્માને એમાંના દાર્શનિક અતિથિ જેટલો જ પુલકંત બનાવ્યા સિવાય નહિ રહે. ◖ ફાંસીની સજામાંથી બચી, બે વાર જેલમાં ઠોકાઈ, જેલની દીવાલો વચ્ચેથી પણ છટકી જઈ પોતાના રાષ્ટ્રની આઝાદીનું ઉત્થાન સફળ બનાવનાર તે આયર્લૅંડનો સરમુખત્યાર એમન દ વેલેરા. આયર્લૅંડના નવા રાજ-બંધારણથી એ ફરી પાછો જગબત્રીસીએ ચડ્યો છે, ત્યારે આ અંકમાંનું એનું ચરિત્ર સમયોચિત જણાશે. ◖ રેડીઓ પર ક્રિકેટ મૅચોનું વર્ણન સાંભળતાં ગ્રાઉન્ડ પરની ફટકાબાજી પણ તમે સાથોસાથ જોઈ શકતા હો તો કેવું મઝાનું! ટેલીવિઝનનું વિજ્ઞાન એ જ દિશામાં—દૂર દૂરના પ્રસંગોનું તાદૃશ્ય રજૂ કરવા પાછળ જ મંડ્યું છે. આ અંકમાંનો સચિત્ર લેખ તેની તમને પૂરતી સમજણ પાડશે. ◖ આજના ભણતરથી કરમાએલી જિંદગીનો ક્યાસ કાઢવો હોય તો 'નવનીતની નોકરી'ની વાર્તા અને આપણા દયાધર્મની પોકળતા સમજવી હોય તો 'અહિંસાના વમળમાં'નાં પ્રસંગચિત્રો વાંચી જજો. કાકાસાહેબ સાચું જ તારણ કાઢે છે કે 'આપણો દયાધર્મ પોચો છે. અનેક પ્રસંગોમાં દયાધર્મનાં વિવિધ સ્વરૂપ ઓળખતાં આપણે શીખવું જોઇએ.' ◖ તવારીખની પગથાર જેવાં 'વીસમી સદીનાં પગલાં' પછી 'જીવનનું પરોઢ'માં મહામના ગોખલેજીની દક્ષિણ આફ્રિકાની મુલાકાત આગળ લંબાય છે, જ્યારે 'વનવગડાનાં વાસી'માં રા. 'વનેચરની' કલમે એવાં બે પક્ષી ઝડપ્યાં છે, જે તળ ગુજરાતનાં હોવા છતાં ગુજરાતીમાં એમનાં નામ જ નથી મળતાં! ◖ વિષય-વૈવિધ્યની નજરે જોવા જશો તો આખો અંક તમને સમૃદ્ધ લાગશે. તમને પણ ઘડી મનોમન્થન ઊપજાવે એવી શ્રીરામ શર્માના 'શિકાર'ની આખરી કથા 'પાપની ગૂંચ', અને હમેશની સમૃદ્ધ માધુકરી ઉપરાંત ઝળકતાં નવરત્ન જેવી 'રત્નાવલી', 'કાર્ય'ની પ્રેરક પંક્ત્યાવલિ, તામિલ રંગોળીનો પરિચય—એવી એવી પુષ્કળ સામગ્રી અંકને ખૂણેખાંચરેથી મળી આવશે.


કુમાર
પોષ ૧૯૯૪
અંક ૧૬૯

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો · આર. આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, જાહેર ખબરના સોલ એજન્ટ ગાવળબ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



ગ્રામોત્સવ

ચિત્રકાર • રસિકલાલ પરીખ (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા) 'કુમાર' પોષ • ૧૯૯૪



ઊગી ઉષા


· વસંતતિલકા ·

આયુષ્યની અણપ્રીછી મધુપ્રેરણા શી
ઊગી ઉષા સુરભિવેષ્ટિત પૂર્વ દેશે,
આગંતુકે પુરમહેલ અગાશીઓમાં
ઊંચે રહી નિરખી મ્હાલતી પદ્મવેશે.
ને ટેકરીશિખર રંગપરાગછાયું
પ્રેરી રહ્યું ઉરમહીં નવલા જ ભાવ.
નીચે, ઉછાળી જરી ફેનિલ કેશવાળી
ઘુરોંટતો વિતરી જેમ પુરાણુ સિંધુ.

આગંતુકે નિરખી ટેકરી વીંટી ર્‌હેતી
લીલા શહેરતણી વિસ્તરતી સુદ્ધર;
ઊંચે સર્યો ક્ષિતિજધુમ્મસ ભેદી સૂર્ય.
કોલાહલો પુર તણા ચગવા જતા, ત્યાં
ગર્જી રહ્યો અતિથિનો પુલકંત આત્મા:
'આ ભૂમિનો બનીશ એક દિ' હું વિજેતા.'

ઉમાશંકર જોષી

હૅંગિંગ ગાર્ડન ઉપરથી દેખાતું મુંબાઇનું દૃશ્ય, તેને રંગપરાગ વડે છાઇ દેતી ઊગતી ઉષા અને એ ઉષા જેવી જ આયુષ્યની અણપ્રીછી મધુપ્રેરણા અંતરમાં ભરીને એ પુરુષાર્થનગરમાં આવેલો યુવાન અતિથિ . . . એ ત્રણ (સ્થળ, સમય અને વ્યક્તિ) એકઠાં થાય એટલે છેલ્લી લીટીમાંની મહત્ત્વાકાંક્ષા મ્હોર્યા વિના રહે ખરી?—બ.



આતિથ્યનું એક સુખદ સ્મરણ

● મુંબાઇના પ્રખ્યાત શિલ્પી મારા મિત્ર શ્રી વિનાયકરાવ કરમારકર મને ઘણી વાર તેમના ગામ સાસવણે લઇ જવા આગ્રહ કરી રહ્યા હતા, પણ એ આમંત્રણ પાછળની તીવ્રતા અને તેમના સાચા ગ્રામપ્રેમનો સાક્ષાત્કાર તો મને હમણાં જ થયો.

તારદેવ ઉપર તેમના અપ-ટુ-ડેટ વિશાળ સ્ટુડિયોમાં તૈયાર થતી પ્રચંડ આરસ પ્રતિમાઓના એ વિધાતા મને મુંબાઇના ભાઉના ધક્કે 'મોઝી આગબોટ કંપની'ની ફેરી ઉપર લઈ ગયા ત્યારે મહારાષ્ટ્ર અને મુંબાઇનો કેટલો નિકટ સંબંધ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો. અલીબાગ જિલ્લા અને કાંઠા પરની વસતિનો જે વહેવાર ત્યાં અખંડ ચાલ્યા કરે છે તેની ગુજરાતી જનતાને બહુ જ થોડી માહિતી હશે એમ લાગ્યું; કારણકે માત્ર પાંચ આનાની ટિકિટમાં એક કલાકની મઝાની દરિયાઇ સફર કરાવી આ ફેરી બોટો મુસાફરને અલીબાગ જિલ્લાના રેતાળ કાંઠા પર ઉતારે છે અને ત્યાં મુંબાઇના થાકેલા જીવને જે વિશ્રાંતિ ને આહ્લાદ આપે એવી કુદરત અને સાદી જિંદગીનાં અનુપમ દશ્યો બતાવે છે. તેનો લાભ લેનારા બહુ જ થોડા મુંબાઇગરા ગુજરાતીઓ છે. આગબોટનો કન્ડક્ટર વિનાયકરાવને રોજનો પરિચિત થઇ ગયો હતો. તેણે પહેલા ખબર એ આપ્યા કે બે દિવસ પહેલાં શ્રી મોરારજી દેસાઇ આ જ ફેરી (જયલક્ષ્મી)માં બેસીને મુંબાઇ આવ્યા હતા. તેમણે તે વખતે બોટ શણગારી હતી વગેરે વાતો કરી. અમારો કલાક તો દૂર થતું મુંબાઇ અને સામે દેખાતા કેરાળના ડુંગરા જોતાં સહજમાં વીત્યો. એ તરફ આંગળી કરતાં કરમારકર બહુ ગર્વથી પોતાનો મુલક ઓળખાવતા હતા: 'આ સામે દેખાય તે આપણે ચાંચિયાનો બેટ કહેવાય છે. આજે જે આંગ્રેજીવાડી કહેવાય છે તેનો મૂળ પુરુષ તેની પ્રસિદ્ધ ચાંચિયાગીરી કરતો ત્યારે ઇસ્ટ ઇન્ડિયા કંપનીનાં વહાણો તે બેટ પાસે ફરકી શકતાં નહિ.' આ બહારવટિયો કાઠિયાવાડમાં 'આંગડિયો ચાંચિયો' નામે ઓળખાતો. વિનાયકરાવ તો કહે, 'એ બેટ ઉપર તેનું પ્રચંડ પૂતળું મૂકાવું જોઇએ જેથી ઇતિહાસમાં એ શૌર્યકથાનું સ્મરણ રહે.'

અમે કિનારે ઊતર્યા એટલે જુદાંજુદાં ગામડાંઓ તરફ જતી મોટરબસો ઊભી જ હતી. સાસવણે જનારી બસ મુંબાઇની બસો આગળ સુદામાનું ગાડું લાગે. તેનો ડ્રાઇવર હરિ વિનાયકરાવનું માનીતું પાત્ર હતો. આ હરિ ત્રીસ વર્ષથી મોટરની નોકરીમાં છે. તેના હાથે કદી અકસ્માત થાય જ નહિ. ગામડાં પસાર કરતાં નાનાં છોકરાં પણ તેને ઓળખે. 'હરિ, જરા સામા ગામ સુધી બેસાડ ને!' એટલે હરિ મોટર ઊભી રાખી તેને ચડાવી લે. હરિને સૌ કામ સોંપે. તે પણ એ કરી લાવે. કોઇને માટેની દવા, લૂગડું કે બીજી ચીજ તેના હાથે બરોબર પહોંચે. વિનાયકરાવનું ગામ પાસે આવતું ગયું તેમ તે દરેક ખેતર અને જાગીરને ઓળખાવતા ગયા. વચમાં એક ઠેકાણે કાગળનાં તોરણોની શોભા કરેલી હતી તે બતાવી કહ્યું કે કાલે જ દસ ગામના લોકોએ મળી અહીં શ્રી મોરારજી દેસાઇને માન આપ્યું. કોઈ ગામની વચ્ચેથી મોટર જતી ત્યારે ગ્રામજીવન બરોબર દેખાતું અહીં અડોઅડ ઘરો તો કોઇ જ મળે નહિ. દરેક ઘર છૂટું છૂટું પોતાની જ જાગીર પર. કોઇ જ ઘર પાકું બાંધેલું નહિ. વાંસની ભીંતો પર લીંપણ કરેલાં અને ઉપર તાડનાં પાનથી છાએલાં. બ્રાહ્મણ, વૈશ્ય કે ઇતર કોમો સૌનાં ઘર સરખાં લાગે. 'સાસવણે આવ્યું કે અમે ઊતરી ગયા અને મોટર આગળ ગઇ.

આ જ સાસવણેમાં ગાંધીજી હમણાંની માંદગીમાં જાહુ પછી નિવાસ કરનાર હતા. ગામની વસતિ માત્ર ૧૦૦૦ માનવીની છે. પાકા રસ્તા તો શાના હોય? ગામનો મુખ્ય રસ્તો જેને વિનાયકરાવે 'અમારો હૅરિસ રોડ' કહ્યું તે તો બેઉ બાજુની જમીનથી નીચો એક બેલગાડી ચાલે એટલો જ પહોળો હતો. ગામનું દરેક માણસ વિનાયકરાવને ઓળખતું. કરમારકરે સિદ્ધિ, પ્રતિષ્ઠા ને સંપત્તિ મેળવી હોવા છતાં ગામના અદનામાં અદના માણસ માટે તેમનો પ્રેમ ઊછળતો હતો. તેમણે એકલાએ જ ત્યાં પાકું મકાન બાંધેલું હતું. મુંબાઇમાં તો એ મકાનની કોઈ કીંમત ગણે નહિ, પણ અહીં એક હવેલી જેવું લાગતું. બહુ જ સાદી રીતે પણ તેમાં હાલની બધી સગવડો એમણે કરી છે. નોકરોએ આવી માલિકને અને મહેમાનોને પ્રણામ કર્યા. સત્કાર વેળા નમસ્કાર કરવાની દક્ષિણી ઘરોની રીત ગુજરાતમાં હોય એવું હું જરૂર ઈચ્છું. ગૃહપત્ની પણ આવતાં જ નમસ્કાર કર્યા વિના ન રહ્યાં. એ નમસ્કારના વિધિ પછી એમણે મહેમાનો માટે જે આતિથ્ય તૈયાર રાખ્યું હતું તે મુંબાઇની બધી મજાઓને તુચ્છ બનાવે એવું હતું. ચા; ફરાળી ચીજો ઘરની જ બનાવેલી. રકાબી ભરતાં તેમણે મોરારજી દેસાઈ આવ્યાની વાત કરી. તેમાં જણાવ્યું કે દેસાઇએ મરાઠી ભાષણ કર્યું હતું અને સૌને સમજાવ્યું હતું. પણ વિનાયકરાવ તો પૂછતા કે 'પેલો સાહેબ જેવો થઇ ફરતો અને સ્વરાજને ગાળો દેતો, તે આવ્યો હતો કે?' 'હાસ્તો, એ તો કલેક્ટરની પાછળ ખેંચાતો આવે જ ને? પણ આ વખતે ભાઇ પાઘડી પહેરીને આવ્યા હતા!' ગામડાની શાંત જિંદગીનો સહવાસ આવી રીતે જાળવી રાખનારા કોઈક જ મુંબાઈગરા હશે. વિનાયકરાવ અઠવાડિયામાં બે ત્રણ દિવસ અહીં ગાળે છે જ.

તેમનું મકાન દરિયાકાંઠે જ છે, પણ અહીં કાંઠાની બધી

જમીનનાં પાણી મીઠાં, એટલે સુંદર ફળવાડીઓ ને વૃક્ષઘટાઓ જામી છે. એમની વાડીમાં આંબા, જમરૂખ, કેળ, નારિયેળીનાં ઝાડ હતાં. વાડીના રખવાળે લીલાં નારિયેળનાં પાણી પાયાં.

પછીનો વખત ઘરમાં વિશ્રાંતિ લેતાં, દેશમાં કલાપ્રચાર અને શિક્ષણ માટે કોઇ વ્યાપક યોજના ઘડવામાં અમે રોકાઇ પડ્યા. મુંબાઇ આર્ટ સોસાઍટીના સેક્રેટરી શ્રી વી ઍાક પણ મારા સાથી મહેમાન હતા. પૂર્વાપરનો ઇતિહાસ કહેતાં ને વાતો કરતાં એક વાગ્યે ભોજન લીધું. આવી મહેમાનગત માટે શ્રી કરમારકર અનેક મિત્રો અને પ્રસિદ્ધ પુરુષોને સાસવણે વારંવાર ખેંચી લાવતા હશે એમ જણાયું.

સાંજે ચાર વાગ્યે બારણા આગળ રખેવાળે એક બેલ-ગાડી ખડી કરી દીધી. વિનાયકરાવે કહ્યું, 'ચાલો ભાઇ, અમારી ગામડાની મોટર તૈયાર છે, એટલે ક્વીન્સ રોડ ઉપર ફરવા જઇએ !' તે પર સવાર થઇ અમે થોડે ચાલ્યા ત્યાં ગામનું



રામજીમંદિર આવ્યું. ત્યાં ગાડી ઊભી રાખી કરમારકરે તેમનાં નાનપણનાં સ્મરણની એ જગ્યા ગૌરવથી બતાવી. એની ભીંતો પર પોતે ચિત્ર કાઢેલાં તે જોઈ મિ. રૅાથફીલ્ડે તેમને બોલાવી સ્કોલરશીપ અપાવી એ વાત કહી. બાજુના ઘરમાંના એક બ્રાહ્મણ ગૃહસ્થને બહુ ભાવથી પ્રણામ કરીને અમારો પરિચય કરાવ્યો. એ ગૃહસ્થ ભલભલા ઑફિસરોને ભૂલ બતાવતાં અચકાતા નહિ એટલા મહેસુલી વહીવટના જાણકાર હતા; પણ એંશી વર્ષનું જીવન આખું એ પર્ણકુટિમાં વીતાવેલું. પગે પડતાં પવિત્ર થઈએ એવા એ વૃદ્ધ પુરુષ હતા. સાદાઈ અને પ્રભુતાનો જાણે નમૂનો.

આગળ જતાં એક તળાવ આવ્યું. તેનો વૃત્તાંત કહેતાં શ્રી કરમારકરે પોતાના જીવનની બીજી બાજુ જ બતાવી. બે ત્રણ વર્ષ પહેલાં ઢોરોને પાણીનું દુઃખ પડે એવો વખત દેખાયો. એક નાનું તળાવ હતું તે ઓછું પડતું હતું અને મોટા તળાવની જરૂર હતી. શું કરવું તેની ગામને ચિંતા પડી. રૂપિયા બે હજાર હોય તો જ કામ થાય, પણ તે આપે કોણ? કોઇ ફાળો આપવા રાજી નહોતું. વિનાયકરાવે એ પ્રશ્ન હાથમાં લીધો અને ઠરાવ્યું, દરેક ઘેરથી એક એક માણસ મોકલી તે ખોદી કાઢવું; પણ કોઇ આગળ ન આવ્યું. એટલે ઠરાવ્યું કે દરેક નાતે વારાફરતી અમુક ભાગ ખોદી આપવો અને તેમાં બ્રાહ્મણ જ્ઞાતિને લઇને પોતે પહેલ કરી. ઊંચી સ્થિતિમાં આવેલા છતાં એ તરુણ કલાકારે ગામની સેવા માટે જાતે કોદાળી પાવડો લઇ ખોદવા માંડ્યું ને તેનાં લક્ષ્મી સમાં પત્નીએ તગારાં ઊંચક્યાં.

ગામ ઉપર આની જાદુઇ અસર થઈ અને વારાફરતી છ કોમે એ મળી એ આખું તળાવ ખોદી નાખ્યું. પાઇનો યે ખર્ચ ન થયો અને સ્વાવલંબનના અજબ દૃષ્ટાંત સમું એ તળાવ આજે કમળોનાં ફૂલોભર્યું મેં જોયું. જોતાં મને રમણલાલ દેસાઇની 'ગ્રામલક્ષ્મી' યાદ આવી. લેખકનાં કથનો જગતમાં ક્યાંક પણ સત્ય ઠર્યાં. વિનાયકરાવ 'કલાકાર કે સંસારી?' એ પ્રશ્ન અને એ મથાળાની મારી એક વાર્તા મન પર ચડી આવ્યાં. મેં એ વાત એમને કહી ત્યારે એ બહુ તાજુબ થયા. મારી વાતનાં પાત્રો પણ મને સત્ય રૂપે જીવતાં હોય એમ લાગ્યું.

તેમણે તો ગામની આસપાસ વાડીઓ જ વાવવા માંડી હતી. એ કહે કે દસ વર્ષ પછી હું મુંબાઇમાં રહેવાનો જ નથી. અહીં આવીને જીવનમાં જે બનશે તે કરીશ. આવો શુદ્ધ અને પ્રબળ સંકલ્પ થોડામાં હશે

અમે ફર્યા. ટેકરાઓ પર ચડી ગામને બાથ ભરતો સાગર જોયો; વિસ્તરતી વાડીઓ જોઇ. સામે જ મુંબાઇના દીવા જોયા, છતાં આ ગામ તો સતયુગના તપોવન જેવું અલિપ્ત જ લાગ્યું. કરમારકર કહે, 'ગામમાં પોલીસ જ નથી. કોઇની ચોરી થતી નથી. દૂર માછીમારોની વસતિ છે. તેઓ હિંદુ છે, સશક્ત છે, પ્રમાણિક અને મહેનતુ છે. હું તેમને નાનપણમાં ગણપતિ કરી આપતો. આજે પણ તેઓ મારા પર બહુ ભાવ રાખે છે. અમારી નાતને એક વાર વહાણોમાં બેસી સામા ટાપુમાં યાત્રા માટે જવું હતું, તે વખતે એ બધાએ ભાવપૂર્વક વહાણો શણગાર્યાં અને ઉત્સવ કર્યો. અમારી સાથે તેમને જમવા નોતર્યા. એ બધામાં અમારા ગામનું અભિમાન છે, પ્રેમ છે.

ઉજ્જ્વલ ગ્રામસેવા સાથે વિનાયકરાવના પિતૃસંતર્પણનું એક અનોખું દૃષ્ટાંત પણ મેં અહીં જાણ્યું. તેમના સ્વર્ગસ્થ પિતા સંગીતના બહુ જ પ્રેમી હતા અને સારા ગવૈયાઓનાં ગાન સાંભળવાનો તેમજ જલસા કરવાનો તેમને શોખ હતો; એટલે આજે પણ તેમની શ્રાદ્ધ-સંવત્સરીને દિને વિનાયકરાવ કોઇ પણ સુપ્રસિદ્ધ ગાયકને 'પત્રંપુષ્પં' પુરસ્કાર આપીને પોતાના આ ગામડે તેડી લાવે અને રાત્રે સંગીતનો જલસો

કરી આખા ગામને નોતરે છે. આજે તો ભાગ્યે જ કોઇ નામાંકિત ગવૈયાને આ ગામ ઓળખતું નહિ હોય; અને પરિણામે તેમનામાં સંગીતનો પણ સારો પ્રેમ વિકાસ પામ્યો છે. વિનાયકરાવ મહારાષ્ટ્રના જ નહિ પણ સારા હિંદુસ્તાનના એક નરરત્ન છે એમ કોઈ પણ કહે.

સ્વ. ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા

ગુજરાતની અભિનવ સંસ્કૃતિ અને ગૌરવની જ્યોતને સચેત કરવાનો નૂતન યુગના જે યુવાનોએ પહેલો પ્રયાસ કર્યો તેમાં સ્વ. ચંદ્રશંકર પંડ્યાનું નામ તરી આવે છે. પ્રો ગજ્જર ગુજરાતનું પ્રેરણાધન હતા તે વખતે ગુજરાતની અસ્મિતાની ઝાંખી કરનારા-કરાવનારા સ્વ. રણજીતરામની સાથે ચંદ્રશંકર પંડ્યાનું નામ જોડાએલું જ રહેશે. મુંબાઇની ગુર્જર સભાના મંત્રી તરીકે એમણે પોતાના યુગના તરુણોમાં સાહિત્યવિષયક અને રાજકીય જાગૃતિનું કામ કરવામાં જે ફાળો આપ્યો છે તેવો કોઇ યુવાન મંત્રીએ આપ્યો નથી. પૂછો શ્રી હીરાલાલ અંજારિયાને, શ્રી મનસુખલાલ માસ્તરને કે શ્રી કનૈયાલાલ મુનશીને. સ્વ. વિભાકરે આજે નથી ને સ્વ. રણજીતરામે ય નથી; પણ એ બધા મંડળના ધ્રુવ તારક જેવા લાગતા એ વખતના ચંદ્રશંકર પંડ્યાની જ્યોત કોઇ અજબ હતી. મુંબાઇની એકેએક સભા અને એકેએક મંડળ સાથે એમને સારો સંપર્ક અને લાગવગ હતાં. શું હાઇકોર્ટની દુનિયામાં કે શું ગુજરાતી સમાજમાં, ચંદ્રશંકર પંડ્યાની હાજરી હાસ્ય, સ્નેહ અને મધુરતા રેલવતી. એમનાં ભાષણો સૌનું સમર્થન કરતાં; ન કોઈને દુણતાં કે દુભવતાં. પોતાની લાગવગ અને પૈસાથી પણ તે પોતાની પાસે આવતા વિદ્યાર્થીઓ, મિત્રો ને અતિથિઓને તદ્દન નિખાલસપણે [illegible]કૃત કરતા. ચાઇનાબાગનું એમનું ઘર એવાઓનો એક અખાડો જ થઇ પડ્યું હતું. એમની એ નિખાલસતાનો ગેરલાભ લઇ જનાર પણ ઘણા નીકળતા, છતાં એમણે પોતે એ ઓછી થવા ન દીધી. છેવટે એમની શારીરિક અશક્તિ અને બેકાર જીવનના દિવસોમાં એ જ નિખાલસતા દૂષણ રૂપ ગણાઇ. જાહેર તેમજ ખાનગી વિરોધ ધરાવતી વ્યક્તિઓ અને મંડળોની વચ્ચે સ્વ. ચંદ્રશંકર પોતાની સ્નેહમાળ જપ્યા જ કરતા; પણ સંપ, સ્નેહ અને સદ્ભાવ ફેલાવવાનાં એમના સ્વપ્નાં અફળ રહ્યાં. થીઓસૅાફી ને હોમરૂલના યુગ સુધી તે અનેક ક્ષેત્રોમાં ઘૂમ્યા; પણ તેમની અતિપ્રવૃત્તિની અતિશયતા પર કોઈ અંકુશ મૂકનાર ન મળ્યું, એટલે દમના વ્યાધિનો ઉપદ્રવ તેમના પર ઘર કરી બેઠો અને તે કદી આરામ પામ્યા નહિ. ધંધો, સમાજ અને તેમની પ્રિય પ્રવૃત્તિઓ સાહિત્ય તથા વક્તૃત્વ એમને જતાં કરવાં પડ્યાં. ગુજરાતનું રાજકીય ક્ષેત્ર ખેલવા જેવું જાગ્યું ત્યારે એમને માટે મૂંગાનું સ્વપ્ન રહ્યું. એમના પરિવારને એમના અવસાનથી જે દુઃખ થયું છે તેમાં ગુજરાતની સહાનુભૂતિ હોય એ સહજ છે. એ સ્નેહતૃષાર્ત ગુર્જરીભક્તના આત્માને શાંતિ મળો.

ર. મ. રા.

એક સ્વપ્નસેવી સરમુખત્યાર

ધાંધલ નહિ, ધાંધાટ નહિ, શક્તિસંપન્ન હોવાનો દાવો નહિ કે રાજકારણનો ઊભરો ઠાલવવાનો ધક્કા નહિ. અને છતાં યે દેશને કારણે કોઇ પણ પ્રકારનો ભોગ આપવામાં પાછી પાની નહિ કે પોતાના વિરોધો ને શંકાઓ છડે ચોક જાહેર કરવામાં કશો અંદેશો નહિ.

આવો એ અનોખો સરમુખત્યાર તે આયર્લંડની જુવાનીની આશા અને ઇંગ્લંડની કાયમી આડખીલી એમન દ વેલેરા. આયર્લંડે એને સર્વમુખત્યારની કુલ સત્તા સોંપી હોવા છતાં એ નથી હિટલર કે મુસૅાલિની બન્યો કે નથી સ્ટાલિનની ઠંડી ક્રૂરતા એણે અપનાવી. વાણીસ્વાતંત્ર્યનો એ ચુસ્ત અનુયાયી છે ને દોસ્ત કે દુશ્મન બધાને તેણે એ બાબતમાં સરખો હક આપ્યો છે.

જર્મનીનો હિટલર જેમ જન્મે ઑસ્ટ્રિયન છે, રશિયાનો સ્ટાલિન જ્યૉર્જિયન છે, ઑસ્ટ્રિયાનો શુસ્નિગ ઇટાલિયન છે ને તુર્કીનો કમાલ ગ્રીક છે, તેમ આયરિશ પ્રજાસત્તાકનો આ સ્વપ્નશિલ્પી જન્મે અમેરિકન છે; ને આયર્લંડની આઝાદીની ઝુંબેશમાં એનો ફાળો અધિકતર હોવા છતાં હજુ એવો એક વર્ગ રહ્યો છે, જે એને પરદેશી માને છે. ઇ.૧૮૮૨માં ન્યૂયૉર્ક શહેરમાં એ જન્મેલો. એનો બાપ સ્પેનિયર્ડ હતો, માતા આયરિશ. એનું જન્મનું નામ તો એડવર્ડ, પણ એનું ગેલિક અપભ્રંશ એમન થઇ ગયું છે.

એની બે વર્ષની વયે જ પિતાનું અવસાન થતાં માતાએ તેને દક્ષિણ આયર્લંડમાં એની નાનીને ત્યાં રહેવા મોકલાવી આપ્યો. મામાની સંભાળ નીચે એ ઉછર્યો ને બ્લૅકરૉક કૉલેજમાં શિક્ષણ મેળવ્યું. રૅાયલ યુનિવર્સિટીમાંથી બી. એ. ની ડીગ્રી મેળવી થોડો વખત પોસ્ટખાતામાં અને સિવિલ સર્વિસમાં નોકરી મેળવવા પ્રયાસ કર્યો, પણ તેમાં નિષ્ફળ જતાં છેવટ તે ગણિતનો શિક્ષક બન્યો.

અને શિક્ષક તરીકેની એ યોગ્ય જ તક તેને મળી ગઈ હતી. કારણ, ઇંગ્લંડની ધૂંસરી ફગાવી દેવા અકળાઇ ઊઠેલા આયર્લંડમાં ત્યારે ખુલ્લું પ્રચારકાર્ય



આયર્લેંડ હવે 'આયરિશ ફ્રી સ્ટેટ' મટી ગયું છે. તેના નવા રાજબંધારણ મુજબ એ રાષ્ટ્ર 'આયર'ને નામે ઇંગ્લંડને પડખે અને તેના કશા સંબંધથી વિમુક્ત સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઊભું થયું છે. એ પ્રસંગે એના સરજનહારનું આ ચરિત્ર સમયોચિત ગણાશે.

એક નૂતન રાષ્ટ્રનો સરજનહાર

એમન દ વેલેરા

કરવું અશક્ય હોઈ, શિક્ષણ દ્વારા જ સ્વદેશભાવના જગાડી શકાય તેમ હતું.

એ સ્વદેશભાવના ઇંગ્લંડની વિરુદ્ધ સુરંગની ગરજ સારતી ધામેધામે વધતી જઇને છેવટે ફાટી નીકળી. ૧૯૧૬ની સાલનું એ ઇસ્ટર સપ્તાહ હતું, જ્યારે ડબ્લિનની જનરલ પોસ્ટ ઑફિસમાં પોતાનો મુકામ રાખી, શિર સાટે સ્વતંત્રતા મેળવવા આયર્લેંડના શિક્ષકો મેદાને પડેલા. ઑટોમૅટિક પિસ્તોલોના ધડાકાથી ડબ્લિનની શેરીઓ ધ્રૂજી ઊઠી હતી ત્યારે દ વેલેરા એક સ્વયંસેવક-ટુકડીને દોરી રહ્યો હતો. એ મૂઠીબંધ માણસો સાથે એણે ડબ્લિન પાસેનું અગત્યનું મથક 'બોલાન્ડ્સ મિલ્સ' સર કર્યું. બ્રિટિશોને ડબ્લિન પહોંચવા માટેનો એ જ રસ્તો હતો ને એ રસ્તે જેવી બ્રિટિશ ટુકડીઓ નીકળી કે દ વેલેરા ને તેના આ માણસોએ તેની ભયંકર ખાનાખરાબી કરી. આયરિશ રીપબ્લિકન આર્મીના સંચાલનમાં આ ગણિત-શિક્ષકની બુદ્ધિ પ્રમાણિત થઈ ચૂકી હતી, અને બ્રિટિશોને આ ટાંકણે તેની પ્રત્યક્ષ પ્રતીતિ થઇ.

પણ કમભાગ્યે ૧૯૧૬નું એ ઉત્થાન નિષ્ફળ નીવડ્યું. ડબ્લિન શરણે થયું. દ વેલેરા મક્કમ હતો, પણ ઉપરીઓના કહેણને એણે માન્ય રાખ્યું. બોલાન્ડ્સ મિલ્સમાંથી બહાર આવી શરણે થતો તે

જે આયર્લંડની જુવાનીની આશા છે, ઈંગ્લંડની કાયમી આડખીલી

બોલ્યો, 'ચાહે તો મને ગોળીએ ઉડાવી દો, પણ મારા માણસોને જવા દેજો.'

એને પકડવામાં આવ્યો. શરણે જનાર એ છેલ્લામાં છેલ્લો નેતા હતો. કોઇ ઉપાય ન રહ્યો ત્યારે જ એણે ગિરફ્તારી સ્વીકારી, અને એ ગિરફ્તારી નજરે જોનારા આયરિશો પર એના વીરત્વ અને ખાનદાનીએ ઊંડી અસર પાડી. એને લઇને જ લોકપક્ષની લાગણી પ્રથમ વાર એના પ્રત્યે ઊલટી. અમેરિકન નાગરિકત્વને લીધે એ ફાંસીએ ચડતો બચી ગયો, પણ જન્મકેદની સજા તેના પર ઠોકવામાં આવી ને એ ડાર્ટમૂરની જેલમાં પુરાયો.

બ્રિટનને અમેરિકન નાગરિકત્વના સંરક્ષણની ચશમપોશી કરવાનું મોટામાં મોટું કારણ એ હતું કે મહાયુદ્ધમાં અમેરિકાને મિત્રરાજ્યોને પડખે સંડોવવાનો તેનો ઇરાદો હતો, અને આયરિશ લોકમત પોતાને પડખે લાવવાની પણ તેની કામના હતી.

આ ઉત્થાન બાદ દ વેલેરાના સમકાલીન કાર્યકરો એક પછી એક કાં તો બ્રિટિશ સૈનિકોની બંદૂકોનો કે કાં તો ખુદ આયરિશ લોકોની પિસ્તોલોનો ભોગ બની ચૂકયા. પીટર્સ અને કૉનોલીને ફાંસી આપવામાં આવી, માયકેલ કૉલિન્સ એક આયરિશની ગોળીનો ભોગ બન્યો અને ગ્રિફિથ આયરિશોમાં જાગેલા એ પારસ્પરિક વિગ્રહના આઘાતથી જ અવસાન પામ્યો. બચ્યો માત્ર એક દ વેલેરા. અને તેના બચાવે જ તેની અજીત નેતાગીરીના શ્રીગણેશ માંડ્યા.

ઇ.સ.૧૯૧૭ની સાલમાં આયરિશ પ્રજાના સામૂહિક પોકારને તાબે થઇ, ઇંગ્લંડને તમામ રાજદ્વારી કેદીઓને મુક્તિ આપવી પડી. એ મુજબ દ વેલેરા પણ જૂનની ૧૫મીએ છૂટ્યો, ને એ છૂટકારા સાથે જ 'સીન ફીન'ના નવા નામે રીપબ્લિકન પાર્ટી ઊભી કરવાના પ્રયાસમાં લાગી ગયો. સીન ફીનનો એ પ્રમુખ થયો ને ઇસ્ટ કલેર વિભાગ તરફથી એ સીન ફીન એમ. પી. ચૂંટાયો, પણ વેસ્ટમિન્સ્ટરની ખુરશી શોભાવવાને બદલે એણે પ્રજાસત્તાકનો જ પ્રચાર કરવા માંડ્યો. પરિણામે આયરિશ પ્રજાસત્તાક ઊભું થયું, ડબ્લિનમાં તેની ડેલ (પાર્લામેન્ટ) પણ ઊભી થઇ અને દ વેલેરા તેનો પ્રથમ પ્રમુખ ચૂંટાયો.

પણ ઇંગ્લંડ દ વેલેરાને જંપવા દે એમ ન હતું. ૧૯૧૮માં જ, લશ્કરી બળના ઉપયોગ વડે આયર્લૅંડમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન કરતો હોવાનો આરોપ તેના પર મૂકી, બ્રિટિશ ચીફ સેક્રેટરીએ તેને ગિરફ્તાર કર્યો ને ફરી વાર દ વેલેરા લિંકન જેલની દીવાલો પાછળ ગોંધાયો.

એ ગિરફ્તારીને બીજે જ વર્ષે માયકેલ કૉલિન્સ અને હૅરી બોલાન્ડના તેને છોડાવવાના પ્રયાસો સફળ નીવડ્યા. એ છૂટકારા માટે, કહેવાય છે કે, દ વેલેરાએ પોસ્ટકાર્ડ ઉપર એક દારૂડિયો એક તાળામાં જબરી કૂંચી ભરાવતો ચીતરીને પોતાના મિત્રોને મોકલાવેલો. એ કાર્ડ સેન્સરમાંથી પણ પસાર થઇ ગયો! વાસ્તવિક રીતે એ જેલખાનાની કૂંચીનું ચિત્ર હતું. બીજી વખત એક નાની કૂંચીનું ચિત્ર એ જ રીતે મોકલાવી આપ્યું. એ બંને ચિત્રો પરથી એક કૂંચી ઊપજાવી તે જેલમાં મોકલવામાં આવી, પણ એ લાગુ થઇ નહિ. આથી દ વેલેરાએ એક નવી તરકીબ યોજી. મીણબત્તીના એક ટુકડામાંથી તેણે ચાવીનો આબેહૂબ ઢાળ બનાવી, ચોરીછૂપીથી મોકલાવી આપ્યો. આ તરકીબ આબાદ પાર પડી. નાસ્તાના એક કેકમાં તેને ચાવી અને કાનસ પહોંચાડવામાં આવ્યાં ને એક ખુશનુમા સાંજે ફાયરમૅનના વેષમાં તે જેલમાંથી છટકી નીકળ્યો.

બ્રિટિશ પોલિસ તેની શોધમાં આખું ઇંગ્લંડ ને આયર્લૅંડ ખૂંદી વળી. તે માંચેસ્ટર પહોંચ્યો ને એક પાદરીને ત્યાં સંતાઇ રહ્યો. તે ત્યાં પ્રવેશ્યો ત્યારે એ પાદરી બાઇબલમાંનું આ વાક્ય જ વાંચી રહ્યો હતો: 'Knock, and it shall be opened to you'! ત્યાંથી લિવરપૂલ જઈ મહામુશ્કેલીએ તે ડબ્લિન પહોંચી ગયો. વહાણમાં ડિટેક્ટીવોની તપાસ વખતે તે બટાટાનાં ઢગલામાં ગૂંગળાતો સંતાઇ રહ્યો હતો.

ઈ. ૧૯૧૯ની સાલમાં આયરિશ પ્રજાસત્તાકના એ આરાધ્ય 'ડેવ' ડબ્લિનમાં પગ મૂક્યો ને ફરી આયર્લૅંડના ઇતિહાસે પલટો ખાધો. અમેરિકાનો પ્રમુખ વિલ્સન એ વખતે પારીસમાં પોતાના ચૌદ મુદ્દાઓને મહાવિગ્રહનો અંત આણતી સંધિ તરીકે શી રીતે ગોઠવવા તેનો પ્રયાસ કરી રહ્યો હતો. આયર્લૅંડનો પ્રશ્ન તેને બહુ ગૂંચવતો હતો. એણે એક ડેલીગેશન

આયર્લેંડ મોકલ્યું ને દ વેલેરાએ આયરિશ પ્રજાસત્તાકના પ્રમુખ તરીકે તેની મુલાકાત લીધી. સુલેહ પરિષદમાં એક સીન ફીન પ્રતિનિધિ લેવાની તેણે માગણી કરી, પણ વિલ્સને ગ્રેટબ્રિટનની શેહમાં તે માન્ય ન રાખી. જોકે તેનું હૃદય કબૂલ કરતું હતું કે દરેક રાષ્ટ્રને આત્મનિર્ણયનો હક હોવો જોઇએ.

વિલ્સન ભલે નામુકરર ગયો, પણ આયર્લેંડને અમેરિકામાં હજુ શ્રદ્ધા હતી. દ વેલેરા સીધો ત્યાં ઉપડયો ને એ શ્રદ્ધા તેને ખરી પડતી લાગી. ઉપરાઉપર ત્યાં 'વુલ્ફટોન એસોસીએશનો' ને 'ફ્રેંડ્સ ઑવ આયરિશ ફ્રીડમ' સ્થપાવા લાગ્યાં. એટલી જ અસંખ્ય 'રોબર્ટ ઇમેટ એસોસીએશનો' પણ સ્થપાઇ. આયરિશ પ્રજાસત્તાકના પ્રમુખ તરીકે દ વેલેરા આખું અમેરિકા ફર્યો, ભાષણો આપ્યાં, આયરિશ ક્રાન્તિનાં કારણો સમજાવ્યાં અને તેની તરફેણમાં નાણાંની પુષ્કળ સહાય મેળવી. આયરિશ ક્રાન્તિના મૂર્તિમંત સ્વરૂપે એણે કરેલી એ રખડપાટે તેના ચહેરાની રેખાઓ બીલકુલ સ્પષ્ટ અને ભાવવિહીન બનાવી મૂકી, અને ફિલિપ ગ્રાડેલાના કથન મુજબ, કદાચ એ વર્ષોમાં જ તે હસવાનું યે ભૂલી ગયો.

આયર્લેંડ હજુ લોહીની નીકોમાં નાહી રહ્યું હતું. એ સ્થિતિ કયાં સુધી લંબાત તે કહી શકાય તેમ ન હતું. પણ લૉઇડ જ્યૉર્જે દ વેલેરાને ઇંગ્લંડ બોલાવી તેની સાથે મસલત કરી. આયર્લેંડ સાથે સંધિ કરવાની તેની મુરાદ હતી. એ મુરાદ તો બર ન આવી, પણ એ મસલતને પરિણામે દ વેલેરા આયર્લેંડમાં રહી શકયો.

આયર્લેંડમાં તેના પુનરાગમન સાથે જ દક્ષિણ આયર્લેંડના સીન ફીન ડેપ્યુટીઓની બનેલી 'ડેલ આયરિયને' (Dail Eireann) એને પ્રમુખ ચૂંટી કાઢયો. એણે તરત પોતાના સાથીદારો એકઠા કરી તેને નૅશનલ ઍસેમ્બ્લીનું સ્વરૂપ આપી દીધું. ઇંગ્લંડના રાજાના નામે સોગંદ લેવાનો ઇન્કાર કર્યો ને આયરિશ સ્વતંત્રતાની જાહેરાત કરી. ફરી આંતરવિગ્રહ જાગ્યો. 'બ્લૅક ઍન્ડ ટૅન્સ' તથા આયરિશ રાષ્ટ્રવાદીઓ અંદરોઅંદર કત્લ થવા લાગ્યા. આખરે ૧૯૨૧માં કામચલાઉ સંધિને પરિણામે આ કત્લ અટકી ને પાંચ મહિનાની વાટાઘાટ બાદ જુલાઇ માસમાં સંધિ (Irish Treaty) થઇ. લૉઇડ જ્યૉર્જે ઘડેલા ખરીતા પર



દ વેલેરા ૧૯૨૩માં પોતાના સીન ફીન સાથીઓ સાથે

ગ્રિફિથ અને કૉલિન્સે સહીઓ કરી. આયર્લેંડને સાંસ્થાનિક સ્વરાજ આપવામાં આવ્યું, પણ અલ્સ્ટરનો પ્રાંત નોખો પાડી નાખવામાં આવ્યો.

દ વેલેરાએ એ સંધિ નામંજૂર કરી. તેનું કહેવું એ હતું કે લૉઇડ જ્યૉર્જે યુદ્ધની ધમકી આપી એ સંધિ કરાવી હતી. એના પક્ષમાં આથી ફૂટ પડી, એના અનુયાયીઓ અલ્પસંખ્ય બની ગયા. એણે ડેલના સભ્યો જ્યાં સુધી ઇંગ્લંડના રાજાને નામે સોગંદ ખાય ત્યાં સુધી તેમાં બેઠક ન લેવાનું જાહેર કર્યું, પરંતુ ૧૯૨૭ના જૂનમાં કૉસગ્રેવની સરકારે બિલ પસાર કર્યું કે ડેલના ઉમેદવારો જો ચૂંટાય તો તેમણે ફરજિયાત તેમાં બેઠક લેવી. દ વેલેરા ને તેના ૪૩ સાથીઓને આથી ફરજિયાત ડેલમાં બેઠકો લેવી પડી.

અને આથી તેના દઢાગ્રહે પણ વધુ જોર પકડયું. નવી ચૂંટણીમાં તેના સાથીદારોની સંખ્યા ૫૭ની થઇ. ૧૯૨૭માં તેણે પોતાની 'ફિયાના ફેલ' નામની નવી પાર્ટી ઊભી કરી, ને મવાળ સીન ફીન અને સામ્યવાદીઓથી બચાવી, આયરિશ તરુણોને પોતાના પક્ષમાં લીધા. ધીમેધીમે ડેલના વિરોધી નેતા તરીકે તે વધુ ને વધુ પરિબળ મેળવતો ગયો, અને આખરે ૧૯૩૨



એ ગૅલિક લીગમાં હતી ત્યારે દ વેલેરાનો એને ભેટો થયો. તેની આયરિશ ભાષાની એ શિક્ષિકા બની ને વર્ષો પછી એને પરણી. દ વેલેરાની સ્વાશ્રયી ને ઘરરખુ ગૃહિણી—જેની ઑ'ફ્લાનાગેન

માં લેબર પાર્ટી સાથેની તડજોડથી બહુમતી મેળવી, કૉસગ્રેવને પદભ્રષ્ટ કરી, એણે આયરિશ ફ્રી સ્ટેટનું પ્રમુખપદ મેળવ્યું. એ જ વર્ષે લીગ ઑવ નેશન્સનો પણ એ પ્રમુખ ચૂંટાયો. બસ, ત્યારથી આયર્લંડનું ભાગ્ય તેને સુપ્રત થયું છે ને ત્યારથી તે ઈંગ્લંડ સામે જેવા ને તેવા મોરચા માંડી ઊભો રહ્યો છે.


છ સંતાન અને પત્ની જેની ઓ'ફ્લાનાગેન સાથે કૉસ ઍવેન્યુ પરના એક સાદા મકાનમાં દ વેલેરા હાલ રહે છે. ૧૯૩૨ સુધી તો કોઇ નોકર પણ એણે ન રોકેલો, ને અત્યારથી પણ નાના ઘરમાં એ રહેતો. બધું ઘરકામ ત્યારે એની પત્ની સ્વહસ્તે કરી લેતી. તેની સ્મરણશક્તિ બહુ અજબ મનાય છે. એ ગૅલિક લીગમાં હતી ત્યારે જ દ વેલેરાનો એને ભેટો થએલો. તેની એ આયરિશ ભાષાની શિક્ષિકા બની, ને વર્ષો જતાં તેની સાથે જ એ લગ્નથી જોડાઇ. એ સંપૂર્ણ ઘરરખુ ગૃહિણી હોઇ દ વેલેરાનું કુટુંબ જાહેરજીવનથી એકાત જ રહ્યું છે એમ ગણી શકાય.

આયરિશ જનતાએ દ વેલેરાને 'ડેવ'નું લાડકું નામ આપ્યું છે. જવલ્લે જ કોઇ રાજદ્વારી પુરુષ પ્રજાનો આવો અંતેવાસી બનવા ભાગ્યશાળી બને છે. જુવાનીમાં એ પ્રથમ કક્ષાનો રગર–ખેલાડી હતો, અને આજ પણ એ ચુનંદો ઘોડેસવાર છે. હજુ યે ગણિતમાં એ પુષ્કળ રસ લે છે ને શતરંજનો ખૂબ શોખીન છે. કોઇ જાતનું વ્યસન એને નથી. દેખાવમાં તો હજુ જરીપુરાણા ગણિતશિક્ષક જેવો જ છે. લાંબું નાક, શરીરને કદી પણ બંધબેસતાં ન થાય એવાં કપડાં અને વાત કરતાં હાથના ચાળા કરવાની ટેવ સાથે તેનું ઠંડું વ્યક્તિત્વ અને શાશ્વત ગાંભીર્ય આ વાત પુરવાર કરે છે. રાજકારણ જેમ જ જીવન પ્રત્યેની તેની નજર પણ ગભીરતાભરી છે.

ઇંગ્લંડ તરફ તેની નજર કંઇક અનોખી જ છે. તેને એનાથી તદ્દન જ છૂટાછેડા જોઇએ છે. એની જિંદગીની પણ એ જ એકની એક મહેચ્છા છે. બ્રિટનની દરેકે દરેક ચીજ તેને મન દ્રોહી છે. તેણે થોડા સમય પર ડેલમાં મૂકેલો પ્રસ્તાવ હાલમાં જ અમલમાં આવતાં હવેથી દરેકે દરેક આયરિશને બ્રિટિશ નાગરિત્વ પણ ફરજિયાત રદ કરવું પડશે.

કશાં સુશોભનો કે સેક્રેટરીઓની ફોજ વિનાના, માત્ર 'પ્રેસિડેન્ટ' એટલા જ કાળા અક્ષરો લખેલી પોતાની ઑફિસમાં ઘણી વખત તો મધરાત સુધી તે કામ કરતો બેસી રહે છે. પૈસાથી એ તદ્દન બેદરકાર છે. પોતાનો પગાર એણે ૨૫૦૦માંથી ઘટાડી ૧૫૦૦ કરી મૂકયો છે. કશી ખાનગી મિલકત એણે નથી રાખી કે નથી કશી ખરચાળ ટેવ એણે પાડી.

જાણીતા અંગ્રેજ લેખક જૉન ગંથરે લીધેલી દ વેલેરાની મુલાકાતનો એક પ્રસંગ અહીં નોંધવા જેવો છે: ગંથરે વાતમાં ને વાતમાં ગ્રેટબ્રિટન અને આયર્લંડ માટે 'બ્રિટિશ ટાપુઓ' શબ્દ વાપર્યો. જોકે એણે તો તે અજાણપણે ભૌગોલિક સંજ્ઞા રૂપે જ એ વાપર્યો, પણ દ વેલેરાના ધ્યાન બહાર તે ન રહ્યો. તરત એણે ભૂલ સુધારી, અને આયર્લંડ અને 'બ્રિટિશ ટાપુઓ' વચ્ચેનું અંતર સમજાવ્યું. ફરીવાર એવું સંબોધન આવતાં ગંથરે 'યુરોપને ઉત્તર ખૂણે આવેલો દ્વીપસમૂહ' શબ્દ વાપર્યો ત્યારે જ એ ખુરશીમાં પાછો બેઠો.



ગામડાની દેરી

ફોટો • શ્રીદામ ભટ્ટ



શાંતિ

ફોટો . સ્વ. સોરાબ ખારેગાટ

જિંદગીમાં માત્ર બે જ વખત દ વેલેરા લાગણીના ઊભરાને વશ થયો હોવાનું બહાર આવ્યું છે. એક તો આયરિશ પ્રેસ બૉન્ડ્સની ચર્ચા વખતે, અને બીજું, ૧૯૨૧માં સાત વધુ મતે આયરિશ સંધિને મંજૂર કરવામાં આવી ત્યારે. એ વખતે તુરત જ ઊભો થઈ એ બોલવા લાગ્યો: 'છેલ્લાં ચાર વર્ષોમાં ભાઇ ભાઇ જેમ સાથે મળી આપણે કાર્ય કર્યું . . .' બસ. તેનું હૃદય ભરાઇ આવ્યું, તેનો અવાજ થરડાઇ ગયો ને બે હાથે મોં દબાવતો તે ખુરશીમાં ફસડાઈ પડ્યો.

અંગ્રેજ શાહીવાદીઓની નજર દ વેલેરામાં ભલે પરદેશી તત્ત્વ ખોળતી હોય, પણ આયર્લૅંડ માટેની તેની ધગશ કોઇ પણ આયરિશ દેશભક્તથી ઊતરે એવી નથી. એ ખેતીપ્રધાન દેશને કોઇ પણ ભોગે સ્વાયત્ત અને સ્વતંત્ર બનાવવા પાછળ જ તે હરદમ પ્રયાસ કરતો રહ્યો છે.વાસ્તવિક: તો એક રાષ્ટ્રના પ્રાણનું એ તાદૃશ પ્રાકટ્ય છે. તેના પર ટીકાખોરોની ચાહે તેટલી જબાંદરાઝી ચાલે, પણ દ વેલેરાની આયર્લૅંડ પ્રત્યેની વફાદારી ને અડગ હિંમત તો એવા હૂમલાથી પર જ રહેવાનાં. ઈંગ્લંડના સૈકાજૂના શાસનથી જે પ્રગતિ આયર્લૅંડે નહોતી અનુભવી તે આજે 'સામ્રાજ્યનો આ વંઠેલ છોકરો' તેને આંગણે ઉતારી રહ્યો છે.

આયરિશ પ્રજાને તો તેનામાં દેવ જેટલી શ્રદ્ધા છે.અને પ્રજા ના પાડે ત્યારે પોતાનું સ્થાન રાજીખુશીથી છોડી દેવા એ તૈયાર છે. એ કહે છે, 'મને શું જોઇએ એની મને નથી પડી; આયર્લૅંડની પ્રજાને શું જોઇએ એ જ મારો મુખ્ય સવાલ છે.'

અને સત્તા પર આવ્યા પછી એ સવાલના ઊકેલ પાછળ જ તે મંડ્યો રહ્યો છે. તેણે આયરિશ રાજસભામાં લેવાનું ઇંગ્લંડના રાજાનું સોગંદનામું ઉડાડી મૂક્યું છે, ગવર્નર જનરલની સત્તા ને હક્કોમાં જબરો ઘટાડો આણ્યો છે, આયરિશ સુપ્રીમ કોર્ટથી ઉપરવટ પ્રિવી કાઉન્સીલમાં અરજી કરવાનો હક નાબૂદ કર્યો છે, ને આયર્લૅંડના ખેડૂતો પરનું ઈંગ્લંડનું કરજ પણ રદ કર્યું છે. આ છેલ્લા પગલા માટે બ્રિટને આયર્લૅંડ વિરુદ્ધ જબરી જકાતી દીવાલો ઊભી કરી છે, પણ દ વેલેરાએ તેનોયે જવાબ વાળ્યો છે. તેણે આયર્લૅંડમાં આયાત માલ પર અંકુશ મૂક્યો છે, ખાંડનાં કારખાનાં ખોલ્યાં છે, ઘઉંની ખેતી વધારી છે, ચામડાં વગેરેના ઉદ્યોગો ઊભા કર્યા છે; ટૂંકામાં, આયર્લૅંડને તે સંપૂર્ણ સ્વાયત્ત બનાવી રહ્યો છે.

'આયર્લૅંડનું સુકાન આયરિશ હાથોમાં જ રહેવું જોઇએ' એ એની ઘોષણા આજે હરેક આયરિશ હૃદયમાં ગાજી રહી છે. ગઇ ૨૯મી ડીસેમ્બરે તેણે અમલમાં મૂકેલાં આયર્લૅંડના નવા રાજબંધારણ મુજબ, ૧૯૨૧ની સંધિથી હસ્તીમાં આવેલું 'આયરિશ ફ્રી સ્ટેટ' રદ થઇને 'આયર'ના નામે એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે આયર્લૅંડ નવજન્મ પામ્યું છે.

અશોક હર્ષ

રત્નાવલી

નવરત્ન (૨)

૧. 'મહાજનને જે ન ગમે તે સાચું હોવું જોઇએ.'—એપિક્યુરસ

૨. ફોસિઑન (Phocion)નો આથેન્સવાસીઓ જયઘોષ કરવા માંડ્યા, એટલે અણે એના મિત્રોને પૂછ્યું, 'હું અજાણતાં કાંઇ ગાંડુંઘેલું તો નથી બોલી ગયો?'

૩. 'બે ચતુર સેનાપતિ કરતાં એક ઠોઠ સેનાપતિ સારો'—નેપોલિયન

૪. 'ઝિસ્કા (Zisca) જીવ્યો ત્યાં સુધી ઝૂઝ્યો, અને મૂઆ પછી પણ પોતે લડવા લાગે એટલા સારૂ, મરણપથારીએ આજ્ઞા કરતો ગયો કે 'મારી ચામડી ઢોલ પર મઢવી.'—કાર્લાઇલ

૫ 'એકબીજાનો દ્વેષ કરવા જેટલો જ આપણામાં ધર્મ છે, પણ એકબીજા ઉપર પ્રેમ રાખવા જેટલો ધર્મ આપણામાં નથી.'—સ્વિફ્ટ.

૬. 'દેવો ગ્રન્થ લખે તો મોટાં પોથાં કદાપિ ન લખે.'—ગોલ્ડસ્મિથ

૭. 'મારાં માણસ હું નહિ બદલું. થોડુંક પણ ધરાએલા ગીંગોડાને ઠેકાણે ભૂખ્યા ગીંગોડા હું નહિ મૂકું'—લૂઇ નેપોલિયન

૮. 'ચડી આવેલા ફ્રેંચ શત્રુને રોકવા સારૂ વલંદાઓએ પોતાના દેશ ઉપર સમુદ્ર રેલાવી દીધો, કેમકે દેશને ખોયા વિના દેશને બચાવવાનો માર્ગ એમણે ભાળ્યો નહિ'—ટેમ્પલ

૯. 'ધન્ય છે તે પ્રજા જેનું ઇતિહાસમાં નામ જ નથી'—મોંતેસ્ક

—દે. વા.

નવનીતની નોકરી



'જાઓ જાઓ, કાંઇ મશ્કરી કરવા તો નથી આવ્યા ને ? માનભેર ઘર બહાર જાઓ.'

'કેમ નવનીત, શા સમાચાર છે?' મેં ભાત ઓસાવતાં ઓસાવતાં, ઓરડીમાં દાખલ થતા નવનીતને પૂછ્યું.

'નહાવાના, બીજા શા હોય ?' નવનીતે સુસકારો બોલાવી ખાટલા પર બેસતાં કહ્યું. અને મારા તરફ ધ્યાન જતાં બોલ્યો, 'પણ તું આ શું કરે છે? બેઠી ખીચડી જ કરવી હતીને !'

'પણ ખીચડી હોય તો ને? દાળ વગર શાની ખીચડી કરે ?' મેં કહ્યું.

'લે ચાલ. દૂધ સાથે ભાતની ઓર લિજ્જત રે'શે.'

'કેમ ?'

'કેમ શું ? ડૉકટરોના અભિપ્રાય પ્રમાણે એ તો માંદા માણસને ય સાજા કરવામાં સહાયક વસ્તુ છે.'

'પણ આપણે કયાં માંદા છીએ ?'

'આપણું ગજવું માંદું એટલે આપણે પણ માંદા જ ને !'

'તેં પણ ઠીક કહ્યું.' મેં તપેલી પર દેવતા ચડાવતાં કહ્યું.

'વળી દેવતા શું કામ ચડાવે છે, પેટમાં સીઝી જ જવાનો છેને ? ભેગાભેગો ખાઇ કાઢીએ એટલે નિરાંત.' નવનીતે ઊભા થતાં કહ્યું. અને હું કંઇ કહું તે પહેલાં તો તેણે થાળીઓમાં ભાત પણ પીરસી દીધો.

'અરે, પણ દૂધ તો ઊનું કર્યું નથી !'

'હવે ભાત ભેગું થશે એટલે થોડું ટાઢું રે'વાનું છે ?' કહી, દૂધ પણ થાળીઓમાં વહેંચી નાખ્યું.

ખાતાં ખાતાં તેણે રખડપટ્ટીનું રોજનામું કહેવા માંડયું. આજ તો એક ગ્રંથમાળાવાળાની જાહેર ખબર વાંચી મળવા ગયો. 'કયાં સુધી ભણ્યા છો ? કયાં કયાં કામ કર્યું છે ? હાલમાં શું કરો છો? કયાં રહો છો? . . .' આમ મારા જીવનની સાતે પેઢીનું તરસાળું કાઢવા બેઠો. જાણે—

'તારી સગાઇ કરવી હોય એમ !' મેં કહ્યું.

'પણ આ નવા જમાનામાં તો એ ય ઘટી ગયું છે.' નવનીતે શાકને ઠેકાણે ડુંગળીનું બચકું ભરતા કહ્યું.

'હાં, પછી ?' વાત બદલાવાની બીકે મેં પૂછ્યું.

'પછી શું, કપાળ? મને કે' કે દસ રૂપિયા ડીપોઝિટ મૂકવી પડશે કે કોઇ સારા માણસની ઓળખાણ જોઇશે. મને મોંઢા પર ચોપડવાનું મન તો થયું કે સારા માણસની ઓળખાણ હોત તો તારે ત્યાં પોક મૂકવા આવત ? ને દસ રૂપિયા ડીપોઝિટ મૂકવા મળત તો ઓટલા પર શેઠ બનીને શાક મારકેટમાં ન બેસત?'

'પછી ?'

'પછી શું વળી? પણ આજના વધારામાં "જોઇએ છે એક રસોયો" એવું વાંચી, બૉક્સનો નંબર ઉતારી લાવ્યો છું. કાલ એની વાત.'

એટલામાં અમે જમી રહ્યા. બેઉ જણે મળી પિત્તળ-પૉલિશ કરી નાખ્યું અને વાતો કરતા કરતા ખાટલામાં પડયા.

'નવનીત, તું મૅટ્રિક થએલો છે એટલે ગમે ત્યાં નોકરી મળી રહેશે.' મેં કહ્યું.

'અરે યાર, મૅટ્રિક થયો છું એની જ તો આ બધી રામાયણ છે. તારી સાથે જ ચાર વર્ષ પર ભણવું છોડી દીધું હોત તો અત્યારે તો કયારનું ય ઠેકાણું પડી ગયું હોત.'

'પણ એ મેળવેલું જ્ઞાન કાંઈ ઓછું ખોવાઇ જવાનું છે ?'

'અરે, પણ એ જ્ઞાનને તો ઓઢવું કે પાથરવું? અત્યારે હું જોઉં છું કે પેલું માથાની માટી કરનાર મૅથેમૅટિક્સ, મોટા મોટા રાજાઓનું શૌર્ય અને જાહોજલાલી બતાવતો ઇતિહાસ કે પૃથ્વીનો ખૂણેખાંચરો બતાવતી ભૂગોળ—એમાંનું એકકેય ભૂખ્યા પેટને કોળિયો ધાન આપતાં નથી.'

મારી આંખો ઊંઘે ઘેરાતી હતી. નવનીતની જબાન પણ કંઇ દલીલની દોર ન મળતાં ચૂપ થઇ ગઇ.

આજે નવનીત વહેલો ઘેર આવ્યો હતો. ઝોળી-માંથી મને કેળાં કાઢતો જોઇ બોલ્યો, 'કેમ આજ કાંઇ ચગ્યો છે?' અને મારા બોલતાં પહેલાં બીજાં પડીકાં નીકળતાં જોઈ તે જ બોલી ઊઠ્યો,'અરે હા, આજ તો તારો પગાર થયો હશે!'

'કેમ, પગાર થાય તો જ આ બધું આવે?'

'હાસ્તો. નહિ તો તારી ઝોળી કંઇ ઓછી મદા-રીનો કરંડીઓ છે?'

'કેમ જાણ્યું, ઉધાર નહિ લાવ્યો હોઉ?'

એટલામાં તો તેણે એક કેળું હાથમાં લઇ લીધું હતું તે બચકાવતાં બોલ્યોઃ 'અરે હા; તેં ઠીક યાદ દેવડાવ્યું. આ ઘરધણી ભાડા માટે આવ્યા હતા.'

'આપીશું.' મેં કહ્યું.

'આપીશું નહિ, પહેલાં આપી દે; નહિ તો પાછો કયાં ધરતીનો છેડો ખોળવા જઇશું?'

'કેમ? એક દિવસ તું પેલા ફૂટપાથ પર ઊંઘતા લોકોને જોઇ કહેતો જ હતોને, કે આમની માફક કર્યું હોય તો ભાડાની ડખલ ઓછી થાય—છાનામાના ધોતિયામાં મોં સંતાડી રાતના પડી રે'વું ને અજવાળું થતાં કપડાં ખંખેરી પાછા ફરતા રામ. કોઇના ઊના કે ઓશિયાળા. યાદ છેને? અને આપણે ય કયાં લાંબો ઘરવાખરો છે? યોં હી સહી.' મેં કહ્યું.

'પણ એ તો થાકયાના વિસામા.' નવનીતે હાથ ધોતાંધોતાં કહ્યું.

અમે હિસાબ કરવા બેઠા. દસ રૂપિયા ભાડાના જુદા કાઢતાં નવનીત બોલ્યો, 'સાળું નારંગીઓ, પેપર ને સ્ટવ–પીનો વેચવાના અખતરા ન કર્યા હોત તો ગયા મહિનાનું ભાડું બાકી ય ન રે'ત ને આ વખત બજેટના બે ય કાંઠા . . .'

'એમ કરીએ—એક મહિનાનું ભાડું આપીએ.'

'અરે ના ભાઇ ના. એ તો એમ કે'ને, કે બહાર બે પૈસાનો સાળુ ને ઘરમાં આ કમાડ આપણી આબરૂ સાચવી રહ્યાં છે. વારે ઘડીએ બાકી રાખીએ તો પોલ ઉઘડી જાય ને આ સોસાયટી ય છોડી જવા વખત આવે!'

આખરે નવનીતની મદદથી બજેટમાં કાપકુપ કરીને સીનેમાનો જોગ કાઢી ખાવા બેઠા.

'નવનીત, તું દૂધમાં પાણી રેડીને ખાય છે એ મને નથી ગમતું.' દૂધમાં ચોળેલી ભાખરીમાં પાણી રેડતા નવનીતને મેં કહ્યું.

'શું દુનિયા છે! તું એમાં ન સમજે.' અને થાળી નમાવી દેખાડતાં બોલ્યો, 'જો, દૂધ છે કે પાણી?'

'પણ ધોળું દેખાય તેથી શું થયું?'

'તને શી ખબર? બાકી ન માને તો પૂછ દુનિ-યાને. ધોળું એટલું દૂધ ગણે છે કે નહિ?'

નવનીત તો લમણાંઝીક ને જડબાંઝીક બંને સાથે કરી શકતો, પણ મારાથી એ બનવું અશકય હતું, એટલે બોલવું બંધ કરી હું ખાવા વળગ્યો.

પેટની આરતી ઉતાર્યાનાં વાસણ ઠીકઠીક કરી, ઊજળા ફટાક બની અમે સીનેમા જોવા ઉપડયા.

એક દિવસ નવનીતે એના રોજના ટાઇમે સાંજના ઘરમાં પેસતાં મને પૂછ્યું: 'હેં રસિક, આ ખૂબસૂરત થવાના ઉપચાર છે એવી રીતે બદસૂરત થવાની કોઇ દવા હશે કે નહિ?'

'કેમ, વળી?'

'વાત જાણે એમ બની કે એક પોળમાં "મહેતો જોઇએ છે"ની જાહેરખબર આપનારને ત્યાં ગયો હતો. ત્યાંથી નકારનો જવાબ લઇ પાછા ફરતાં એક ઘરમાંથી અવાજ સાંભળ્યો, "રે'વું હોય તો ચડી જા નોકરીએ. ખાવુંપીવું, લુગડાં ને સાત રૂપિયા પગાર મળશે. આખું ચાર માણસનું કામ છે. આ તો તું બે આંકડા ભણેલો છે એટલે." હું ત્યાં ફાટેલા ચંપલને ઠીકઠાક કરવાનું બહાનું કાઢી ઊભો રહ્યો. એટલામાં ,"ઉહું, મને ત્યાં દસ રૂપિયા મળતા હતા" કહેતો એક છોકરાને ઘરમાંથી નીકળતો દીઠો. વિચાર કરતો હું પણ પોળ બહાર નીકળ્યો, એટલામાં એ બધો કોયડો ઊકલી ગયો. ભાવને પાસો ફેંકી જોઉં એમ વિચારી, કમબખ્ત પેલા મૅટ્રિકવાળા મનનું ગળું દબાવી પાછો ફર્યો, અને પેલા ઘરમાં પેસતાં એક હીંચકે બેઠેલી બાઇને પૂછ્યુંઃ "આપને ત્યાં નોકરની જરૂર છે એ ખરી વાત?" પેલી બાઇએ મારી તરફ તાકતાં પૂછ્યું, "કેમ, તમે કોણ છો? કેમ પૂછવું પડ્યું?" મેં માંડમાંડ ઉચ્ચાર્યું, "મારે નોકરી કરવી છે તેથી." એટલામાં તો પાછળથી અવાજ આવ્યો, "કેમ, કોનું કામ છે મિસ્ટર?" મેં તેમને પણ

ઘરખાનગી નોકર રહેવાની ઇચ્છા બતાવી. પેલા મહાશય તો ઉકળી ઊઠ્યા: "જાઓ જાઓ મિસ્ટર, કંઇ મશ્કરી કરવા તો નથી આવ્યા ને?" અને મારો ખુલાસો ન સાંભળતાં, "માનભેર ઘર બહાર જાઓ. કોને બનાવો છો?" વગેરે શબ્દો સંભળાવ્યા તે જુદા! શું કરું, આ કમબખ્ત મોઢું જ નડ્યું ત્યાં! પાછળ પેલાં શેઠાણી બોલતાં હતાં, "કોક વખાનો માર્યો છે!" ત્યાં તો પેલા કૂકડાનો અવાજ આવ્યો: "જોજે, આવાં ધોળાં મોઢાં જોઇ વિશ્વાસ કરતી. આજકાલ તો એવા ઠગોનો રાફડો ફાટ્યો છે." અને ઉપરાંત એકબે મરચાંનાં ભજિયાં જેવી ગાળો ય સંભળાઇ.'

'તે તું કરે છે એવું તે! એંઠવાડ કાઢવાની નોકરી તે કંઇ તારાથી થવાની હતી?'

'અરે, તું ભૂલતો હોઇશ. એકાદ મહિનો જે હળવો થયો એ ખરો.' નવનીત બોલ્યો.

'ભાઇ, કહેવામાં ને કરવામાં બહુ ફેર છે હોં કે?' મેં કહ્યું. નવનીત ચૂપ હતો.

આમ નવી સંખ્યાએ નવીન વાત હોય જ. એ મુજબ આજે પણ નવનીતને દૂરથી આવતો જોઇ, મેં મારા કાન પટપટાવ્યા. તેણે બારણામાં પગ મૂકતાં જ 'બેત' ગાતી જીભને મારા તરફ વાળી, 'રસિક! આખરે એક લિમિટેડ કંપનીને ત્રણ ક્લાર્કની જરૂર પડી છે ખરી. અરજી કરીને આવ્યો છું.'

થોડા દિવસ પછી ઇન્ટરવ્યૂનો કાગળ પણ મળ્યો. મેં પાડોશીને ત્યાંથી ઈસ્ત્રી લાવી, મારાં કોટ ને લેંઘાને ઘસી નવનીતને શણગાર્યો અને બંને જણા ઓરડી બહાર નીકળ્યા.

'જો, આજ તારા ભણતરનું માપ નીકળવાનું છે હો? બરાબર ખોંખારીને જવાબ આપજે.' છૂટા પડતાં મેં કહ્યું.

સાંજના 'નવનીતને નોકરી મળી હશે, પછી તો બેઉ જણ જરા છૂટથી રહીશું, ચા પણ રીતસર ચાલુ કરી દઇશું . . .' આમ મનમાં લાડવા વાળતોવાળતો ઘેર આવ્યો અને કણક સાથે કુસ્તી કરતા નવનીતને પૂછ્યું: 'કેમ, થઈ ગયુંને નક્કી?'

'શાનું, નોકરીનું? છોડને નામ, યાર! એ તો બધાં નાટક છે. ત્યાં જઇને જોઉં છું તો આઠદસ ગીધડાં ટાંપતાં બેઠાં હતાં. હું પણ એક ઉમેરાયો. પછી થઇ નાટકની શરૂઆત. અમને એક પછી એક મૅનેજર આગળ હાજર કર્યા. મારો વારો આવતાં હું પણ ગયો. સાહેબે 'ક્યાંના છો? આગળ ભણવું છોડી નોકરી કરવાની કેમ જરૂર પડી? અહીંના કોઇ સારા માણસને ઓળખો છો?' આવું આવું પૂછી, 'સારું જાઓ, બે દિવસમાં તમને ઉત્તર મળશે,' એવો જવાબ આપી દીધો.

'ત્યારે તો હજુ આશા ખરી.' મેં કહ્યું.

'અરે શાની આશા? મેલને નામ. એ તો બધું નાટક. મેં તને કહ્યું ને, આમાંથી ત્રણ જણ તો ક્યારના યે નક્કી થઇ ગયા છે. તને કહીકહીને તો થાક્યો, કે પહેલી સિફારસ પછી સર્ટિફિકેટ. એ ચૂંટાએલા ત્રણ જણ પાસે આ બે ય હતાં. પછી આશા ક્યાં રહી?'

'પણ તને આ બધી શી રીતે ખબર પડી?'

'અરે, તારા મારા જેવો એક કારકુન કે'તો'તો. બહાર બીડી પીતો ઊભો હતો ત્યાં તેણે મને આ બધી વાત કરી. ખોટું કે' એવો માણસ જ નહોતો ને!' નવનીતે ગંભીર રીતે વાત કરી અને પાછું ચલાવ્યું: 'પણ રસિક, તેં એ ઉમેદવાર પ્રાણીઓ દીઠાં હોય તો રડે, હસે કે શું કરે એ હું નથી કહી શકતો! બેચાર સિવાય બધાયનાં મોં પર ગરીબી-કંગાલિયતના ગાઢા બુરખા હતા. મને બીક લાગી કે ક્યાંક એમનો ચેપ મને ન લાગી જાય!'

'નવનીત, કાંઈ બધા ય તારા જેવા નથી હોતા. પણ તારા જેવાને લોક શું કે'તા હશે એ જાણે છે?'

નવનીતે આંખોથી જ પૂછ્યું, 'શું?'

'લાગણી વગરનો ગધેડો.' મેં કહ્યું.

'ભલેને કહે, પણ મારાથી તો એવું મોં કદી ય થઇ શકવાનું નથી.' નવનીતે મક્કમતાથી કહ્યું. એણે ન કહ્યું હોત તો ય હું જાણતો જ હતો.

જુગજુગ જીવજો 'સનડે', તે મારે ને નવનીતના ટાંટિયાને આજ રજા હતી. તુલસીપત્રને બદલે રોટલી, કુંકુમને બદલે દાળ અને કાથાને બદલે સીઝેલા અક્ષતથી પેટની પૂજા કરી પરવારી હું તથા નવનીત બેઠા હતા, એટલામાં બારણાં આગળ ભાગ્યે જ દર્શન દેતો ટપાલી દેખાયો ને નવનીતલાલ કહીને એક કાગળ નાખી ગયો.

'કોણ નીકળ્યું છે વળી, નવનીતની ખબર લેનાર?' મેં કાગળ વાંચતાં નવનીતને પૂછ્યું.

'કોણ નીકળવાનું હતું, ખબર લેનાર તો! આ તો ખબર લેવડાવનારનો કાગળ છે. ઘેરથી મોટાભાઇ લખે છે કે હવે પગાર શરૂ થયો હશે. આવતે મહિને પંદરેક રૂપિયા મોકલાવજે. વાણિયો જીવ ખાય છે.'

'આ વળી નવી ખબર સાંભળી! એમને ત્યાં બેઠે બેઠે શી ખબર પડી? કે પછી સંતાઇ રહેલું ભવિષ્ય ભાખે છે?' મેં પૂછ્યું.

'અરે ના યાર. મેં અમદાવાદ આવ્યા પછી ઘરનાંને જીવ ખાતાં અટકાવવા લખ્યું હતું કે "હું નોકરીએ ચડ્યો છું, પણ પગાર ત્રણ મહિના પછી ચાલુ થશે." તેમણે ય ઠીક દિવસ ગણ્યા છે. બરાબર મને ત્રણ માસ ઉપર આજ વીસ દિવસ થયા.' નવનીતે કાગળનો ડૂચો કરતાં કરતાં વાત કરી.

'પછી હવે?'

'હવે શું વળી? લખી દઈશું કે જે કંપનીએ મને રાખ્યો હતો તેણે દેવાળું કાઢ્યું છે. આજકાલ બીજી નોકરીની તપાસમાં છું. શેઠને કે'જો કે ઓશીકે હાથ રાખીને વ્યાજ ચઢાવ્યે જાય. આ ભવ નહિ તો આવતે ભવે ય ચૂકવ્યા વગર કાંઇ છૂટકો છે?' અને તેણે મારી તરફ તાકતાં પૂછ્યું, 'કેમ બરાબર છે ને?'

મેં વિચારમાં જ માથું હલાવ્યું.

ભલે પહેલાંના વખતમાં શનિશ્ચર ખરાબ હોય, પણ આ અંગ્રેજી રાજ્યે તો અરધી રજા આપી અમારા જેવા માટે વન્દનીય બનાવ્યો છે. હું સ્વયંપાકમાંથી પરવારી બારણામાં બેઠો બેઠો હાથ ધોઈ રહ્યો હતો ત્યાં તો સામેથી નવનીતને તેની રોજની બેત—

સમીપે બોલાવે નયન નચવી મસ્ત કરતી,
કરૂં કર લાંબો ત્યાં સરર કરતી છુ થઇ જતી.

એને બદલે

સ્વાંગ બદલ્યા અવનવા તેં આખરે હડિયે ચડી,
તું છે કળા હું કાર થઉં, છો ભીલબાળા તું રહી.

લલકારતો જોઇ મેં તેને પૂછ્યું, 'કેમ નવનીત, આજે તો તેં ગાવાનો ને ચાલવાનો બધો ય પેંતરો બદલ્યો છે, કાંઇ?'

નવનીત ખાટલા પર બેસતાં માસ્તરની માફક આંગળી ઊંચી કરી બોલ્યો, 'જો, આજથી ઘણું બધું બદલવાનું છેઃ કપડાં, લત્તાં, ખાવું, પીવું, લગભગ બધુંય.'



'હમણાં જ ભાડું ચૂકવી દેને' હાથમાંનું કેળું બચકાવતાં તે બોલ્યો, 'નહિ તો પાછા ક્યાં ધરતીનો છેડો ખોળવા જઇશું?'

'કેમ?'

'અરે, પણ તેં તો રાંધી યે નાખ્યું? આજ તો કંસાર કરવો હતો!' ખૂણામાં સગડી ઉપર તપતી તપેલી પર દૃષ્ટિ પડતાં તે બોલી ઊઠ્યો.

કંઇ સમજ ન પડતાં હું બોલ્યો, 'હવેના પગાર પર કંસાર સહી.'

'બાપડો પગારે ય શું કરે! લાખથી માંડીને પાઇ સુધીની બધી યે મુસીબતો પગાર ઉપર. પછી તું કે'છે કે "પૂરા બે દિવસ પણ ટકતો નથી", તે મરવું હોય તો ટકે ને? જીવ લઇને નાઠે જ છુટકો! પણ આજ તો, દોસ્ત, ખુશ ખબર છે. ભલે તારો પગાર વાંઝિયો રહ્યો, પણ કાલથી તો મારો પગાર એની મદદમાં ઊભો રે'શે. માટે . . .'

'કેમ, કાંઇ નોકરી મળી?' મેં વચ્ચે પૂછ્યું.

'ત્યારે? મળ્યા વગર . . .'

મને રીસ ચડીઃ 'હવે એ તારા ભાટાઇવેડા જવા દઈ સીધી વાત કરને કરતો હોય તો? શાની મળી?'

'પટાવાળાની!' નવનીતે હસતાંહસતાં કહ્યું.

'તું આવી નોકરી કરીને ભણતર પર પાણી ફેરવવાનો છે!'

'અરે, મેલને યાર, એ ભણતરની વાત! ઊલટું એણે કંઈક ખીલતાં જીવન પર કાપ મૂકયો છે. એમ કે' કે હું જરા બચ્યો, નહિ તો મારા ઉપરે ય એ કાપ મૂકવા બેઠું હતું. ભેગો તું ય સંધાઇ મરત.' નવનીતે ગંભીર થઇ વાત કરી.

મેં કહ્યું 'એ તો ભણનારા લઇ પડ્યા છે. ભણ્યા એટલે "આ કામ થાય ને તે કામ ન થાય" એમાં ભણતરનો શો દોષ?'

'કેમ "શો દ્વાપ?" મેં તને વાત નહોતી કરી? તે દિવસ એક દેશી સાહેબને ત્યાં કલીનર તરીકે સવારમાં નોકરીએ ચડયો ને બપોરે મને મોટરમાં બેઠાબેઠાં એમનું "ટાઇમ્સ" વાંચતો જોઇ ગયા એટલામાં પાધરૂં જ ખડતુસ. ઉપરથી કે'છે, "ઘેર બેઠાં છાપાં વાંચ્યા કરજો!" કે', ભણ્યો ન હોત તો આમાંનું કશું ય થાત? જોકે એમણે તો મને પાઠ ભણાવ્યો કે શેઠને એકલી નોકરી જ નથી જોઇતી, પણ સાથેસાથે એવું માનસ પણ જોઇએ છે. કદાચ આવું જાણીને જ પેલા મૅટ્રિક થએલા ઉમેદવાર કારકૂનો, અને એવા તો કંઈક ભણેલા, માણસ મટી બકરાં જેવા બનીને નોકરી માગતા ફરે છે. ભણ્યા ન હોય તો એવું ઓછું બનવું પડે ને બનવું પડે તો ય ઓછું ડંખે!'

'ખેર, મરવા દે એ બધું. પણ તો ય પેલા કલાર્ક-ની જગ્યા માટે બે દિવસ રાહ તો જોવી હતી.'

'રાહ જોવામાં જ તો આવી બેત્રણ નોકરીઓ ખોઇ. ને તારા પચ્ચીસના પગાર પર ત્રણ ત્રણ મણીઆ બે જણ ચટી બેઠા છીએ એ ય જોવું જોઇએ ને ?!'

તે તેં તો ભણતરને ખરેખર શોભાવ્યું છે. મૅટ્રિક પાસ, પટાવાળામાં . . .'

'જો, ફરી "મૅટ્રિક પાસ" ન બોલતો; નહિ તો પેલી એકવાર પટાવાળાની નોકરી હાથમાં આવતી ખોઈ એવી આ ય ખોવી પડશે. અંગ્રેજી સરનામું ઉકેલી જાણું છું, આવું જ કે'વાનું.' નવનીત બોલ્યો.

પછી અમે ખાવા બેઠા. નવનીત ખુશમિજાજ હતો. હસવું કે દિલગીર થવું એના વિચારમાં મારૂં મગજ ઘેરાતું હતું, ત્યાં તો તેનો અવાજ આવ્યો: 'રસિક! સાચું કહું છું, જેટલું મૅટ્રિક સુધીમાં નથી ભણ્યો તેટલું આ ચાર માસમાં ભણવા મળ્યું. તો ય એક ભૂલ તો થાપી જ.'

'શી ભૂલ ?'

'કારકૂને મને ખૂંટે બાંધવા કલમ ચોપડો લીધો અને મારૂં નામ પૂછ્યું. મેં કહ્યું 'નવનીત'. ત્યાં તો બાજુમાં બેઠેલા સાહેબ બોલ્યા, "હવે એટલું લાંબું લખ્યા વગર નવલો જ લખોને?". તરત મને મારી ભૂલ જણાઈ, અને સાહેબની બુદ્ધિ પર તો હું વારી જ ગયો. માટે આજથી તું ય "નવલો" કહેજે.'

નવનીત હસતો હતો. મારા મુખ પર તો કોણ જાણે હાસ્ય હતું કે રૂદન. અંતરમાં શું થતું હતું એ સમજવા કરતાં કહેવું વધારે કપરૂં છે.

એટલામાં જવાબ ન મળવાથી મારો ખભો હલાવતાં નવનીતે પૂછ્યું, 'શું કહી બોલાવીશ ?'

મેં કહ્યું, 'નવનીત, વળી.'

નવનીત બોલ્યો, 'એમ નહિ. શોભતું નામ અને સાથે ટાઇટલ પણ. ભલેને લોકને ખરાબ લાગે, પણ આપણે તો એના પરતાપે ચોખામાં દાળ ભળશે ને રૂડી રૂપાળી ખીચડી બનશે. માટે તારે મને "નવલો પટાવાળો" કહીને જ બોલાવવો, સમજ્યો?'

'સમજ્યા હવે!' હું બોલ્યો. 'મારી જીભે તો તું ઑફિસર થાય કે પટાવાળો પણ નવનીત જ રે'વાનું.'

મારી આંખમાં પાણી આવ્યાં. પછી તે ભાણામાં સમારેલી કાચી ડુંગળીને લીધે હોય કે પછી...'

પન્નાલાલ પટેલ

બે મુક્તકો*

સ્પષ્ટ ભેદ

· શાર્દૂલ ·

ઉનાળે ભર ઘામમાં સળગિને વૃક્ષો શીળી છાંયડી
દેતાં, પુષ્પ ફળો તપિ પકવિ દે; તાપે તપી રેપમાં
બાળે આશ્રિતને વિશેષ પતરૂં લોખંડનું ઊલટું,
દેખી ભેદ શું સાધુ દુર્જન વિષે તેની થતી સ્પષ્ટતા.

જેઠાલાલ ત્રિવેદી

દુર્જનનીતિ


· વસંતતિલકા ·

પ્રેરેલ દુર્જન થકી સુજનો જણાશે,
તો યે વધુ વિષમ દુર્જનથી ય થાશે:
સીધું છતાં શર ચઢી ધનુ વક્ર અંગે
દારૂણ ચાપ થકી યે વધુ થાય જંગે.

જેઠાલાલ ત્રિવેદી

*થોડા વખતમાં પ્રગટ થનાર "પાંખડી" નામના મુક્તકસંગ્રહમાંથી

ટેલીવિશ્ઝન



ટેલીવિશ્ઝન રિસીવર
રેડીઓ લાઉડસ્પીકર દૃશ્યપટની
નીચેના ભાગમાં છે.

સેકન્ડના માત્ર સાતમા ભાગમાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી વળતા પ્રકાશતરંગો પર રચાએલું આ વિજ્ઞાન જ્યારે સંપૂર્ણતાએ પહોંચશે ત્યારે આપણે દૂરદૂરના પ્રસંગોનું પણ ઘેરબેઠાં તાદૃશ્ય મેળવી શકીશું. અને એ વિજ્ઞાનની સાથોસાથ લોકમત કેળવાતાં તો આપણા જીવનમાં તે અભૂતપૂર્વ નવીનતાઓ આણી શકશે. આ લેખ એ વિજ્ઞાનના આજ સુધીના વિકાસની જ નહિ, પણ એ વિકાસની શક્ય ભાવિ પ્રગતિની યે સ્પષ્ટ અને વિશદ માહિતી આપે છે.




'એમિટ્રૉન' ટેલીવિશ્ઝન કૅમેરા
બ્રિટિશ બ્રૉડકાસ્ટિંગ કૉરપોરેશન
આ કૅમેરા વાપરે છે.

લેખક **નર્મદાશંકર મ. દવે** બી. એસસી. (એન્જિનીઅરિંગ–લંડન)

ટેલીવિશ્ઝન એટલે દૂર બનતો બનાવ પ્રત્યક્ષ જોવો તે. રેડીઓની મદદ વડે મુંબાઇમાં ગવાએલું સંગીત કે ક્રિકેટ મૅચનું વર્ણન ઘેર ચા પીતાં સાંભળવા મળે છે, તે સૌનો અનુભવ છે; તેની સાથે જો ટેલીવિશ્ઝન હોય, તો ગાનારના હાવભાવ અને ક્રિકેટરે બાઉંડરી પર મારેલો ફટકો પણ આપણને તાદૃશ જોવા મળે. આવું ટેલીવિશ્ઝન અત્યારે લંડનમાં અને પારિસમાં અસ્તિત્વમાં છે. જર્મનીમાં બે મોટાં શહેરો વચ્ચે ટેલીવિશ્ઝન–ટેલીફોનનો વ્યવહાર છે. આની મદદથી ટેલીફોન કરનારા એક બીજાને જોઇ શકે છે. ટેલીવિશ્ઝન–ટેલીફોનમાં મોકલવાના સંદેશા વીજળીનાં દોરડાં વાટે લઇ જવામાં આવે છે, પણ બ્રૉડકાસ્ટિંગમાં તો ટેલીવિશ્ઝન ઘેર ઘેર પહોંચાડવું રહ્યું, એટલે વાયરલેસની મદદથી આકાશ રસ્તે સંદેશા મોકલાય છે.

ટેલીવિશ્ઝનના અભ્યાસમાં મનુષ્યની આંખ કેવી રીતે દૃશ્ય જુએ છે તેની સમજણ મદદરૂપ થાય છે. પ્રકાશનાં કિરણો કીકીની અંદર થઇને જવાથી સૌથી પહેલાં તો નેત્રપટ (રેટિના) ઉપર દૃશ્યની આબેહૂબ આકૃતિ પડે છે; જેમ ફોકસ બરાબર ગોઠવ્યું હોય ત્યારે કેમેરાનો લેન્સ છબીના કાચ પર ચોકખી પ્રતિકૃતિ પાડે છે તેવી રીતે, નેત્ર પાછળથી માથાના વાળ કરતાં યે ઝીણા સંખ્યાબંધ (દસ થી વીસ લાખ) જ્ઞાનતંતુઓ મગજ સુધી સંદેશા લઇ જવાનું કામ કરે છે. નેત્રપટ વાસ્તવિક રીતે આ બારીક જ્ઞાનતંતુઓના છેડાઓનું જ બનેલું હોય છે. દરેક જ્ઞાનતંતુના છેડાને ભાગે દૃશ્યનો જે દસ લાખમો હિસ્સો આવે તે કેટલો ઉજળો છે તેની વિગત તે જ્ઞાનતંતુ મગજને પહોંચાડે છે. જેવા એક સામટા આ બધા સંદેશા મગજમાં પહોંચે છે કે તરત મગજને જોએલા દૃશ્યનો સંપૂર્ણ ખ્યાલ આવી જાય છે.



આપણી આંખની રચના

પ : આંખ આગળનું પારદર્શક પડ.
ક : કીકી. આ નાનામોટા થઈ શકે તેવા દ્વાર વાટે પ્રકાશ આંખની અંદર જાય છે.
લ : પારદર્શક લેન્સ.
જ્ઞ : જ્ઞાનતંતુઓનો સમૂહ
ર : રેટિના (નેત્રપટ). આ જ્ઞાનતંતુઓના છેડાનું બનેલું હોય છે.



નિબંધમાં સમજાવેલો સ્કૅનિંગનો સિદ્ધાંત. ઉદાહરણ તરીકે, આ ચિત્રમાં પ્રકાશનું બિંદુ માણસના નાક પર આવતી વખતે ફોટો સેલમાં વીજળીક પ્રવાહ જોસથી વહે છે, જ્યારે ચશમાની કાળી ફ્રેઈમ આવતાં એ પ્રવાહ ક્ષીણ થઇ જાય છે. આખા દૃશ્યનું આમ ક્ષણેક્ષણ પલટાતા વીજળીક પ્રવાહમાં રૂપાન્તર થઇ શકે છે.

પણ, આગળ કહ્યું તેમ, વિના તારે ટેલીવિઝન મોકલવાનો આપણી પાસે એક જ રસ્તો છે, અને તે ઇલેક્ટ્રો-મૅગ્નેટિક તરંગોનો ઉપયોગ કરવાનો. હવે મુશ્કેલી એ ઊભી થાય છે, કે એક જ કામ માટે એકથી વધારે વેવ-લેન્ગ્થ (તરંગ-અંતર) આપણે નથી વાપરી શકતા: આંખ ભલે લાખો માર્ગોનો એક સામટો ઉપયોગ કરી શકે, પણ ટેલીવિઝનમાં તો બધા સંદેશા એક જ રસ્તે એક પછી એક મોકલવા રહ્યા.

ટૂંકામાં, જે દૃશ્ય (દા.ત. માણસનું મોં) મોકલવું હોય તેના ઊભી ને આડી લીટીઓ વડે સંખ્યાબંધ ઝીણા ઝીણા ભાગ પાડ્યા છે તેમ પહેલાં તો કલ્પીએ. પછી, પ્રકાશનું એક કિરણ દૃશ્યની પહેલી આડી લીટી ઉપર એકધારી ઝડપે ડાબીથી જમણી દિશામાં સરકતું જાય છે. લીટી પૂરી થઇ જાય કે તત્ક્ષણ કિરણ ડાબી બાજુ દોડી જઇ, બીજી લીટી દોરવા માંડે છે. આમ જો ૨૪૦ લાઇનનું ટેલીવિઝન હોય તો ૨૪૦ આડી મુસાફરી કર્યા પછી કિરણ પાછું પહેલી લીટીને ડાબે છેડેથી ચિત્રનિરીક્ષણનો આરંભ કરે છે. આ ક્રિયાને 'સ્કૅનિંગ' (**scanning**) કહે છે. દૃશ્યના જે ઝીણા ટુકડા પર પ્રકાશ પડ્યો હોય તે ટુકડો જેટલે દરજ્જે ઝાંખો કે ઊજળો હોય તેટલે અંશે ક્ષીણ કે પ્રબળ પ્રકાશ દૃશ્ય પરથી પાછો ફેંકાય છે. પાછો ફેંકાએલો પ્રકાશ (**reflected light**) ફોટો-ઇલેક્ટ્રીક સેલ[1] નામની રચના ઉપર પડે છે, એટલે એ સેલને જોડેલા તારમાં વીજળીનો પ્રવાહ ચાલુ થાય છે. જો દૃશ્યનો ભાગ તદ્દન સફેદ હોય તો વીજળીનો પ્રવાહ જોસપૂર્વક વહે છે, પણ કાળો ભાગ મોકલવાનો આવે ત્યારે પ્રવાહ ક્ષીણ થઇ જાય છે. ક્ષણેક્ષણ થતા પ્રકાશના ફેરફારોનું આવી રીતે પલટાતા વીજળીનાં પ્રવાહમાં રૂપાંતર થઈ શકે છે.

આવી રીતે પલટાતો વીજળીનો પ્રવાહ યુક્તિપૂર્વક એક એરિયલ (ઊંચા બાંધેલા તાર)માં દાખલ કરવામાં આવે, તો તારમાંથી ઇલેક્ટ્રો-મૅગ્નેટિક વેવ્ઝ (તરંગો) આકાશમાં ફેલાવા માંડે છે. તેમના નામ પરથી અનુમાન કરી શકાશે કે આ તરંગોના કેટલાક ગુણોને વીજળી અને મૅગ્નેટિઝમ બંને સાથે લેવાદેવા છે. સ્થિર પાણીમાં પથરો ફેંકવાથી પેદા થએલાં મોજાંને વિવિધ દિશામાં પ્રસરતાં આપણે જોયાં હોય છે. ઇલેક્ટ્રો-મૅગ્નેટિક તરંગોની ગતિ પણ કંઇક આવી હોય છે. આકાશમાં એ તરંગો એટલા બધા વેગથી પ્રસરે છે કે પૃથ્વીની પ્રદક્ષિણા કરવી હોય તો તેમને સેકન્ડનો માત્ર સાતમો જ ભાગ લાગે.[2]

---

૧ દેખાવમાં રેડીઓ વાલ્વ જેવી કાચની નળીમાં રૂપાથી રસેલા એક પડદા ઉપર સીઝિયમ નામની ધાતુ વેરેલી હોય છે. આ પડદા ઉપર વધતો ઓછો પ્રકાશ પડવાથી તે રીતે વધતો ઓછો વીજળીનો પ્રવાહ મેળવી શકાય છે. આવી રચનાને ફોટો-ઇલેક્ટ્રીક-સેલ કહે છે.


૨ આ તરંગોની ઝડપ, (velocity) ફ્રીકવન્સી (frequency) અને વેવ-લેન્ગ્થ (wave length) વિષે કેટલીક માહિતી નીચે આપી છે:

૧. આ તરંગો પ્રકાશની ઝડપે આકાશમાં પ્રસરે છે, આ વેગ એક સેકન્ડના ત્રીસ કરોડ મીટર જેટલો છે.

૨. એક સેકન્ડમાં તરંગ જેટલી વાર ઊંચો નીચો થાય તે સંખ્યાને 'ફ્રીકવન્સી' કહેવામાં આવે છે. ને આવા એક આંદોલનને 'સાયકલ' કહેવામાં આવે છે. ફ્રીકવન્સી એક સેકન્ડમાં અમુક સાયકલો—એમ લખાય છે.

૩. એક પૂરા આંદોલનમાં તરંગ જેટલું અંતર વટાવે તે અંતર વેવ-લેન્ગ્થ (wave-length = તરંગ-અન્તર) તરીકે ઓળખાય છે.


તરંગની ફ્રીકવન્સી જાણતા હોઇએ તો ત્રીસ કરોડ મીટરની ઝડપનો આંકડો વાપરીને વેવ-લેન્ગ્થ સાદા ભાગ-



તરંગ, આંદોલન, વેવલેન્ગ્થ અને ક્રિકવન્સિની સમજુતી.

નીચેનાં ચિત્રો ઇલેક્ટ્રો-મૅગ્નેટિક તરંગો વાટે સંદેશા મોકલવાની યુક્તિ દર્શાવે છે. મૉડયુલેશન દરમિયાન કૅરિયરની ફ્રીકવન્સિ (ને તેથી વેવલેન્ગ્થ) બદલાતાં નથી તે સહેલાઇથી જોઇ શકાશે; એ પણ સમજાશે કે મોકલવાના સંદેશાની સરખામણીમાં કૅરિયરની ફ્રીકવન્સિ જેમ વધારે મોટી તેમ સંદેશો વધારે ચોકખો મોકલી શકાય.

ફોટો ઇલેક્ટ્રીક સેલમાંથી મેળવેલા વીજળીના પ્રવાહનું આ ઇલેક્ટ્રોમૅગ્નેટિક તરંગોમાં રૂપાન્તર કરવા માટે પહેલાં તો એક ઘણી જ ઊંચી ફ્રીકવન્સીવાળી તરંગ–શ્રેણી તૈયાર કરવી પડે છે. એને 'હાઇ ફ્રીકવન્સી કૅરિયર વેવ' કહે છે. 'કૅરિયર' એટલા માટે કે એ મોકલવાની માહિતી લઇ જાય છે. ફોટો સેલમાંથી મળેલો તારંગિક પ્રવાહ જે પ્રમાણે નીચો ઊંચો થતો હોય તે અનુસાર કૅરિયર વેવનું માપ ઘટાડવામાં કે વધારવામાં આવે છે, આને 'મૉડયુલેટેડ કૅરિયર'–(modulated carrier) કહે છે. આવી રીતે તૈયાર કરવામાં આવેલો વીજળીનો પ્રવાહ ઊંચે બાંધેલા એરિયલમાં દાખલ કરવાથી આકાશમાં ઇલેક્ટ્રો-મૅગ્ને-




કારથી મેળવી શકાય. જેમકે મુંબાઇ બ્રૉડકાસ્ટિંગ સ્ટેશનની વેવ-લેન્ગ્થ ૩૫૦ $\frac{૯}{૧૦}$ મીટર છે, માટે ફ્રીક્વન્સી


$$\frac{૩૦,૦૦,૦૦,૦૦૦}{૩૫૦\cdot૯} = ૮,૫૫,૦૦૦ \text{ સાયકલ} = ૮૫૫$$

કિલો-સાયકલ. કિલોસાયકલ = હજાર સાયકલ, અને મેગા-સાયકલ = દસ લાખ સાયકલ.

તરંગોના પ્રકાર નીચે મુજબ ઓળખવામાં આવે છે:

પ્રકાર	વેવ લેન્ગ્થ	વ્યવહારમાં ઉપયોગ
૧. લૉંગ વેવ (લંબ)	૧૦૦૦ મીટરથી લાંબા	ઘણે લાંબે અંતરે ભરોસાપાત્ર રેડીઓ-વ્યવહાર સારૂ.
૨. મીડિયમ વેવ (મધ્યમ)	૧૦૦ થી ૧૦૦૦ મીટર	બસો ત્રણસો માઇલની ત્રિજ્યામાં બ્રૉડકાસ્ટ કરવા સારૂ. દા. ત. મુંબાઇ, દિલ્હી, ઇ.
૩. શૉર્ટ વેવ (લઘુ)	૧૦ થી ૧૦૦ મીટર	ચોકસ દિશામાં લાંબે અંતરે બીમ બ્રૉડકાસ્ટ કરવા સારૂ. દા. ત. ડૅવેન્ટ્રી (ઇંગ્લંડ)થી થતા એમ્પાયર બ્રૉડકાસ્ટ.
૪. અલ્ટ્રા-શૉર્ટ વેવ (અતિ લઘુ)	૧ થી ૧૦ મીટર	ટેલીવિઝન માટે.
૫. માઇક્રો વેવ (સૂક્ષ્મ)	૧ મીટરથી ટૂંકા	ટૂંકા અન્તરોમાં રેડિયો-વ્યવહાર સારૂ. (વીસ પચીસ માઇલ)






આકૃતિ B

કૅથોડ-રે ટ્યૂબ

ફિલૅમેન્ટ (ફ)ને વીજળીના કરન્ટ વડે તપાવવાથી સંખ્યાબંધ પરમાણુઓ (ઇલેક્ટ્રૉન્સ)—ઊકળતા પાણીમાંથી વરાળ નીકળે તેમ—બહાર નીકળી આવે છે. ૧, ૨, ૩ નિશાનીવાળા ઍનોડની આ પરમાણુઓ પર લેન્સના જેવી અસર થાય છે, પરિણામે પરમાણુઓ એકઠા થઇ એક ઝીણા કિરણ (ક)ના રૂપમાં બહાર પડે છે. પરમાણુઓનું કિરણ ફ્લ્યોરસન્ટ સ્ક્રીન (દૃશ્યપટ દ) ઉપર જે જગાએ અથડાય છે ત્યાં પ્રકાશનું ઝીણું બિંદુ જોવા મળે છે. અ અને બ દરેક બે બે પ્લેટો છે, જેના પર બદલાતું વીજળીનું દબાણ (વોલ્ટેજ) મૂકવાથી કિરણને સ્કૅનિંગની ગતિ આપી શકાય છે. આ ગતિ આકૃતિ B માં બતાવી છે. એમાં તૂટેલી લીટી કિરણ ઝડપથી પાછું સરકી જાય છે તે ક્રિયા બતાવે છે. વ નિશાનીવાળું ફિલૅમેન્ટને ઘેરી રહેલું જે સિલિંડર છે તેના ઉપર લગાડેલા વોલ્ટેજ અનુસાર પ્રકાશબિંદુ મંદ કે પ્રબળ બની શકે છે. આ પ્રકાશારોપણ (light modulation) થયું કહેવાય.

ટિક તરંગો પ્રસરવા માંડે છે. ટેલીવિઝન જોવા ઇચ્છનાર માણસ પોતાના ઘરની અગાશી ઉપર ઍરિયલ બાંધે છે. પેલા તરંગો આ રિસીવિંગ ઍરિયલને વીંધતા જવાથી તેમાં પણ તેવી જાતનો તારંગિક પ્રવાહ



ટેલીવિઝન સંક્ષેપમાં આમ થાય છે


પેદા થાય છે. આ પ્રવાહ પછી ટેલીવિઝન રિસીવરમાં દાખલ કરવામાં આવે છે. ત્યાં સૌથી પહેલાં કૅરિયરને છૂટો કરી નાખવાથી, બાકી રહી તે તરંગશ્રેણી મૂળ પ્રકાશની તરંગશ્રેણીને બરાબર અનુસરતી હોય છે.

આવા તરંગનું પુનઃ પ્રકાશમાં કેમ રૂપાન્તર કરવું તે પ્રશ્ન હવે ઊભો થાય છે. આ કાર્ય પ્રથમ દૃષ્ટિએ જણાય છે તેટલું સહેલું નથી. ઘરમાં વાપરીએ તેવી વીજળીની બત્તીમાં પ્રકાશની પ્રબળતામાં ઝડપથી ફેરફાર કરી શકાતો નથી. બત્તી બુઝાવતી વખતે દરેકનો અનુભવ છે કે બટન ફેરવ્યા પછી **થોડીક ક્ષણો ગયા પછી જ** બત્તીના તાર લાલ ઝબકતા મટી જાય છે. નિયૉન ગૅસથી ભરેલી કાચની નળી પર વીજળીનું ઓછું દબાણ (વોલ્ટેજ) મૂકવાથી નિયૉન બત્તીના પ્રકાશની પ્રબળતા 'તત્ક્ષણ' વધતી ઓછી કરી શકાય છે. પણ નિયૉન બત્તીનો ઉપયોગ આજના ટેલીવિઝનમાં આ કામ માટે બહુ થતો નથી, કેમકે તેનો પ્રકાશ મન્દ લાલ રંગનો હોય છે. એક રસ્તો ડૉ. કર નામના વૈજ્ઞાનિકે શોધેલી 'કર સેલ' વાપરવાનો છે. એનો ગુણ એ છે કે તેની અંદર થી જતું પ્રકાશનું કિરણ, સેલ ઉપર મૂકેલા વોલ્ટેજ જેટલી ત્વરાથી વધે-ઘટે તેટલી ત્વરાથી તેજસ્વી કે ઝાંખું બનીને બહાર નીકળે છે. 'કર સેલ' વાપરવાનો ફાયદો એ છે કે પ્રકાશનું કિરણ અલાયદી કાર્બન આર્કની બત્તીમાંથી મેળવી શકાય અને તેથી ચિત્ર ઘણું ઊજળું બને. આ આખી ક્રિયાને 'પ્રકાશારોપણ'-(light modulation) કહે છે.

બીજો રસ્તો કૅથોડ-રે-ટ્યૂબ નામની ઇલેક્ટ્રૉન (પરમાણુ) પેદા કરનારી કાચની નળી વાપરવાનો છે. આ નળી ઉપર વધતો ઓછો વોલ્ટેજ મૂકવાથી પરમાણુઓનો વેગ વધારી ઘટાડી શકાય છે. એ પરમાણુઓ વધતા ઓછા જોરથી એક જાતના રાસાયણિક મિશ્રણથી રસેલા કાચના પટ પર અથડાતાં, તે પ્રમાણે વધતી ઓછી ઉજ્જવળતાવાળું પ્રકાશનું બિન્દુ મેળવી શકાય છે. આવા કાચના સ્ક્રીન ને

'ફ્લૉરેસૅન્ટ સ્ક્રીન' કહે છે. પ્રકાશના આ બિન્દુને સ્કૅનિંગમાં સમજાવી ગયા તેવી ક્રમિક ગતિ આપવાથી મોકલેલું દશ્ય ફ્લૉરેસૅન્ટ સ્ક્રીન ઉપર ખડું થાય છે.

~~બે આ જગાએ~~ સ્કૅનિંગ કરવાની એક રીત આપણે તપાસીએ. ધાતુના એક બિંબાકાર ચકતા (ડિસ્ક)ની કોર ઉપર સરખે અંતરે ઝીણાં કાણાં પાડયાં હોય છે. આની એક બાજુ પરથી એક તેજસ્વી કાર્બન આર્કની બત્તીમાંથી લેન્સની ગોઠવણ વાટે પ્રકાશ ફેંકવામાં આવે છે. સ્કૅનિંગ ડિસ્કની બીજી બાજુ ટેલીવિઝન લેવાનું હોય તે અભિનય થતો હોય છે. ડિસ્ક એક ધરી ઉપર ફરતું હોય છે. ડિસ્કના ઉપરના ભાગમાં એક લંબચોરસ બારી ગોઠવીને દશ્યની ચોકસ હદ નક્કી કરવામાં આવી હોય છે, અને ડિસ્કની કોર ઉપરનાં બે કાણાં વચ્ચેનું અંતર આ બારીની પહોળાઇ જેટલું રાખવામાં આવે છે. હવે આ ચક્કરને તેની ધરી ઉપર ગોળ ફેરવવા માંડીશું એટલે એક કાણું બારીની પહોળાઇની દિશામાં એકધારી ઝડપથી દોડતું જશે અને પ્રકાશની એક લીટી દશ્ય પર દોરશે. જમણી કોર ઉપર જેવું આ કાણું બારીની બહાર નીકળ્યું કે તરત તે પછીનું કાણું બારીની ડાબી કોરે પ્રવેશ કરશે. પ્રકાશની આ બીજી લાઇન પહેલી લાઇનની સહેજ નીચે દોરવી હોય તો આ બીજું કાણું પહેલા કાણા કરતાં બિંબની ધરીની વધારે નજદીક પાડવું જોઇએ. આ રીતે કાણાં વર્તુળાકારમાં ન પાડતાં ઘડીઆળની કમાનના આકારમાં પાડયાં હોય, તો સ્કૅનિંગની ક્રિયામાં પ્રકાશને જેવી ગતિ આપવી પડે છે તેવી ગતિ આપી શકાય.



સ્કૅનિંગ ડિસ્ક


સ્પષ્ટતા સારૂ અહીં બાર જ કાણાં બતાવ્યાં છે. બારીની પહોળાઇ બે કાણાં વચ્ચેના અંતર જેટલી હોય છે. કાણાં ઘડીઆળની કમાનના આકારમાં પડયાં હોય છે કે જેથી એક પછી એક લીટીઓ એકમેકને અડીને આવે.

આગળ કહી ગયા તેવી કૅથોડ-રે-ટ્યૂબ નામની પરમાણુઓનું કિરણ પેદા કરવાની નળીમાં સ્કૅનિંગ સહેલાઇથી થઇ શકે. પરમાણુઓનું કિરણ નેગેટિવ ઇલેક્ટ્રીસિટીનું બનેલું હોઇ; વીજળીનાં જુદાંજુદાં દબાણ નીચે તે મૂકવાથી તેને ધારેલી ગતિ આપી શકાય છે.


કેટલીક મૂળભૂત ક્રિયાઓ તપાસ્યા બાદ હવે આપણે ટેલીવિઝનનું અત્યારનું સ્થાન અને લોકરંજન અથવા તો વ્યવહારમાં તેની સફળતા-અફળતા તપાસીએ.

આગળ એક જગાએ કહ્યા મુજબ ટેલીવિઝન મોકલવા માટે અલ્ટ્રા-શૉર્ટ વેવ (અતિલઘુ તરંગો)નો કૅરિયર (વાહક) તરીકે ઉપયોગ કરવો પડે છે. રેડીઓ દ્વારા અવાજ મોકલવામાં આટલી ટૂંકી વેવ લેન્ગ્થ વાપરવાની જરૂર નથી પડતી. આનું કારણ એ છે, કે અવાજના તરંગોની ફ્રીકવન્સી વધુમાં વધુ ૮૦૦૦ સાયકલ જેટલી જ હોય છે. ટેલીવિઝનમાં દશ્ય-જાત તરંગો સેકંડમાં દસથી વીસ લાખ આન્દોલન પામતા હોય છે અને વાહક તરંગની ફ્રીકવન્સી વાહિત તરંગ કરતાં ઓછામાં ઓછી વીસ પચીસગણી (આશરે ૫ કરોડ) હોય તો જ સંતોષકારક કામ મળે છે. આથી ટેલીવિઝનમાં $\left(\frac{૩૦\ કરોડ}{૫\ કરોડ}=૬\right)$ છ મીટર કે તેથી ટૂંકી વેવ-લેન્ગ્થ વાપરવી પડે છે.

છ મીટરની લંબાઇના અતિલઘુ તરંગોની કેટલીક ખાસીઅતો હોય છે. રેડીઓ-વ્યવહારમાં વપરાતા બીજા તરંગોની પેઠે વાતાવરણમાં ઉપલાં પડોમાંથી (દા. ત. હેવીસાઇડ લેયરમાંથી) અતિલઘુ તરંગો પાછા ફેંકાતા નથી, આથી એ પૃથ્વીના ગોળાકારને અનુસરી શકતા નથી. આ બાબતમાં અતિલઘુ તરંગો



અતિ લઘુ તરંગો (અલ્ટ્રા શૉર્ટ વેવ્ઝ) પ્રકાશનાં કિરણોની માફક વર્તતાં હોવાથી પૃથ્વીના ગોળાકારને અનુસરી શકતાં નથી



એરિયલ જેમ વધારે ઊંચા બાંધીએ તેમ ટેલી-વિઝન બ્રૉડકાસ્ટ વધુ આઘે પહોંચે

કેમકે પ્રકાશનાં કિરણોની માફક વર્તે છે. ટેલીવિઝન બ્રૉડકાસ્ટ અત્યારે ત્રીસેક માઇલની ત્રિજ્યાવાળા વર્તુલમાંજ ઝીલી શકાય છે તેનું કારણ આ છે. આથી સમજાશે કે તરંગ ફેલાવનારો (ટ્રાન્સમિટર) એરિયલ અને તરંગ ઝીલનારો (રિસીવર) એરિયલ દરિયાની સપાટીથી જેમ ઊંચા બાંધીએ તેમ ટેલીવિઝન બ્રૉડકાસ્ટની મર્યાદા વિસ્તારી શકાય.

મોટરકારના એન્જિનમાં પેટ્રોલ ચેતાવવા માટે કરવા પડતા વીજળીના તણખાને લીધે જે તરંગ-સમૂહ જન્મે છે, તેની ટેલીવિઝનના ચિત્રોમાં વિકૃતિ-જનક અસર થાય છે. અલ્ટ્રા-વાયોલેટ કિરણો અને એક્સ–રે પેદા કરનારાં સાધનો નિકટમાં હોય તો પણ ચિત્રો અસ્પષ્ટ થવાની ધાસ્તી રહે છે. પણ આ બંને કારણો ટેલીવિઝનની પ્રગતિમાં ખાસ અડચણ-રૂપ બને તેવાં નથી, અને રિસીવિંગ એરિયલ આવી વિકૃતિઓના જન્મસ્થાનથી જેમ બને તેમ દૂર બાંધવાથી ઘણા કિસ્સાઓમાં રાહત મળી રહે છે.

ટેલીવિઝનમાં અવાજ અને દૃશ્ય બંને ભિન્નભિન્ન પણ લગભગ મળતી આવતી વેવ–લેન્ગ્થ ઉપર મોકલવામાં આવે છે (દા. ત. ૬·૬ અને ૭·૧ મીટર). આથી એક જ રિસીવિંગ એરિયલ ગરજ સારે છે. ટેલીવિઝનના રિસીવરમાં પછી આ બે પ્રોગ્રામ યોગ્ય ગોઠવણીથી અલગ કરી શકાય છે.

અત્યારનાં ટેલીવિઝન રિસીવરો મોટે ભાગે કૅથોડ–રે–ટ્યૂબ (પરમાણુઓની નળી)નો ઉપયોગ કરે છે આની મદદથી સ્કૅનિંગ અને પ્રકાશા-રોપણ (લાઇટ મૉડ્યુલેશન) બંને એક જ સાધન દ્વારા થઇ શકે છે. દૃશ્ય કૅથોડ-રે-ટ્યૂબ-ના છેડા ઉપર દેખાય છે. અત્યારે આવી નળીઓના જ સોથી માંડીને ત્રણસો ચારસો રૂપિયા બેસે છે. પૂરાં રિસીવરો ઇંગ્લંડમાં રૂા. ૮૦૦ માં વેચાય છે. જેમ ચિત્ર મોટું તેમ રિસીવર મોંઘું. સામાન્ય રિસીવરોમાં ૮"×૬"નું ચિત્ર મળી શકે છે.


ચિત્રની બારીકતા અને સ્પષ્ટતા ચિત્ર કેટલી લીટીનું બનેલું છે તેના ઉપર અવલંબે છે. ઇંગ્લંડમાં અત્યારે ૪૦૫ લીટીનું ટેલીવિઝન છે. એક સેકન્ડમાં ૨૫ પૂરાં ચિત્રો બંધાય છે, પણ આંખને તો સીનેમા-માં દેખાય છે તેમ તૂટ વગરનું ચાલુ ચિત્ર જોવા મળે છે. ચિત્રની ફ્રીક્વન્સી જો ઓછી હોય તો ચિત્રમાં આણગમતો ઝગમગાટ ('ફ્લિકર') આવે છે, પણ ચિત્રની ફ્રીક્વન્સી વધવાથી દૃશ્ય–જાત તરંગોની ફ્રીક્વન્સી પણ વધે છે અને એ રીતે ટેલીવિઝનના કાર્યમાં વિવિધ મુશ્કેલીઓ પેદા થાય છે. ચિત્રનો ઉજાશ ઘટાડવા તૈયાર હોઇએ, તો પણ ફ્લિકર ઘટાડી શકાય છે. વ્યવહારમાં આ પરસ્પર વિરોધી તત્ત્વોનો સુમેળ સાધવામાં આવે છે.

નીચેની વસ્તુઓ ત્યારે ટેલીવિઝનની અત્યારની પ્રગતિ રોકી રહી છે:

(૧) સ્ટેશનથી ત્રીસેક માઇલથી આઘે પ્રોગ્રામ ન ઝીલી શકાય. એટલે તેનું ખર્ચ પ્રમાણમાં ઓછા ગ્રાહકો પર પડવાથી તે ન પરવડે.

(૨) ચિત્રનું ઘણું નાનું કદ.

(૩) મધ્યમ વર્ગને ન પોસાય તેવાં મોંઘાં રિસીવરો.



ટેલીવિઝ્ઝન રિસીવર, રેડીઓ ને ગ્રામોફોન ત્રણે આ સેટમાં એકઠા કર્યા છે.



શહેનશાહ છઠ્ઠા જ્યોર્જના કૉરોનેશન વખતે લંડનમાં સરઘસનાં દૃશ્યો બ્રૉડકાસ્ટ થયાં હતાં. ચિત્રમાં જમણી બાજુના ઓટલા ઉપર સ્ટૅન્ડ પર ગોઠવેલા ટેલીવિઝ્ઝન કૅમેરા નજરે પડે છે.

(૪) ચિત્રમાં ઝગમગાટ (ફ્લિકર)


હવે ટ્રાન્સમિટિંગ સ્ટેશનની મુશ્કેલીઓ:

(૧) પ્રોગ્રામ એકધારા નીકળવા જોઇએ. ટેલીવિઝ્ઝન કૅમેરા માટે બધું તૈયાર જોઇએ. અને ન જોઇતી એકે ચીજ કૅમેરાની દૃષ્ટિમર્યાદામાં ન આવવી જોઇએ.


(૨) ચલચિત્રો (સીનેમા–ફિલ્મ)ની ફોટોગ્રાફી સાથે સરખાવીએ તો કૅમેરા ચલાવનારનું કામ અઘરૂં બન્યું, કેમકે પાછળથી કાપકૂપ અને editting ન થઇ શકે. વળી ચલચિત્ર એક વાર તૈયાર થયું એટલે લાખો પ્રેક્ષકોને બતાવવાથી ખર્ચ નીકળી રહે, પણ ટેલીવિઝનનો પ્રોગ્રામ તો એક જ વખત બતાવી શકાય,—જ્યારે સંપૂર્ણતાનું ધોરણ ઓછામાં ઓછું સીનેમા જેટલું તો ટેલીવિઝ્ઝનમાં પણ રાખવું જોઇએ, નહિ તો લોકરંજનમાં તેનું મૂલ્ય ઘટે.



લંડનનાં સાયન્સ મ્યૂઝિયમમાં ટેલીવિઝ્ઝનનું ખાસ પ્રદર્શન
છેક ડાબી બાજુ કૅથોડ-રે-ટ્યૂબવાળું રિસીવર છે. અને તે પછી 'એમિટ્રૉન'–ટેલીવિઝ્ઝન કૅમેરા નજરે પડે છે.



ટેલીવિઝ્ઝન રિસીવર (અંદરનો દેખાવ)
સૌથી ઉપર કૅથોડ-રે-ટ્યૂબ છે. તેના પાછળના છેડામાંથી કનેક્શન કરનારા તાર રિસીવરના જુદા જુદા ભાગો તરફ જાય છે. છેક નીચે લાઉડસ્પીકર ગોઠવ્યું છે.



સ્વૉરિકિને શોધેલો આઇકૉનોસ્કોપ.

અ નિશાનીવાળી પ્લેટ નીચે મુજબ બનાવી હોય છે—અબરખની એક પાતળી પતરીની એક બાજુ ધાતુની પ્લેટ ચોટાડી હોય છે, જ્યારે બીજી બાજુ અસંખ્ય નાની નાની ફોટો ઇલેક્ટ્રિક સેલ બનાવી હોય છે. દરેક સેલ, વચ્ચેનું અબરખ અને ધાતુની પ્લેટ ત્રણે ગળીને એકેક નાનું કન્ડેન્સર બને છે. દૃશ્ય લેન્સની મદદથી આ ફોટોસેલના ભરતકામ પર નાખવામાં આવે છે. આથી દરેક નાની નાની ફોટોસેલને ભાગે દૃશ્યનો જે હિસ્સો આવે તે જેટલો ઉજળો હોય તે પ્રમાણમાં તે તે સેલના કન્ડેન્સરમાં વીજળીનો જથો ભરાઇ રહે છે. બાકીનો ભાગ કૅથોડ-રે-ટ્યૂબને મળતો હોય છે. જ્યારે પરમાણુઓનું કિરણ અ નિશાનીવાળી પ્લેટ ઉપર સ્કૅનિંગ કરે છે ત્યારે દરેક ક્ષણે પેલા બારીક કન્ડેન્સરોમાં ભરાએલી વીજળી નીકળી જાય છે. આને લીધે આઇકૉનોસ્કોપને જોડેલા ઇલેક્ટ્રિક તારોમાં એવો એક તારંગિક પ્રવાહ પેદા થાય છે કે જે ક્રમશઃ દૃશ્યના બારીક ભાગોની ઉજ્જ્વળતાને અનુસરે છે. આઇકૉનોસ્કોપ આમ સ્કૅનિંગ ડિસ્ક ને ફોટોસેલ બેઉની ગરજ સારે છે.

એ ખર્ચનો વિચાર કરતી વખતે યાદ રાખવા જેવું છે.


બીજી એક વસ્તુ પણ વિચારવા જેવી છે. ટેલીવિઝન જોવા સાધારણ અંધારા ઓરડામાં બેસવું જોઇએ. રેડીઓ સાંભળતાં બીજું કામ પણ કરી શકાય, પરંતુ ટેલીવિઝન જોવા તો બધું કામ છોડીને જ બેસવું જોઇએ.

આ બધી મુશ્કેલીઓ છતાં કહેવું જોઇએ કે ટેલીવિઝન જીવનમાં ઘણી નવીનતાઓ આણી શકશે. એક દાખલો લઇએ તો લંડનમાં છેલ્લા રાજ્યાભિષેક વખતે ખૂબ ખર્ચે પણ સવારીનો જેટલો ભાગ ન જોઇ શકાય તેટલો ભાગ ટેલીવિઝનની મદદથી તે જ ક્ષણે ઘણા લોકો પોતાને ઘેર બેઠા જોઇ શકેલા કલાકારો કે ગાનારાઓને પ્રત્યક્ષ બોલતાં કે ગાતા જોવામાં પણ વિશિષ્ટ આનંદ મળે છે. વળી ઉપરની ઘણી મુશ્કેલીઓ વિજ્ઞાન અને લોકમત બંનેની પ્રગતિ થતાં દૂર થવાની વકી છે. અને બીજા એકાદ દશકામાં તો ટેલીવિઝને ઘણો પંથ ખેડી નાખ્યો હશે તેમાં શકા નથી.

ટેલીવિઝન વિજ્ઞાનમાં અત્યારે નીચેની દિશાઓમાં ઘણા કાર્યકરોનું ધ્યાન ખેંચાઇ રહ્યું છે. 'સ્વૉરિકિન (Zworykin) નામના અમેરિકને પરિપૂર્ણ કરેલા આઇકૉનોસ્કોપ (iconoscope)માં પરમાણુઓના ગુણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાધન દ્વારા સ્ટુડીઓ બહારનું ટેલીવિઝન પણ સહેલાઇથી લઇ શકાય છે. આવા કામ માટે ઇન્ટરમીજિયેટ ફિલ્મની પદ્ધતિ પણ ઉપયોગી નીવડી છે આ પદ્ધતિમાં પહેલાં દૃશ્યની ફિલ્મ ઉતારવામાં આવે છે અને ધોવાયા પછી તરત તેનું સ્કૅનિંગ થાય છે. દૃશ્ય બનાવવાની અને રિસીવર પર ઝીલાવાની વચ્ચે માત્ર અર્ધી મિનીટનો જ ગાળો ઉપલાં કામોમાં પડે છે, જે વ્યવહારમાં મહત્ત્વનો નથી.

જમીન નીચે દોરડાં નાખી તે વાટે જે ટેલિ-

(૩)કળાકારોની પસંદગીમાં રેડીઓની જેમ એકલા અવાજને નહિ પણ સિકલને ય સ્થાન આપવું પડે



લંડન ટેલીવિઝન સ્ટુડિયો

મ્યુઝિકલ ઑરકેસ્ટ્રાનું ટેલીવીઝન લેવાય છે. ટેલીવીઝન કૅમેરા ચિત્રમાં જમણી કોરે '૧' નિશાની કરી છે તેની નીચે જણાય છે.

વિઝન મોકલાય છે તે કરતાં સામાન્ય ટેલીવિઝનમાં ફરક એ છે કે આકાશ માર્ગે સંદેશા લઇ જવાને બદલે તેમાં ધાતુના તાર મારફતે સંદેશા લઇ જવામાં આવે છે. બ્રૉડકાસ્ટિંગ માટે આવું ટેલીવિશ્ઝન ન જ વાપરી શકાય—સિવાય કે એકથી બીજા સ્ટેશને પ્રોગ્રામરીલે (relay) કરવા સારૂ ટેલીવિશ્ઝન-ટેલીફોન સર્વિસ માટે પણ દૃશ્ય વીજળીનાં દોરડાં વાટે લઇ જવામાં આવે છે.

અત્યારે ટ્રાન્સમિટર અને રિસીવર બંને જગ્યાએ સ્કૅનિંગ માટે ભાગે પરમાણુઓનાં કિરણ વાપરીને થાય છે. પણ સ્કૉફોની (scophony) અને બીજી યાંત્રિક રીતો પણ સંપૂર્ણતા પામી નજીકના ભવિષ્યમાં ટેલીવિશ્ઝન વિજ્ઞાનમાં ક્રાન્તિ ઉપજાવશે અને એ રીતે ટેલીવિશ્ઝનનો વ્યવહાર આર્થિક દૃષ્ટિએ સસ્તો બનશે તેવી આશા રખાય છે.

ટેલીવિશ્ઝનનું વધારે વિગતથી વૈજ્ઞાનિક વાચન કરવું હોય તેમને માટે

પુસ્તકનિર્દેશ

(1) Television To-day (in 2 Vols.), by George Newnes & Co., £ 2 2-0 (2) Television, by J. H. Rayner, Chapman (1933) 12s. 6d. (3) Television Up-to-date, (An elementary treatise) Hutchinson (1937) 3s. 6d. (4) Television To-day and To-morrow, by Moseley and Chapple, Pitman (1934) 3s. 6d.

ધ્વનિ

સરલ પંથ હું ના ચહુ

• પૃથ્વી •

ખસો જટિલ ઝાંખરાં કુટિલ કંટકો કાંકરા,
ખસો દૂર તમે ખસો સરલ પંથ મારા કરો,
જલૌઘ ઢગ રેતના, પ્રખર શૈલશિલા તમે,
કરાલમુખ કન્દરો, પ્રગતિપંથમાંથી ખસો.

નિહાળી મુજ અંગઅંગ મૃદુ પાતળાં વામણાં,
તમે પથમહીં ધસી કડક રૉફથી ડારતાં,
અને અડગ આકરાં ગભીર રૌદ્ર બીહામણાં
ધરી સ્વરૂપ કારમાં ડગમગાવતાં દેહને.

પરન્તુ મુજ દેહમાં પ્રબલ આત્મશક્તિ વસી,
ચકાસી તમ જોરને વિજયનિશ્ચયે એ હસી,
'ભલે વિઘન આવતાં વિઘન શક્તિ સાચી કસે,
કસી, સ્થગિત શક્તિને પરમ તેજ એ અર્પતાં.'

× × × ×

રહો જટિલ ઝાંખરાં કુટિલ કંટકો કાંકરા,
રહો સ્થિર રહો તમે સરલ પંથ હું ના ચહું
જલૌઘ ઢગરેતના, પ્રખર શૈલશિલા તમે
કરાલમુખ કન્દરો, પ્રગતિપંથમાંહીં વસો.

સદૈવ અવરોધજો મુજ વિકાસમાર્ગો તમે,
નમી નમન છેવટે મુજ પરાક્રમે હારજો.

અમિત્ર મુજ ના તમે પરમ મિત્ર મારા ગણું,
તમે જ નિજશકિતનું વિરલ ભાન આપ્યું મને.

લાભશંકર પાઠક

સામનો

• પૃથ્વી •

પ્રવાત શરૂ ત્યાં થયો; સભય ત્રાડ નાખી નભે.
વળી સકળ તેજપુંજ રવિ રશ્મિ સંકેલીને
થયો અકળ રેણુએ; હૃદય સર્વ કંપી ઉઠ્યાં.
સ્વરો વિહગગાનના પ્રલયગાનના સૂરમાં
મળ્યાં, મધુરતા ત્યજી રુદનમાં ફરી તે ગયા.
કરાલરુપ રુદ્ર શું પ્રલય પેખવા વિશ્વનો
થયા મગન તાંડવે, ધ્રવસિતારલો વા ચળે''
—હતું ન કશું તે થયું; ભીષણ ફક્ત આંધી ચઢી.

તહીં પ્રબળ વાયુ સાથ વડ યુદ્ધને આદરે
ધરી અડગ શિર્ષને; નિજ તૂટી દ્વિપક્ષો ગઇ
છતાં ય ન ડગ્યો; જતાં સરવ અંગ છેદાઇ છો
નમે શિર ન વીરનું—જીવનમાં ય આંધી ઘણી
ચઢે છ મમ; તો પછી ન વડલા સમોચ્ચ પ્રા-
શિરોન્નત રહી કરૂં સબળ સામનો પ્રો

રજનીકાન્ત દેસાઇ

અહિંસાના વમળમાં

લેખક - કાકાસાહેબ કાલેલકર

[૧]

પ્રેમીનાં બચ્ચાં ઘણા દિવસ થયાં માંદાં હતાં. દુર્ગાબહેને એમની સારવારની બાબતમાં મણા રાખી ન હતી, પણ દર વરસે અમે જોએલું કે પ્રેમીને બચ્ચાં થાય છે, પ્રથમ ઠીકઠીક પુષ્ટ દેખાય છે, પણ પછી એમને કાંઈક રોગ લાગુ પડે છે, બચ્ચાં સુકાવા લાગે છે, અને અંતે રીબાઇરીબાઇને મરી જાય છે. ત્રણેક વરસ મેં આમ જોએલું. આ ફેરે જ્યારે બચ્ચાં સુકાવા લાગ્યાં ત્યારે મારા મનમાં કાંઈ ને કાંઈ થવા લાગ્યું. એ મૂક જનાવરનું દુઃખ તો કલ્પનાથી જ સમજાય, પણ તે દૂર શી રીતે કરાય? આખરે જ્યારે એ બહુ જ પીડાવા લાગ્યાં ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે હવે એને મારી નાખીએ તો ઠીક.

આવો વિચાર ગાંધીજીની અહિંસાની ફિલસૂફી સાંભળ્યા પછી મનમાં આવ્યો છે એમ નથી. હું અંગ્રેજી બીજી ભણતો ત્યારે મારા ઘરની એક ઘરડી બિલાડી મરી ગએલી ત્યારે પણ અસ્પષ્ટ રીતે એવો વિચાર આવેલો. પણ તે યદચ્છાએ એમ બનેલું કે કોકે મને કહ્યું કે તુંબાનાં પાંદડાંનો રસ બિલાડીના નાકમાં રેડો તો તેનો રોગ મટી જશે. બિલાડીને જીવાડવાની આશાએ મેં ખૂબ રસ તૈયાર કર્યો અને એના નાકમાં રેડ્યો. રેડતી વખતે મનમાં વિચાર આવ્યો, આથી એને ફાયદો થાય તો સારૂં છે. અને રસ વધારે થશે અને બિલાડી ગુંગળાઈ જશે તોપણ એમાં શું ખોટું? બિચારી રીબાતી તો મટી જશે.

ઘણે વરસે બીજી વાર એવો જ પ્રસંગ બન્યો. ...જ્વરામાં દેશપાંડે સાહેબને ત્યાં એક ઘરડી ગાય મરવા ...ી હતી. મને થયું કે આ ગરીબ ગાયની અંતિમ ...ના હું જોયા કરૂં છું, અને તે મટાડવાનો એકમાત્ર ઉપાય છે, તે અમલમાં મૂકતો નથી એમાં ઘાતકીપણું નથી? મેં દેશપાંડે સાહેબ સાથે એની ચર્ચા કરી. સુકહ્યું, 'હિન્દુ તો કોઇ કાળે આમ મારવાનો મારી ન્હે. ઇશ્વરે એને નસીબે જેટલી આવરદા ખંચાય. ...ખદુઃખ આપ્યું હશે તેટલું એ ભોગવી જરા ગા તો થયો, પણ ચોક્કસ ધર્મનિર્ણય તો મારા મન સાથે ન થયો. શંકા ઊઠ્યા જ કરતી હતી કે આમ તો આપણાથી કોઇને મદદ પણ ન થાય. ઇશ્વરની યોજના હશે તે પ્રમાણે તે પ્રાણી સુખ કે દુઃખ વેઠશે. બીજી બાજુએ મન કહેતું, મદદ કરવી એ વાત જુદી છે; પણ દરેક પ્રાણીને વહાલો એવો દેહ અને જીવનનો સંબંધ વિખુટો કરવામાં આપણે આપણી પાસે ઐશ્વર્ય ધારણ નથી કરતા?

પ્રેમીનાં બચ્ચાંની બાબતમાં વાત સ્પષ્ટ હતી. એ એકબે દિવસમાં કે થોડા કલાકમાં મરવાનાં તો છે જ, એટલે ખરૂં જોતાં એમને મારવા જીવાડવાનો સવાલ છે જ નહિ. સવાલ ફક્ત એમની અંતિમ વેદના ટુંકાવા જેટલી દયા આપણી પાસે છે કે નહિ તે અને એ અમલમાં મૂકવાનો આપણો અધિકાર કેટલો તે.

આખરે મેં મહાદેવભાઇને પૂછ્યું. તેમનો જવાબ સ્પષ્ટ ન હતો. એમણે કહ્યું, શુદ્ધ દયાભાવથી જ તમે મારવા માગો છો એવી તમારા અંતરાત્માની ખાતરી મળતી હોય તો ભલે મારો. મેં નક્કી કર્યું કે બચ્ચાંને જીવતું દાટી દેવું એટલે સહેલાઇથી પાર આવશે, પણ દુર્ગાબહેને અમારો સંવાદ સાંભળ્યો. તેઓ મહાદેવભાઈ ઉપર ચીડાયાં. મને તો એમણે 'ચારા'માં જ ગણી કાઢ્યો હશે, પણ ભલમનસાઇને લીધે એમણે મને કશું ન સંભળાવ્યું. પણ મેં જોયું કે રોઈ રોઇને એમની આંખો લાલ થઈ હતી.

હવે નવો સવાલ ઊભો થયો. દુર્ગાબહેનનું કોમળ હૃદય દૂભવીને મારે પ્રેમીનાં બચ્ચાંને દુઃખમાંથી બચાવી લેવાં એ મારો ધર્મ થાય ખરો? મેં બચ્ચાંને મારવાનું માંડી વાળ્યું. બીજે જ દિવસે એક કે બે કલાકને આંતરે બંને બચ્ચાં મરી ગયાં, અને હું જાતે જ એમને જમીનમાં દાટી આવ્યો.

આપણો દયાધર્મ પોચો છે. આકરા પગલામાં આપણે દયા જોઈ શકતા નથી. અનેક પ્રસંગોમાં દયાધર્મનાં વિવિધ સ્વરૂપ ઓળખતાં આપણે શીખવું જોઇએ.

[૨]

વિદ્યાપ... હાવા માટે બાંધેલી કેટલીક ઓરડી-

ઓ નકામી પડી હતી. પહેલેથી જ એ નહાવા માટે વપરાય એવી ન હતી. કોઈ વખતે એનો ઉપયોગ નાના રસોડા તરીકે થતો અને કોઈ વખતે સરસામાનના ભંડાર તરીકે એ વપરાતી. જે વસ્તુનો હમેશને માટે ઉપયોગ નથી તે એક વખતે એક બાજુએ ખડકાઈ એટલે વરસો સુધી કોઇ એને ત્યાંથી ખસેડે નહિ. આવું સ્થાન જો રહેવા માટે સર્પો પસંદ ન કરે તો એને બીજું વસનારૂં કોણ મળે? પડખે જ એ જૂની થોરની વાડો અને વચ્ચે આવું અવાવરૂ મકાન; એટલે કેટલાક કાળાકાળા લાંબા અને જાડા સર્પોએ પોતાનો સુરક્ષિત વાસો ત્યાં કર્યો.

ઓછામાં ઓછે ખર્ચે વધારેમાં વધારે રહેવાની સગવડ શોધવાની દાનતથી મેં આ ઓરડીઓને એક રહેતું ઘર કરાવ્યું. અંદરની નકામી ભીંતો પાડવાનું કામ મજૂરો કરતા હતા, એટલામા અંદરથી એક સર્પ નીકળ્યો. મજૂરો કહે કે તેમણે એ પકડ્યો અને દૂર છોડી આવ્યા, તોપણ એ બીજીવાર આવ્યો. એને ફરી પકડીને ફરી છોડી આવ્યા. એક દિવસે કામ ક્યાં સુધી આવ્યું છે એ જોવા હું એ તરફ ગયો ત્યાં એક જણે કહ્યું, અંદર એક જાડો સર્પ નીકળ્યો છે. મેં જઇને જોયું તો એક નાનકડી ઓરડીમાં લોઢાના એક જાડા પાટ તળે દબાએલો એક સર્પ પડ્યો છે. છટકી જવાને અનેક ફાંફાં મારીને એ સાવ થાકી ગયો હોય એમ લાગતું હતું. એની આંખોમાં બીક અને હેરાનગતિ સ્પષ્ટ દેખાતી હતી. એ તોફાને ચઢ્યો છે એમ જરા યે લાગતું ન હતું. મેં એક મજૂરને કહ્યું, તમે બે વાર છોડી આવ્યા છો એ જ આ સર્પ હશે. બીજા મજૂરે કહ્યું: 'ના આ સરપ જુદો છે. પેલો આવો જ હતો, પણ આ તે નહિ.'

હું સમજી ગયો. ગુજરાતમાં અહિંસા ધર્મના સાર્વત્રિક પ્રચારને લીધે લોકો કીડીઓ, મંકોડા, માંકડ, કૂતરા અને સર્પ વીંછી તરફ અસાધારણ દયાભાવથી વર્તે છે. ઉજળિયાત કોમોની આ વૃત્તિનો ચેપ મજૂર કોમોમાં પણ પહોંચી ગયો છે. એટલે તેઓ પણ બનતાં સુધી આવાં પ્રાણીને મારે નહિ. ઘેટાં, બકરાં અને મરઘાંને મારી ખાનાર માણસ પણ સર્પ વીંછીને મારી નાખતાં ખંચાય. ધાર્મિક વૃત્તિ એ દેવતાના તેજ જેવી છે. માણસ જરા ગાફેલ થયો એટલે દેવતા ઉપર રાખ બાઝે છે અને તેજ મોળું પડે છે. જેનાથી આપણે ભય પામીએ તેનો નાશ ઇચ્છવો એ મનુષ્યની પ્રકૃતિમાં રહેલું છે. એ પ્રકૃતિ ઉપર વિજય મેળવવા ધર્મ મથે છે. અને ધર્મ એ પણ મનુષ્યસ્વભાવનું સાચું અંગ છે જ. જ્યારે ધર્મનો આગ્રહ મોળો પડે છે, ત્યારે એને ઠેકાણે દંભ આવીને બેસે છે. જેમ પ્રેમ અને ઉદારતાને ઠેકાણે ઠાલો વિવેક આવે છે, તેમ જ ધર્મના આગ્રહને ઠેકાણે આચારનો દંભ ઘર કરે છે. રાતદિવસ ખેતી કરનારા, થોરની વાડો તોડનારા કે બાંધનારા અને ઢોરોને ચરવા જંગલમાં લઈ જનારા લોકોને સર્પ સાથે સંબંધ હમેશાં પડવાનો. અને તેઓ સર્પોને હમેશાં છોડી દે એ તો બને જ નહિ. પણ કોઇએ સર્પ માર્યો હોય તો તેવું કર્યાનો સીધો એકરાર કરતાં શરમાય. બીજા પ્રાંતમાં કોઇ સર્પને મારે તો તે પાંચપચાસ લોકોને ભેગા કરીને તેમને બતાવ્યા વગર અને પોતાની બડાઇ કર્યા વગર રહે નહિ. ગુજરાતમાં તેમ નથી કરતા. તેથી જ્યારે પેલા મજૂરે મને કહ્યું કે તે દિવસનો સર્પ જુદો હતો ને આ જુદો છે ત્યારે હું સમજી જ ગયો કે આ લોકોએ પહેલાને પૂરો કર્યો છે.

પણ હવે આ ઘાયલ થએલા સર્પનું શું કરવું? સર્પને પકડવાની ફાંસલાવાળી ડાંગ તો વિદ્યાપીઠમાં હતી જ નહિ. આશ્રમના છોકરાઓ હોત તો જોતજોતામાં ત્રણચાર જણા મળીને સર્પને પકડીને નદી સુધી પહોંચાડી આવ્યા હોત. પણ અહીં તો પૂરતા વિદ્યાર્થીઓ પણ નહોતા. મજૂરોમાંથી કોઇને સર્પ પકડતાં આવડે નહિ. બધા બીકને વશ થએલા દેખાતા હતા.

અને પેલો સર્પ? સર્પ જ્યારે આમ સપડાય છે ત્યારે મરણીઓ થઇને વલખાં મારે છે, મોં વકાસે છે, કરડવા ધાય છે. પણ આ સર્પ તો સાવ થાકી ગએલો હતો. એની આંખો જાણે દયા માગતી હતી. પીઠ પર પડેલા લોઢાના પાટથી એનાં હાડકાં ભાંગી ગયાં હતાં. જ્યારે મજૂરો મને પૂછતા હતા કે હવે આનું શું કરીએ, ત્યારે બંદીવાન જેમ ન્યાયાધીશ કે નવાબ તરફ દયામણી આંખે જુએ તેમ પેલો સર્પ મારી તરફ જોતો હતો એમ મને લાગ્યું. એનું જીવવું કે મરવું એ મારા મોઢાના એક વચન પર આધાર રાખતું હતું. મજૂરો કહે, એને પકડીને દૂર પહોંચાડશો તો યે અહીં ફરીને આવ્યા વિના રહેવાનો નથી. એ

આપણને જ નડવાનો. એ ઘાયલ તો થયો છે, એટલે એણે મનમાં વેર બાંધ્યું છે. એનું શું કરવું તે અમને કહો. મારા મનમાં પેલી અંગ્રેજી કવિતાની લીટી યાદ આવી. 'જેનામાં પ્રાણ રેડવાની તારી તાકાત નથી તેનો પ્રાણ હરણ કરવાની હિંમત ન કરતો.' પણ એ લોહાનો બોજો એને અસહ્ય છે એ તો સ્પષ્ટ દેખાતું હતું. બરડાનાં એક બે હાડકાં ભાંગેલાં એટલે એ વળખાં પણ મારી શકતો નહોતો. એને પકડનાર કોઇની રાહ જોઇએ અને એને પકડીને થોડે દૂર છોડી દઇએ તો યે એ દોડી શકવાનો નહિ અને કીડીઓ એને કરડી કરડીને એના માંસ પર ઉજાણી કરવાની. પણ મજૂરો કાંઇ ચોકબેચોકખું કહે નહિ કે અમને એને મારવા દો. અને મારો પણ નિશ્ચય ન થાય કે કહું કે એને મારી નાખો. કોણ જાણે શાથી મને તો એ સર્પ મારો સગો ભાઈ હોય એમ જ લાગવા માંડ્યું. પહેલાં આમ થતું નહિ, પણ હવે તો એ બંધુભાવના વધારે ને વધારે સ્પષ્ટ થતી ગઈ; એને મારવાનો સંકલ્પ એક તરફ મનમાં દૃઢ થતો જાય અને બીજી તરફ એની આંખો જોઇને એનામાં પણ મારા જેવી જ જિજીવિષા છે એનો ખ્યાલ આવે.

તે એક ક્ષણમાં મેં કેટલા યે વિચારો કરી નાખ્યા હશે. પછી મનને કહ્યું કે આ હેમ્લેટવેડા ચાલે નહિ. ચોક્કસ નિર્ણય ઝટ આપવો જ જોઇએ. અનિશ્ચય—નિર્ણય ન આપવાનું કાયરપણું—એ આપણા સમાજનો વ્યાપક દોષ છે. મારે કાંઈ પણ નિશ્ચય સ્પષ્ટ રીતે તરત કહી જ દેવો જોઇએ. મેં મજૂરોને કહ્યું, તમારે એને મારવાની રજા જોઇએ છે ને? લ્યો હું તમને કહું છું કે એને મારી નાખો. એક ડોસો જે સર્પને મારવાને કાંઇક ઈંતેજાર દેખાતો હતો તે એકદમ બોલી ઊઠ્યો, 'ચાલો, ધણી પોતે જ મારવાની રજા આપે છે ત્યારે વાંધો શો?' મેં મનમાં કહ્યું, સાચે જ પાપ મારે માથે છે. જ્યારે સર્જનહાર આગળ એ સર્પ મને રજૂ કરશે ત્યારે મારે જ એનો મુખ્ય જવાબ આપવો પડશે; આ મજૂરોને નહિ.

પેલો ડોસો મને કહે, હવે તમે અહીંથી જાઓ. એને શી ખબર કે મારા મનમાં શું ચાલતું હતું? એને થયું હશે કે આ સાહેબના મનમાં જૈનો જેવો કોઇ વહેમ નથી, એટલે એણે સુખેથી મારવાની રજા આપી છે. અને મારા મનમાં વિચાર આવ્યો કે આ મજૂરોને શું હું સમજાવવા બેસું કે સર્પ મારવામાં હું માનતો નથી; મારવાને લાયક હોય તો સર્પ કરતાં માણસ જ વધારે છે; વધારે દુષ્ટ કોણ, માણસ કે સર્પ એ સવાલનો જવાબ આપણે સહેજે આપી શકવાના નથી. એ બધું હું આ મજૂરને સમજાવવા બેસું તો શું એ સમજવાનો હતો? એ તો મારી બાહ્ય ક્રિયા જ સમજી શક્યો. અને બાહ્ય ક્રિયામાં તો ઘાતકીનું આચરણ કર્યું છે.

ડોસાએ ફરી મને કહ્યું, 'હવે તમે અહીંથી જાઓ'—જાણે એમ જ કહેવા માગતો હોય કે પાપનું પોટલું તમે પૂરતું બાંધી લીધું છે. હવે છેલ્લા ઘાતકી અંતમાં તમે હાજર ન રહો તો યે ચાલે એમ છે એ કઠોર દેખાવમાંથી અમે તમને બચાવીશું. હું ત્યાંથી ખસી ગયો. સર્પની દયામણી આંખો મારી દૃષ્ટિ આગળ તરતી હતી. અને કાનમાં કોઇક બોલતું હતું, **Abel and Cain (gen-chap IV)**. દૂર જઇને રસોડાની જાળીનું કામ બરાબર થાય છે કે કેમ એ જોવામાં મન પરોવતો હતો, એટલામાં બૂમ સંભળાઈ: 'મારો, મારો, નહિ તો છટકી જશે.'

ભાઈ સર્પ, એ બધો વખત તારા મનમાં શું ચાલતું હશે?

[૩]

આશ્રમની જ વાત છે. એક દિવસે એક સર્પ નહાવાની ઓરડીમાં આવીને ભરાયો હતો. બહારની બાજુ કોળાનો વેલો ફેલાયો હતો. સર્પ પહેલવહેલો કાકીએ જોયો. એણે બૂમ પાડીને મને બોલાવ્યો. પુંડલિક મામા જોડે હું વાતો કરતો હતો. અમે બંને જણા ત્યાં દોડ્યા. પુંડલિક મામાએ એક સરસ લાંબી લાકડી લીધી હતી. સર્પ તો નહાવાની ચોકડીની ખાળમાંથી બહાર નીકળી ગયો હતો અને વેલા પાસેની ખુલ્લી જગ્યામાં આગળ શું કરવું એના વિચારમાં પડ્યો હતો. એટલામાં અમે જઇ પહોંચ્યા. પુંડલિક કહે, એ તો, નાગ છે. એને મારવાથી બ્રાહ્મણ માર્યાનું પાપ લાગે. મહારાષ્ટ્રમાં નાગ બ્રાહ્મણ મનાય છે. એને મારીએ તો એના મોઢામાં એક પૈસો નાખી અને શરીર પર જનોઇ પાથરી પછી એને બાળી નાખવો પડે છે.

મેં પુંડલિકને કહ્યું, એ ગમે તે હો. પણ આપણાથી આને મરાય જ નહિ. એ બિચારો ઠંડક શોધતો આપણી

નહાવાની ઓરડીમાં ભરાયો. એમાં એનો કશો વાંક નથી. એ કાંઈ ત્યાં કાયમ રહેવા પણ માગતો નથી. જેવો આવ્યો તેવો પાછો જશે. સર્પને જોયો કે મારવા તૈયાર થયા એ નરી દુષ્ટતા છે. એને પણ જીવવાનો હક છે.

કાકીથી કંઇ આ બધું સહન થાય? એ બોલી ઊઠી: 'પુંડલિક મામા, તમે એ બધું જરા યે સાંભળતા નહિ. ધર્મની વાત પાછળથી કરીશું. અત્યારે તો તમે એ સર્પને મારી જ નાખો. મારા છોકરાઓ આખો દહાડો બગીચામાં રમે છે. આ જોખમ ખેડવા જેવું નથી. જે કાંઈ પાપ લાગતું હશે તે મને લગાડવાનું. હું કહું છું તમે એને મારો.'

મને કાકી પર ચીડ ન ચડી. એના સર્પ પરના દ્વેષમાં હું દીકરાઓ પ્રત્યેનો પ્રેમ જોતો હતો. સ્ત્રીઓનો પ્રેમ અત્યંત ઉત્કટ હોય છે પણ એનું ક્ષેત્ર મર્યાદિત હોય છે, એમ અનેકવાર મેં કાકીને કહેલું એનો જ આ એક દાખલો હતો. મેં પુંડલિકને કહ્યું, 'કાકીને પાપ તો જરૂર લાગશે, પણ તેથી કાંઇ તમારૂં પાપ ઓછું થવાનું નથી. બીજા કહે છે એટલા માટે જ મારવા તૈયાર થવું એ તો જલ્લાદનું કામ થયું. પણ એને મહેનતાણું મળે છે. તમને તો એ યે કોઇ આપવાનું નથી.'

મારી દલીલની અસર કાકી અને પુંડલિક બંને ઉપર જુદી જુદી રીતે થઇ. પુંડલિક પાછા હઠ્યા. અને કાકી મારા ઉપર નાગણ જેટલી ક્રોધે ભરાઇ. એ માણસ ન હોત તો જરૂર મને કરડત હું તો હસતો જ હતો. એણે ફરી પુંડલિકને કહ્યું, 'પુંડલિક મામા, જુઓ કેટલો ઝેરી સર્પ છે આ? ફેણ પણ કાઢે છે. તમે શાનો વિચાર કરો છો? કહું છું, એને મારી નાખો. કે તમે પણ અહિંસાવાદી થયા?'

મહારાષ્ટ્રીઓનું સર્પ મારવાનું શૂર અસાધારણ હોય છે. તુકારામ જેવા નિર્વૈર સાધુએ પણ એક દૃષ્ટાંતમાં કહ્યું છે કે સર્પ અને વીંછી પ્રત્યે દયા ન હોય. કાકીના છેલ્લા વાક્યથી પુંડલિકજીનો છેલ્લો નિર્ણય થયો અને એણે સર્પ સામે લાકડી ઉગામી અને ઘા ચૂકે નહિ એટલા માટે બરાબર તાકવા લાગ્યા. એટલો વખત સર્પ કાંઈ અમારો ધર્મસંવાદ સાંભળવામાં તલ્લીન નહોતો થયો. એ નિશ્ચલ તૈયારીમાં પડ્યો હતો. પુંડલિકજીની લાકડી યમદંડની પેઠે એના માથા ઉપર પડે તેની એક જ ક્ષણ પહેલાં ત્યાંથી એ ખસ્યો અને તીરને વેગે કોળાના વેલામાં અલોપ થયો. યદૃચ્છાએ છેલ્લો ધર્મનિર્ણય આપ્યો.

શું એ સર્પ પ્રત્યે હું નિર્વૈર હતો? શું એ સર્પ વિષે મારા મનમાં દયા હતી? આનો જવાબ સહેલો નથી. એ ખરૂં કે સર્પને મારવાની મારી ઇચ્છા ન હતી. સર્પ પ્રત્યે મારા મનમાં કશો દ્વેષ ન હતો. સર્પ બચી જાય એમ જ હું ઇચ્છતો હતો. એની તરફેણમાં મેં દલીલો પણ કરી. પુંડલિકને એકવાર તો એ હત્યામાંથી પરાવૃત્ત પણ કર્યા. પણ એ સર્પને ઠેકાણે કોઇ ગાય કે વાછરડી હોત,—અથવા ગાયની વાત જવા દઇએ, કોઇ નિર્દોષ ખીસકોલી કે પક્ષી હોત તો શું આટલું જ કરીને બેસી જાત? પુંડલિકના હાથની લાકડી મેં કેમ ન ઝાલી? સર્પને મારવા જતાં હું વચ્ચે કેમ ન પડ્યો? એટલે સુધી આવતાં હજી વાર છે. હજી તો ગાય માટે મરતાં યે આપણે નથી શીખ્યા તો સર્પને માટે મરવાનું તો દૂર જ રહ્યું. મારીને રક્ષણ તો સરકારો પણ આપે છે; મરીને રક્ષણ આપવાનો ધર્મ હવે પછી ફેલાવાનો છે. દિલીપ અને શિબિ જેવા રાજાઓએ જે ધર્મનું બીજ વાવ્યું છે તે હજી બરાબર ઊગ્યું જ નથી. કેમકે એ ધર્મ પ્રતીપ છે.



'અરે દાક્તર સાહેબ! આપની ભૂલ થાય છે; હું તો માત્ર એક મિત્રને જોવા આવ્યો હતો!'

ફોટોગ્રાફી

ડાર્ક રૂમ અને તેનાં જરૂરી સાધનો

ફોટોગ્રાફીની સાચી મઝા માત્ર કૅમેરાની ચાંપ દાબીને ઊપજાવેલાં ચિત્રોમાં નથી. મોટા ભાગના શિખાઉઓ તો એક્સપોઝ કરેલાં પોતાનાં રોલ ધંધાદારીને ત્યાં જ ડેવેલપમેન્ટ અને પ્રિન્ટિંગ માટે મોકલી દે છે. અને બે ચાર દિવસે ત્યાંથી તૈયાર થઇને આવતા પ્રિન્ટો જોઇ, પોતાને ફોટોગ્રાફી આવડયાનો સસ્તો આનંદ માણી લે છે. પણ એક્સપોઝર અને તૈયાર પ્રિન્ટ વચ્ચે જે અનેક ક્રિયાઓ આવે છે તે બધી જાતે કરવામાં જ્ઞાન મળવા સાથે સ્વકૃતિનો આનંદ પણ મળે છે.

કૅમેરામાંથી કાઢેલા રોલને નેગેટિવના રૂપમાં ફેરવવા માટેની ક્રિયા સારૂ સૌથી વધુ અગત્ય ડાર્ક રૂમની છે. 'ડાર્ક રૂમ' એટલે 'અંધારો ઓરડો' એમ સમજીને, એવો ખાસ ઓરડો પોતાને ત્યાં ક્યાંથી હોય એ વિચારે ભડકવાની જરા યે જરૂર નથી. કોઇ પણ નાની ઓરડી–નહાવાની, પૂજાની, કે છેવટે કોઈ સુગમ ખૂણો પણ કામ માટે બસ છે. રાત્રે સર્વત્ર અંધારૂં હોય એટલે દરેક રૂમ આપણી ડાર્ક-રૂમ બની શકે.


જો કે ફોટોગ્રાફીમાં ખાસ પારંગત થવાની અભિલાષા સેવનારે તો એકાદ ઓરડો તૈયાર કરવો જરૂરી છે. પોતાની આર્થિક સ્થિતિ અને બીજી અનુકૂળતા પ્રમાણે પણ વ્યવસ્થા કરી શકાય છે. દિવસરાત કોઇ પણ સમયે ફોટોગ્રાફીની તમામ પ્રોસેસ કરવા માટે ડાર્ક–રૂમની રચના કરનારે બે વસ્તુનો નિર્ણય સૌથી પહેલાં કરી લેવો: પાણીની પૂરતી સગવડ અને શ્વાસોચ્છ્વાસ માટે પૂરતા પ્રમાણમાં હવાની આવજા.

પરન્તુ થોડામાં થોડાં સાધનો-વાળાઓ ગમે ત્યાં પોતાનું કામ સરળતાથી કેમ કરી શકે તે જ અત્યારે વિચારીએ. કુટુમ્બી જનોને ભાગ્યે જ અગવડ થાય તેવો, ઘરનો ઓછામાં ઓછી વપરાશવાળો એકાદ ખૂણો શોધી કાઢી, તેને તમારી ડાર્ક રૂમ બનાવો. માત્ર સંભાળવાનું એટલું કે તમારૂં કામ ચાલુ હોય તે દરમિયાન, ઘરમાં રહેનારાઓની અવરજવર તે ઓરડામાં હશે તો તમારૂં કામ થશે નહિ. રાત્રે તેનાં બધાં બારીબારણાં બંધ કર્યાં બાદ બહારનો બિનજરૂરી કોઇ પણ પ્રકાશ અંદર ન આવે તેની કાળજી રાખજો.

હવે, ડાર્ક રૂમની પહેલી જરૂરિયાત ધોળા, લાલ અને પીળા પ્રકાશની ગોઠવણની. તે પછી તો ત્રણ કે ચાર ડેવેલપિંગ ડિશ (રકાબીઓ), મેઝરગ્લાસ, થર્મોમીટર, ડેવેલપરની શીશી, હાઇપોસલ્ફાઈટનું પડીકું કે બજારમાં તૈયાર મળતા ઍસિડ ફિકસિંગ સૉલ્ટનું ટિન, એક પ્રિન્ટીંગ ફ્રેમ અને ફોટોગ્રાફીના પેપરનાં થોડાં પૅકેટ—આટલી વસ્તુઓ કામચલાઉ બસ છે.

ફોટોગ્રાફિક ઇમલ્શન પર પ્રકાશની અસર ઝડપી હોય છે. એથી એક્સ્પોઝ કરેલી ફિલ્મ ઉપર બહારનો બીજો કોઇ પ્રકાશ આવે તો એ આકૃતિ બદલાઇ જાય, અને તે કારણે એને અસર ન કરે એવા પ્રકાશમાં ડેવેલપમેન્ટ વગેરે ક્રિયાઓ કરવી જોઇએ. ઓર્થોક્રૉમેટિક (એટલે ચાલુ) પ્લેટ કે ફિલ્મના ઇમલ્શન ઉપર લાલ પ્રકાશની અસર થતી નથી અને પૅન્ક્રૉમેટિક પર ખાસ બનાવેલા ઘેરા લીલા રંગના પ્રકાશની અસર નહિ જેવી હોય છે, તેથી પહેલા પ્રકારની ફિલ્મનું ડેવેલપમેન્ટ લાલ બત્તીના અજવાળામાં કરી શકાય. પૅન્ક્રૉમેટિક ફિલ્મ માટે સર્વોત્તમ તો તદ્દન અંધારૂં જ છે. તેને અભાવે ખાસ બનાવેલા ગ્રીન સેફ લાઈટ પણ બજારમાં વેચાય છે. વીજળીના આ જમાનામાં તો ફોટોગ્રાફી માટે સ્પેશ્યલ ઇલેક્ટ્રીક ગોળા નજીવી કીમતે મળે છે. જેમને વીજળી અપ્રાપ્ય છે તેમણે તો ગ્યાસ તેલ કે કૅપ્રેલ માટેની બત્તીઓ બજારમાંથી ખરીદી, તેમાં ફોટોગ્રાફી માટેના ખાસ લાલ, પીળા અને લીલા કાચ વાપરવાથી ડેવેલપમેન્ટ દરમિયાન જરૂરી પ્રકાશની ગોઠવણ સંપૂર્ણ જળવાશે.

ડેવેલપિંગ ડિશો તમારી ફિલ્મના કદના પ્રમાણમાં જ ખરીદવી અને બે કે ત્રણ તૈયાર મળતાં રાસાયણિક મિશ્રણો રાખવાં. ઍઝૉલ (Azol) કે રૉડિનલ (Rodinol) ડેવેલપર



ડાર્ક રૂમ માટેનાં સાધનોઃ ડેવેલપિંગ કરવા માટેની ડિશ (રકાબીઓ), ડેવેલપરનું મિશ્રણ, ફોટોગ્રાફીનાં કાગળનાં જુદીજુદી જાતનાં પૅકેટો, પ્રિન્ટિંગ ફ્રેમ, હાઇપો-સલ્ફાઇડનું પડીકું અને લાલ, પીળો તથા સફેદ પ્રકાશ આપતા વીજળીના ગોળા.


તરીકે શીખાઉ કે આગળ વધેલા સૌને માટે સારામાં સારૂં કામ આપે છે એમ અમારો જાત અનુભવ છે. એટલે જુદીજુદી દવાઓનાં મિશ્રણ કરીને ઘેર જાતે ડેવેલપર બનાવવાની આવશ્યકતા રહેતી નથી; છતાં એવી પણ ઇચ્છા જેમને હોય તેમને માટે હવે પછી ડેવેલપરો વિષે થોડુંક વિચારીશું.

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ : 'સતીની દેવડી'-ભાઇ રાયચંદ લાલન (મુંબાઇ); બીજું ઈનામ : 'વળતી વેળાએ'-ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ); ત્રીજું ઈનામ : 'બાલસ્નાન'-ભાઇ અંબાલાલ મૂળજીભાઇ ગાંધી (વડોદરા); ઉત્તેજના ઇનામ : 'ક્રિકેટના મેદાનમાં'-ભાઇ ગણપતરામ પ્રભુરામ જોષી (રાજકોટ); નોંધપાત્ર (ગુણ પ્રમાણે): (૧) 'વ્યવસાય'-ભાઇ કનુ રાવત (અમદાવાદ); (૨) 'બરફ પર'-આર. લાલન (મુંબાઇ); (૩) 'ઉત્પત્તિબિન્દુ'-નવનીતલાલ જી. શાહ-(વડોદરા).

● પ્રતિવર્ષે બ્રિટનના ધંધાદારી ફોટોગ્રાફરોના ચિત્રોનું એક પ્રદર્શન લન્ડનમાં ભરાય છે. ચાલુ વર્ષે ૧૭૪ કલાકારોના ચિત્રોને તેમાં સ્થાન મળ્યું હતું, પણ એ ૧૭૪માં ઓછામાં ઓછી ૪૬ નારીઓ હતી. સ્ત્રીઓએ પણ આ કલા-વિજ્ઞાનમાં અજબ પ્રગતિ કરી છે. તે પ્રદર્શનમાં સ્ત્રીઓનું કામ કોઇ રીતે પુરુષોથી ઊતરતું નહોતું જ. **બલવન્ત ભટ્ટ**


સાબુનું શિલ્પ




સાબુની ગોટી કે ચોસલામાંથી કેવા કેવા ચિત્તાકર્ષક ઘાટો કોતરી શકાય તેની વિગતો 'કુમાર'ના અગાઉના અંકોમાં અપાઇ ગઇ છે (વર્ષ ૧૩ અંક ૧૦-૧૧). એ માટે ઓજારોનો ખર્ચ કરવો પડે એમ નથી. બાજુએ આપેલા એ ઓજારોના ચિત્રમાંના નં ૧ મુજબ ધારદાર ચપ્પુ વડે દેવદારની છથી આઠ ઇંચ લંબાઇની ચીપમાંથી એક ઓજાર બનાવી લેવું. પછી નં. ૨માં બતાવ્યા મુજબ છેડે વાંકવાળું બીજું ઓજાર બનાવવું ને તેને સામે છેડે તાર વાળીને બાંધવો. તાર કેમ બાંધવો તે ચિત્ર નં. ૩ બતાવે છે.

બસ. આટલી તૈયારી બાદ સાથેનાં ચિત્રોમાં બતાવેલી બતકનો ઘાટ કોતરવા માંડો. પડખું, પૂઠ, સન્મુખ અને મથાળેથી એ મુજબ તેના ઘાટના ચાર ક્રમ એમાં બતાવેલા છે. તે અનુસાર અણીદાર ઓજારથી રેખાઓ પાડો અને પછી તારના ઓજારથી એ રેખા સુધી ઊંડા જતાં બહારનો ભાગ છોલી કાઢો. છોલવામાં બીલકુલ ઉતાવળ ન કરતાં પૂરતી સાવચેતી રાખજો. ઓછું છોલાયું હશે તો ફરીથી જોઇતો ભાગ વધુ છોલી શકાશે; પણ વધારે ઊતરેલો છોલ તમે પાછો ચોડી નહિ શકો! આકારની પૂરી સમજણ ને ધીરજ હશે તો સરસ નમૂનો બનશે.

નં. ૧. પડખું




નં ૨ પૂઠ



નં. ૩ સન્મુખ





નં ૪ મથાળેથી

સંપૂર્ણ ઘાટ



વીસમી સદીનાં પગલાં   હિંદને અને જગતને પાને

આ લેખનો બીજો ભાગ 'જગતને પાને' શ્રી સુધાકર રાવળે પ્રથમ મોકલેલો. તે જોતાં 'હિંદને પાને'વાળો વિભાગ વધુ વિસ્તૃતપણે તૈયાર કરવાનું ઔચિત્ય ને શક્યતા જણાયાથી શ્રી અશોક હર્ષે તે તૈયાર કર્યો છે.

હિંદને પાને

૧૯૦૧ દોઢસો વર્ષથી હિંદનો કારભાર ચલાવતી યુનાઇટેડ ઇસ્ટ ઇંડીઆ કંપનીના હાથમાંથી હિંદુસ્તાનનું તંત્ર લઇ, હિંદનાં **પ્રથમ** મહારાણી બનનાર વિક્ટોરિયાનું અવસાન. સરહદનો પ્રાંત હિંદથી જુદો પાડવામાં આવ્યો.

૧૯૦૨ બ્રિટિશ સરકારે નિઝામ પાસેથી આખું વરાડ સ્વહસ્તક લીધું. કાવેરી નદી પર હિંદમાં પ્રથમ હાઇડ્રો ઇલેક્ટ્રિક વર્ક્સની સ્થાપના થઇ.

૧૯૦૩ દિલ્હી ખાતે મહાન દરબાર ભરાયો; એડવર્ડ સાતમા હિંદના શહેનશાહ જાહેર થયા.

૧૯૦૪ યુનિવર્સિટીઝ ઍક્ટ પસાર કરાવી લૉર્ડ કર્ઝને હિંદી કેળવણીનું આખું તંત્ર સરકારના હસ્તક મૂક્યું.

૧૯૦૫ વાઇસરૉય લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા. સ્વદેશી હીલચાલનો જન્મ. 'વન્દે માતરમ્'નું ગીત રાજદ્રોહી ઠરાવવામાં આવ્યું. કાંગરાની ખીણનો ભયંકર ધરતીકંપ થઇ અનેક ગામડાં દટાઇ ગયાં.

૧૯૦૬ બેરીસાલની કૉંગ્રેસમાં 'વન્દે માતરમ્' ગાવા માટે પહેલો લાઠીચાર્જ. નીકલનો એક આનાનો સિક્કો હસ્તીમાં આવ્યો. અખિલ હિંદ મુસ્લીમ લીગની સ્થાપના.

૧૯૦૭ સભાબંધીનો કાયદો પસાર થયો. સુરત ખાતેની કૉંગ્રેસમાં ભંગાણ પડીને વિનીત અને ઉદ્દામ પક્ષ જુદા પડ્યા. લાલા લજપતરાય વગરતપાસે દેશનિકાલ થયા. પૂનામાં બૉંબના ફાટવાનો આરોપ લોકમાન્ય તિલક પર મૂકાઇ તેમને છ વર્ષની સખત કેદ મળી.

૧૯૦૮ લેફ્ટેનન્ટ ગવર્નરને સલામ માટે આનાકાની કરવા નિશાળમાંથી ડિસમિસ થએલા કિશોરે બૉંબનો ધડાકો કર્યો, એને લઇને દાહ્ય પદાર્થોને લગતો કાયદો પસાર થયો. હિંદના વિપ્લવવાદી દળની વિપ્લવની ઘોષણા. વિપ્લવવાદીઓમાં પકડાએલા ખુદીરામ બોઝ, કન્હાઇલાલ દત્ત અને સત્યેન્દ્ર દત્તને ફાંસી અપાઇ.

૧૯૦૯ હિંદને મોર્લી-મિન્ટો સુધારા આપવામાં આવ્યા. વાઇસરૉયની કાઉન્સીલમાં પહેલા હિંદી મેમ્બર મિ. (પાછળથી લૉર્ડ) સિંહ ચૂંટાયા.

૧૯૧૦ હિંદી છાપખાનાંને મોઢે ડૂચો દેતો પ્રેસ ઍક્ટ પસાર થયો. શહેનશાહ સાતમા એડવર્ડનું અવસાન.

૧૯૧૧ બંગાળના ભાગલા રદ થયા. દિલ્હીને હિંદનું પાટનગર બનાવવામાં આવ્યું. દિલ્હી દરબાર.

૧૯૧૨ લૉર્ડ હાર્ડિંજ પર દિલ્હી ખાતે બૉંબ પડ્યો.

૧૯૧૩ ડૉ. રવીન્દ્રનાથ ટાગોરને સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળ્યો.

૧૯૧૪ મહાયુદ્ધમાં હિંદને ભાગ લેવાનું ઠર્યું.

૧૯૧૫ શ્રી. ગોખલેજી અને ફિરોજશાહ મહેતાનું અવસાન. બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના. વિપ્લવવાદના અગ્રણી યતીન્દ્રનાથ મુકરજીને કટકની જેલમાં ફાંસી અપાઇ.

૧૯૧૬ લખનૌની કૉંગ્રેસમાં સુરેન્દ્રનાથ બૅનરજીએ મૂકેલો 'સ્વરાજ'નો ઠરાવ લોકમાન્ય ટિળક અને ઍની બેસન્ટના ટેકાથી પસાર થયો ને હોમ રૂલ લીગ સ્થપાઇ.

૧૯૧૭ હિંદને મૉંટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા મળ્યા. દાદાભાઇ નવરોજીનું અવસાન. બે આનાનો નિકલનો સિક્કો હસ્તીમાં આવ્યો.

૧૯૧૮ આખા હિંદમાં ઇન્ફ્લુએન્ઝા ફાટી નીકળ્યો. મુંબાઇમાં શાહી ટંકશાળની સ્થાપના. હિંદના વિનીત દળની કૉન્ફરન્સ ભરાઇ.

૧૯૧૯ મિ. સિંહને ઉમરાવપદ આપવામાં આવ્યું. હિંદી પ્રજાના જબરા વિરોધ છતાં 'કાળા કાયદા' તરીકે ઓળખાતું રૉલેટ બિલ પસાર થયું. પ્રજાએ સત્યાગ્રહ આદર્યો. પંજાબમાં માર્શલ લૉ. જલિયાંવાલાની કત્લ. મિ. હૉર્નીમૅન દેશનિકાલ. રવીન્દ્રનાથ ટાગોરે પોતાનો નાઇટહૂડનો ખિતાબ જલિયાંવાલાની કત્લને અંગે સરકારને પાછો વાળ્યો.

૧૯૨૦ લોકમાન્ય ટિળકનું અવસાન. કલકત્તાની ખાસ કૉંગ્રેસે અસહકારનો નિર્ણય કર્યો. ખિલાફતની ચળવળ શરૂ થઈ. ટ્રેડ યુનિયન કૉંગ્રેસની સ્થાપના.

૧૯૨૧ મોપલા બંડ ફાટી નીકળ્યું. લોકમાન્યની સ્મૃતિ અર્થે ખોલાએલા ટિળક ફંડમાં હિંદી પ્રજાએ એક કરોડ રૂપિયા ભરી આપ્યા. હિંદભરમાં પરદેશી

કાપડની હોળી. અલીબિરાદરોનો મુકદ્દમો. લોકનેતાઓની ધરપકડ. હસ્તપત્રિકાઓનો પહેલો દેખાવ. નરેન્દ્રમંડળ (Chamber of Princes)ની સ્થાપના.

૧૯૨૨ અસહકારના જનક ગાંધીજી ગિરફતાર ને છ વરસની કેદ. ગુરુકા બાગમાં અકાલીઓની કત્લ.

૧૯૨૩ અસહકારની ચળવળ બંધ કરવામાં આવી. સ્વ. મોતીલાલ નેહરૂ, દેશબંધુ દાસ, હકીમ અજમલખાન વગેરેએ સ્વરાજ્ય દળ ઊભું કર્યું. કાઉન્સિલની ચૂંટણી માટે એ લડ્યું, સફળ થયું ને કાઉન્સિલો તથા ઍસેમ્બ્લીમાં સ્વરાજ્ય દળની બોલબાલા રહી.

૧૯૨૪ ૬૯૮ દિવસના જેલનિવાસ પછી ગાંધીજીનો બીનશરતી છૂટકારો. બેલગાંવ કૅાંગ્રેસના પ્રમુખપદેથી એમણે કૅાંગ્રેસ સ્વરાજ્યદળનું સમર્થન કર્યું.

૧૯૨૫ દેશબંધુનું અવસાન. સ્વરાજ્ય દલને આથી કંઈક ધક્કો લાગ્યો, પણ સ્વ. મોતીલાલજી એકલા જ એ અર્થે લડ્યા ને કાનપુર કૅાંગ્રેસમાં સ્વરાજ્યપાર્ટીને માન્ય કરાવી. હવે તે કૅાંગ્રેસ સ્વરાજ્ય પાર્ટી બની ગઇ.

૧૯૨૬ સ્વરાજ્યદળ કાઉન્સિલોમાંથી પાછું આવ્યું. કોહાટમાં હિંદુ મુસ્લિમ હુલ્લડ. કૅાંગ્રેસે તપાસ સમિતિ બેસાડી, પણ અલી બંધુઓએ મહાત્માજીનો ચુકાદો ન માન્યો ને કૅાંગ્રેસના વિરોધમાં છૂટા થયા. હિંદુઓ વિરુદ્ધ જોરશોરથી તેમણે કામ શરૂ કર્યું. પરિણામે વાત વાત પર દેશભરમાં કોમી હુલ્લડો ફાટવા માંડ્યાં. કૅાંગ્રેસ હિંદુઓને ન્યાય ન આપી શકી એટલે પૂજ્ય માલવીયજી, સ્વર્ગીય લાલાજી અને સ્વામી શ્રદ્ધાનંદજીએ હિંદુ સંગઠનનું બ્યૂગલ ફૂંક્યું. માલવીયજી અને લાલાજીએ ઇન્ડિપેન્ડન્ટ કૅાંગ્રેસ દળ ઊભું કર્યું. એ જ સાલના આખરી માસમાં સ્વામી શ્રદ્ધાનંદજીનું એક મુસ્લીમ ગુંડાએ ખૂન કર્યું.

૧૯૨૭ વાઈસરૉય લૉર્ડ અરવિને હિંદના પાટનગર તરીકે નવું દિલ્હી ખુલ્લું મૂક્યું. મદ્રાસ કૅાંગ્રેસમાં પં. જવાહરલાલજીએ પૂર્ણ સ્વરાજ્ય અને સ્વતંત્રતાનો પ્રસ્તાવ પાસ કરાવી લીધો. અખિલ ભારત યુવક પરિષદ પણ એ ટાંકણે ત્યાં ભરાઇ. સરકારે સર જૉન સાયમનના પ્રમુખપણા નીચે પાર્લામેન્ટના સાત સભ્યોના બનેલા 'ધી ઇન્ડિયન સ્ટૅચ્યુટરી કમિશન'ને હિંદની સ્થિતિ તપાસવાનું કામ સોંપ્યું.

૧૯૨૮ કૅાંગ્રેસે સર્વદલ સંમેલનનું આયોજન કર્યું ને આપણા દેશને માટે આપણા નેતાઓએ પં૰મોતીલાલ નેહરૂની અધ્યક્ષતા નીચે એક વિધાન તૈયાર કર્યું, જે નેહરૂ રીપોર્ટના નામથી પ્રસિદ્ધ છે. સાઇમન કમિશને હિંદીઓના બહિષ્કાર વચ્ચે હિંદની મુલાકાત લીધી, જેનો લાહોર ખાતે બહિષ્કાર કરનાર સરઘસ દોરતાં લાલા લજપતરાય પર લાઠીના ઘા થયા ને પરિણામે તેમનું અવસાન થયું. મીરત કાવતરા કેસના આરોપ હેઠળ હિંદને ખૂણેખૂણેથી સામ્યવાદીઓની ધરપકડ થઇ.

૧૯૨૯ જવાહરલાલજીને પ્રમુખપદે લાહોરમાં મળેલી કૅાંગ્રેસે આઝાદીની લડાઇ શરૂ કરવાનો નિર્ણય કર્યો ને મહાત્માજીને તેનું આધિપત્ય સોંપ્યું. ભગતસિંહ અને દત્તે ધારાસભામાં બૉંબ ફેંક્યો. લાહોર કાવતરા કેસ હેઠળ એ બંને ઉપરાંત રાજગુરુ, સુખદેવ અને જતીન દાસ વગેરેની ધરપકડ કરવામાં આવી. જેલમાં ચલાવાતી વર્તણુક સામે જતીન દાસે ઉપવાસ આદરી, ૬૯ ઉપવાસ પછી પ્રાણાર્પણ કર્યું. વડી ધારાસભાએ બાળલગ્નનિષેધનું સારડા બિલ પસાર કર્યું.

૧૯૩૦ મહાત્માજીને મળેલી અનુજ્ઞા અનુસાર જગતમાં કદી નહિ બનેલા એવા ધર્મયુદ્ધનું એમણે મંડાણ કર્યું ને નમકનો કાયદો તોડવા માર્ચની બારમીએ સિત્તેર સાથીઓ સાથે દાંડીની કૂચ આદરી. લાખોની સંખ્યામાં લોકો જેલ ગયા. અસંખ્ય હિંદી ભાઇબહેનોએ લાઠીઓના ઘાવ સહર્ષ ઝીલ્યા. ખાન અબ્દુલ ગફારખાંના નેતૃત્વ નીચે સરહદના પઠાણોએ પેશાવરમાં સામી છાતીએ ગોળીઓ ખાધી, પણ આંગળી યે ન ઊંચકી. ૪થી મેએ ગાંધીજી પકડાયા, પણ યુદ્ધ જારી રહ્યું. સર ચન્દ્રશેખર વ્યંકટ રામને ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર મળ્યો. હિંદના પ્રશ્નનો નિકાલ કરવા લંડનમાં પહેલી ગોળમેજી બોલાવાઇ.

૧૯૩૧ એ કૉન્ફરન્સમાં ભાગ લેવા ગએલા મૌ. મહમદઅલીએ ઉઘડતી બેઠકમાં પોતાની મનોવાંછના જાહેર કરી કે 'હિંદની આઝાદી—સાંસ્થાનિક સ્વરાજ લીધા વિના હું સ્વદેશ પાછો જનાર નથી. જો એ નહિ મળે તો ગુલામ દેશમાં પાછા ફરવા કરતાં તમારા સ્વતંત્ર દેશને આંગણે મરવું હું વધુ પસંદ કરીશ.' અને ખરેખર, તા. ૪ થી જાન્યુઆરીને રોજ તેઓ ત્યાં જ અવસાન પામ્યા. બીજી ગોળમેજી પરિષદ ભરાઇ, જેમાં ભાગ લેવા મહાત્માજીએ, મોતીલાલ નેહરૂ અને જુવાન વર્ગના વિરોધ છતાં, લૉર્ડ અરવિન સાથે સંધિ

કરી. એ સંધિમાં ભગતસિંહને થએલી ફાંસીની સજા બાબત વાતચીત થએલી છતાં ૨૩મી માર્ચના રોજ ફાંસી અપાઇ ને ગાંધીજીનું કરાચી કૉંગ્રેસમાં કાળા વાવટાથી સ્વાગત થયું. કાનપુરમાં ભયંકર કોમી હુલ્લડ થયું, જેમાં 'પ્રતાપ'ના પ્રસિદ્ધ તંત્રી પં. ગણેશશંકર વિદ્યાર્થીનું બલિદાન દેવાયું.

૧૯૩૨ ગોળમેજીમાંથી ખાલી હાથે ગાંધીજી પાછા વળ્યા. માલવીયજીના કહેવા છતાં ડૉકટર અનસારી, શેરવાની આદિ મુસ્લીમ નેતાઓને પોતાની સાથે ન લઇ જતાં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ બનીને જ ગયા ને પરિણામે કૉન્ફરન્સે હિંદુ-મુસ્લીમ પ્રશ્ન પર ભારતની ફજેતી કરી. ઇંગ્લંડના ગરીબો ને પાદરીઓની હમદર્દીમાં તેઓએ ત્યાં દિવસો વીતાવ્યા એટલા સમયમાં સરકારે ભાવિ આંદોલનને દબાવી દેવાની પ્રચંડ તૈયારી કરી લીધી, ને મહાત્માજીના પાછા વળતાં જ સંધિ વખતે બંધ રહેલા ઑર્ડિનન્સો એકદમ અમલમાં મૂકી દીધા. લૉર્ડ વિલિંગ્ડને મહાત્માજીને મળવાની માગણીનો સાફ ઇન્કાર કરી દીધો. યુદ્ધ ચાલુ થયું. એકેએક નેતા ગિરફતાર થયા. મહાસભાને ગેરકાયદેસર સંસ્થા જાહેર કરવામાં આવી. ગોળમેજીની બંધારણીય યોજનામાં પછાત વર્ગને હિંદુઓથી છૂટા પાડવામાં આવતાં મહાત્માજીએ અપવાસ આદર્યા, જેને પરિણામે હરિજનો વિષેના પૂના-કરાર થયા. ત્રીજી ગોળમેજી મળી ને આઠ જ દિવસમાં પૂર્ણ થઇ.

૧૯૩૩ રાસ જતી વખતે આ સાલ ફરી વાર ગાંધીજી પકડાયા ને ફરી વાર અનશન કરી છૂટા થયા. એમણે સરકારને કબૂલત આપી કે હરિજન આંદોલન સિવાય એ કશામાં ભાગ નહિ લે. પટણાની કૉંગ્રેસમાં એમણે જાહેર કર્યું કે તેમના સિવાય સત્યાગ્રહ કરવાનો કોઇને અધિકાર નથી. આ રીતે સત્યાગ્રહના ઇતિહાસની ઇતિશ્રી થઇ. સફેદ લખોટો (White Paper) પ્રસિદ્ધ થયો જેમાં ૧૯૧૯ના હિંદી સરકારી કાયદાનો અમલ સદંતર બંધ કરવાનું સૂચવાયું.

૧૯૩૪ કૉંગ્રેસની અનુજ્ઞા અનુસાર પં માલવીયજી અને ડૉ. અનસારીએ સ્વરાજ્ય પાર્ટી જેવું પાર્લામેન્ટરી બોર્ડ ઊભું કર્યું.

૧૯૩૫ હિંદી સરકારના ભાવિ પર વિચાર કરવા પાર્લામેન્ટની બંને સભાઓની એક સંયુક્ત કમિટી નીમાઇ. તેણે સફેદ લખોટામાં સુધારા કર્યા ને તેની ભલામણોને વળગી રહી, 'હિંદી સરકારી બિલ' ઘડવામાં આવ્યું. બે વર્ષના જેલનિવાસ પછી જવાહરલાલજી છૂટા થયા. હિંદનો યુવકવર્ગે એકીમતે લખનૌ કૉંગ્રેસના પ્રમુખ તરીકે તેમને ચૂંટી કાઢયા. બીજી ઑગસ્ટે હિંદી સરકારી બિલ ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍકટ તરીકે શાહી સંમતિ પામ્યું. હિંદને બ્રહ્મદેશથી અલગ પાડતો ઍકટ ઘડાયો. કૉંગ્રેસનો સુવર્ણમહોત્સવ ઉજવાયો.

૧૯૩૬ લખનૌ કૉંગ્રેસ જોઇએ તેવી પ્રાણદાર નહિ હોતાં, આઠ જ મહિનામાં, પં. જવાહરલાલના પ્રમુખપદે ફૈઝપુરમાં ફરી વાર તે મળી. દેશે ચલાવવાની લડતની આ વખતે તેમણે સ્પષ્ટ ચોખવટ કરી. હિંદને નવા મળનારા શાસનનો વિરોધ અને કૉંગ્રેસનું ધ્યેય સંપૂર્ણ સ્વતંત્રતાનું જાહેર કર્યું. ડૉ. અનસારીનું અવસાન. શહેનશાહ પાંચમા જ્યૉર્જનું અવસાન. નવા શહેનશાહ આઠમા એડવર્ડે ગાદીત્યાગ કર્યો. સમાજવાદી પક્ષ કૉંગ્રેસમાં આવ્યો. સાત વરસના જેલનિવાસ બાદ સામ્યવાદી કાર્યકર્તા તરીકે આંતરરાષ્ટ્રીય કીર્તિ મેળવનાર એમ. એન. રૉયની ફૈઝપુર કૉંગ્રેસ ટાંકણે મુક્તિ. કૉંગ્રેસ પડખે ઊભા રહી લડવાની એમણે જાહેરાત કરી.

૧૯૩૭ હિંદને મળનારા નવા બંધારણને ધારાસભાઓમાં જઇને રદ કરાવવા માટે મહાસભાએ ચૂંટણીમાં ભાગ લીધો ને સાત પ્રાંતોમાં કૉંગ્રેસ સરકાર સત્તા પર આવી. દારૂનિષેધ અને રાજ્યદ્વારી કેદીઓને છોડાવવાની હીલચાલ શરૂ થઇ. સરહદના પ્રદેશ પર સતત ૩૮ કલાક બૉંબમારો ચાલ્યો. મુસ્લીમોનો મોટો ભાગ મહાસભાને પડખે આવ્યો ને હવે આ સાલ હિંદ પર લદાનારા સમવાયતંત્રનો સામનો કરવાની વિચારણા ચાલી રહી છે. **અશોક હર્ષ**

જગતને પાને

૧૯૦૧ ટ્રાન્સ સાઇબીરિયન રેલવેનું કામ પૂરું થયું.

૧૯૦૫ બંગાળાના ભાગલા.

૧૯૧૨ ચીન પ્રજાસત્તાક બન્યું.

૧૯૧૩ રવીન્દ્રનાથ ટાગોરે 'નોબેલ પ્રાઇઝ' મેળવ્યું.

૧૯૧૪ આયર્લૅંડમાં ક્રાન્તિ. મહાયુદ્ધ ફાટી નીકળ્યું.

૧૯૧૬ આયરિશ ક્રાન્તિના મોવડી સમા સર રોજર કેસમૅંટને ફાંસી. રશિયાના સર્વસત્તાધારી જેવા બની બેઠેલા રાસપુટીનનું ખૂન.

૧૯૧૭ રશિયામાં રાજક્રાંતિ. રાજકુટુંબને ફાંસી. બોલ્શેવિક સત્તાની સ્થાપના.

૧૯૧૮ યુદ્ધવિરામ.

૧૯૧૯ વર્સાઈલ્લીની સંધિ.

૧૯૨૦ 'લીગ ઑફ નેશન્સ'ની સ્થાપના.

૧૯૨૨ ઇટલીમાં મુસૉલિનીની ફાશિઝમ સંબંધી હાક. રોમ સર કરી તે ઇલ ડયુસ બન્યો. દક્ષિણ આયર્લૅંડ ઇંગ્લંડથી છૂટું થયું. તુર્કસ્તાન પ્રજાસત્તાક બન્યું ને કમાલ પાશા મુખ્ય નેતા બન્યા.

૧૯૨૩ જાપાનમાં મહાન ધરતીકંપ.

૧૯૨૪ રશિયાના મહાન તારણહાર લેનિનનું મૃત્યુ.

૧૯૨૫ ઇરાનમાં રીઝાશાહ સત્તા પર આવ્યો ને ત્યાંનો શાહ દેશનિકાલ થયો.

૧૯૨૭ કૅપ્ટન લિન્ડબર્ગે ઍટલાન્ટિક મહાસાગર ઓળંગ્યો. (૧૫ દિવસ ને ૧૨ કલાકમાં ૧૦૩૪૦ માઇલ)

૧૯૨૮ સી. વી. રામને રામનકિરણની શોધ કરી.

૧૯૨૯ અમાનુલ્લાએ અફઘાનિસ્તાનની રાજગાદી તજી દીધી અને જહાંગીરી ફકીરી સ્વીકારી. રશિયાએ પહેલી પંચવર્ષીય યોજના ઘડી.

૧૯૩૦ હિંદુસ્તાન સંબંધીના પ્રશ્નોનું નિરાકરણ કરવા લંડનમાં રાઉન્ડટેબલ કૉનફરન્સ ભરાઇ.

૧૯૩૨ સક્કર બૅરેજ ખુલ્લી મુકાઇ.

૧૯૩૩ જાપાન અને જર્મની લીગ ઑફ નેશન્સમાંથી ખસી ગયાં.

૧૯૩૪ બિહારમાં ધરતીકંપના ભયંકર આંચકા. મહાત્માજી કૉન્ગ્રેસમાંથી છુટા થયા. રશિયા લીગ ઑફ નેશન્સમાં જોડાયું.

૧૯૩૫ ક્વેટામાં ધરતીકંપ. ઇટલીની ઍબીસીનિયા પર ચડાઇ.

૧૯૩૬ ઇટલીની ઍબીસીનિયાની જીત.

૧૯૩૭ જર્મનીના મહાન ઝેપ્લીન હિંડનબુર્ગનો નાશ. સ્પેનમાં આંતરવિગ્રહ. પાલેસ્ટાઇનના ભાગલા. જાપાનની ચીન પર ચડાઇ. જર્મની ઇટલી અને જાપાનના સામ્યવાદ વિરોધી કરારો. સ્પેનની બળવાખોર સરકારને બ્રિટનની મંજુરી. જર્મનીની પોતાનાં ગએલાં સંસ્થાનો પાછાં મેળવવાની ઉગ્ર ઝુંબેશ. નવું મહાયુદ્ધ ફાટી નીકળવાની સર્વત્ર સંભાવના.

સુધાકર બી. રાવળ

કાર્ય

કાર્યમાં ઔદાર્ય છે; પવિત્રતા છે.

જે કુમાર કાર્યશીલ છે તેમાં ભાવિ આશાનાં ઓજસ્વંનાં અનેક કિરણો છે. આળસમાં સદૈવ દુઃખ, ગ્લાનિ છે.

"અનંત રહસ્ય કાર્યમાં જ છે."

આ અપૂર્ણ જગમાં સંપૂર્ણતા કાર્ય દ્વારા જ સંભવિત છે. એક સમયે જ્યાં ઘોર જંગલો માલૂમ પડે છે, જ્યાં રહેવું એ જ ભય છે, ત્યાં જ ધાન્ય દેતાં અનેક ખેતરો અને શહેરો ખડાં થાય છે—કાર્યથી જ. કાર્યશીલતાના મહાગુણે આપણને જાનવર કહેવાતા મટાડી માનવ કહેવડાવ્યા છે. માનવવિશેષતા કાર્યમાં જ છે.

જગતમાં જે કોઇ ક્ષેત્રની પ્રગતિ થઇ છે, થાય છે, તે કાર્ય દ્વારા જ.

સૂક્ષ્મ, ચિરકાલ સુખ કાર્યમાં જ છે.

કાર્યની જ્યોત એ જ જીવનજ્યોત. એમાં જે તેજ, બળ, નૃત્ય, સ્થિરતા રહેલાં છે તે સદા અચળ અને પ્રેરક છે.

કાર્ય નિયમિતતા નિયમિત માગે છે.

કાર્ય એ મૂગી સ્તુતિ છે; કાર્યમાં પરમ સિદ્ધિ છે.

જીવનવૃક્ષનું થડ તે જ કાર્ય. કાર્યમાં જ કૌમાર્ય છે. કાર્ય ન કરે તે અકર્મી. જીવનમાં અચળ અને સાચી મહત્તા કાર્ય દ્વારા જ સંભવિત છે.

સાચે, જીવન માટે કાર્ય અનિવાર્ય છે.

ઇચ્છાશંકર ત્રિવેદી

આ મહિનો (જાન્યુઆરી) . . . અને એની પ્રતિભા

તા. ૧ હિંદના પહેલા ગવર્નર જનરલ તરીકે વૉરન હૅસ્ટિંગ્સે પોતાનો હોદ્દો સંભાળ્યો—ઈ. ૧૭૭૪ * * ગ્રેટબ્રિટન અને આયર્લૅંડ ભળીને યુનાઇટેડ કિંગડમ બન્યું—ઇ. ૧૮૦૧ * * અબ્રાહમ લિંકનના જાહેરનામાથી અમેરિકામાંથી ગુલામગીરી નાબૂદ થઈ—ઇ. ૧૮૬૩ * * વિક્ટોરિયાને હિંદની મહારાણી જાહેર કરતો ઢંઢેરો દિલ્હીમાં વંચાયો—ઇ. ૧૮૭૭ * * આસ્ટ્રેલિયા કૉમનવેલ્થ જાહેર થયું—ઇ. ૧૯૦૧

તા. ૨ અંગ્રેજોને કૅનેડા સર કરી આપનાર સેનાપતિ જેમ્સવુલ્ફનોજન્મ—ઇ. ૧૭૨૭

તા. ૪ સુરતમાં મોટી આગ—ઇ. ૧૧૯૧ * * મૌલાના મહમદઅલીનું લંડનમાં અવસાન—ઇ. ૧૯૩૧

તા. ૬ ફ્રાન્સની સ્વાતંત્ર્યદેવી જોન ઑવ આર્કનો જન્મ—ઈ. ૧૪૧૨ * * પાણીપતનું ત્રીજું યુદ્ધ—ઇ. ૧૭૬૧

તા. ૮ અમેરિકાના પ્રમુખ વિલ્સને યુદ્ધશાંતિ માટે પોતાના પ્રખ્યાત ચૌદ મુદ્દા પેશ કર્યા—ઇ ૧૯૧૮

તા. ૧૪ અફઘાનિસ્તાનના શાહ અમાનુલ્લાહનો ગાદીત્યાગ—ઇ. ૧૯૨૯

તા. ૧૫ બ્રિટીશ મ્યૂઝિયમ ખુલ્લું મૂકાયું—ઇ. ૧૭૫૯

તા. ૧૮ ગવર્નર જનરલની વડી ધારાસભાની શરૂઆત—ઈ. ૧૮૬૨

તા. ૧૯ અંગ્રેજોએ એડનનો કબ્જો લીધો—ઈ. ૧૮૩૯

તા. ૨૦ ઇંગ્લીશ પાર્લામેન્ટની પહેલી બેઠક—ઇ. ૧૨૬૫ * * બાબરે ચંદેરી લીધું—ઇ. ૧૫૨૮

તા. ૨૩ તાલીકોટાના યુદ્ધમાં દક્ષિણનું હિંદુ સામ્રાજ્ય વિજયનગર પડ્યું—ઇ. ૧૫૬૫

તા. ૨૪ ટીપુ સુલતાને મૅંગલોર તાબે કર્યું—ઇ. ૧૭૮૪ * * શ્રી ગોકળદાસ કહાનદાસ પારેખનો ઉમરેઠ મુકામે જન્મ—ઈ. ૧૮૪૭

તા. ૨૫ બાબુ અશ્વિનીકુમાર દત્તનો જન્મ—ઈ. ૧૮૫૬

તા. ૨૬ શાહજહાં ગાદીએ બેઠો—ઈ. ૧૬૨૮ * * હિંદની કેળવણીમાં રાષ્ટ્રીય અસ્મિતાના જનક સર ગુરુદાસ બેનરજીનો જન્મ—ઇ. ૧૮૪૪

તા. ૨૮ રશિયાના તારણહાર મહાન પીટરનું અવસાન—ઇ. ૧૭૨૫ * * કલકત્તા મદ્રાસ તથા મુંબાઇમાં ટેલીફોન દાખલ થયા—ઇ. ૧૮૮૨

તા. ૩૦ અમેરિકાના પ્રમુખ ફ્રાન્કલીન ડેલાનો રૂઝવેલ્ટનો જન્મ—ઈ. ૧૮૮૨




આ માસની વિભૂતિ
મૌલાના મહમદઅલી

હિંદુ મુસલમાનની બીજમાવડી જેવાં બી અમ્માને પેટે ઇ. ૧૮૭૮માં જન્મ. ઈ. ૧૮૮૦—પિતાનું અવસાન થયું, પરંતુ માતાએ વરસોનું વૈધવ્યતપ તપીને પણ પતિના પ્રાણ જેવા બંને પુત્રો (મહમદઅલી ને એમનાથી બે વર્ષ મોટા શૌકતઅલી)ને કેળવ્યા, અને દેશ તથા દીનની દીક્ષા દીધી. અલીગઢ કૉલેજનો અભ્યાસક્રમ પૂરો કરી, મહમદઅલી ઇંગ્લંડ ગયા અને ઑક્સફર્ડ યુનીવર્સિટીની લિંકન કૉલેજમાંથી એમ.એ. થયા. ઇ. ૧૯૧૨—હિંદ પાછા આવી, પોતાના વતન રામપુરમાં તથા વડોદરા રાજ્યનાં જુદાં જુદાં ખાતાંમાં નોકરી બજાવી. રાનીપરજનાં દુઃખોનો જાહેર પોકાર એ ત્યારનું તેમનું યશસ્વી કાર્ય છે. બાદ કલકત્તા જઇ, 'કૉમરેડ' નામનું પત્ર શરૂ કર્યું તથા 'મુસ્લીમ લીગ'ની સ્થાપના કરી. એ જ સાલમાં તુર્કી–બાલ્કન લડાઈ વેળાએ ડૉ. અનસારી સાથે મળીને 'રેડ ક્રેસન્ટ મિશન' સ્થાપ્યું. ઇ. ૧૯૧૩—મુસ્લીમ લીગની લખનૌની બેઠકમાં 'હિંદ માટે સ્વાતંત્ર્ય'નું તેનું ધ્યેય જાહેર કરી, મુસ્લીમ આલમને જાગૃત કરવા 'હમદર્દ' નામનું ઉર્દૂ પત્ર શરૂ કર્યું. ઈ. ૧૯૧૫—મહાયુદ્ધમાં ભળેલા તુર્કી તરફ સહાનુભૂતિ ધરાવવાને કારણે એમની તથા શૌકતઅલીની ધરપકડ. ઇ. ૧૯૧૯—શાહી ઢંઢેરા અનુસાર મુક્તિ. મુક્તિ થતાં જ અમૃતસરની કૉંગ્રેસમાં હાજરી આપી ને ખિલાફત હીલચાલની શરૂઆતથી કૉંગ્રેસમાં પ્રવેશ કર્યો. એમના પ્રવેશે રાષ્ટ્રવાદી પક્ષને નવું બળ આપ્યું. ગાંધીજીની અસહકારની લડતમાં જોડાઇ, કોમોનું અજોડ સંગઠન સાધ્યું. ઇ. ૧૯૨૧—બે વર્ષની સજા.

ઇ. ૧૯૨૩—મુક્તિ દેશે પણ એ મુક્તિ સાથે કોકનદની કૉંગ્રેસનું પ્રમુખપદ તેમને સમર્પી બહુમાન કર્યું.

ઇ. ૧૯૨૪—દિલ્હી ખાતે એમના પ્રમુખપદે સર્વ પક્ષ પરિષદ મળી. એમાં ગાંધીજી સાથે એમને મતભેદ થયો ને પરિણામે બંને મૌલાના ભાઇઓ કૉંગ્રેસથી અળગા પડી, કોમીવાદ તરફ ઢળતા ગયા.

ઈ. ૧૯૩૧—ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ઇંગ્લંડ ગયા અને ત્યાં જ તેમનું અવસાન થયું. 'ગુલામ દેશમાં પાછા ફરવા કરતાં તમારા સ્વતંત્ર દેશને આંગણે મરવું હું વધુ પસંદ કરીશ'—નાદુરસ્ત તબિયતે પણ હિંદને કારણે સહૃદયીપણે એ રાજદ્વારી શેતરંજમાં ભાગ લેવા પહોંચતાં તેમણે ઉચ્ચારેલા આ શબ્દો બતાવી આપે છે કે કોમીવાદના પડદા નીચે પણ તેમનામાં રાષ્ટ્રવાદી હૃદય ધબકતું હતું.



જીવનનું પરોઢ

મહાત્મા ગાંધીજીના લોકોત્તર વ્યક્તિજીવનના ઘડતરમાં સવિશેષ ફાળો આપનાર દક્ષિણ આફ્રિકા. ફીનિક્સ આશ્રમની સ્થાપના એ એ ઘડતરનો મંગલ પ્રારંભ. આ લેખમાળાનો ઉદ્દેશ એ કાળના વાતાવરણનો ઘરગથ્થુ પરિચય આપવાનો છે. અનિવાર્ય એવી કેટલીક અંગત હકીકત ન છૂટકે આવવા દઇ, જે અનેરા રંગોમાં પોતાના જીવનનું પરોઢ વીત્યું તેની, લેખકે એ કાળની બાળપણની નજરે આપેલી આ પરિચયમાળાના આજસુધી આવી ગએલા મણકાની યાદી જિજ્ઞાસુઓને માર્ગદર્શક થઇ પડશે: ભાગ પહેલો—પ્રસ્તાવ અને વતન; પૂર્વસ્મરણ; ઓતાબાપા; કબાગાંધી; મારા દાદાજી; બાપુજી; એ દિવ્ય તપ; પિતા અને કાકા; ફીનિક્સ; ઝાંખાં સ્મરણો; વાનર ટોળી; દેશી અને વિદેશી શિક્ષકો; મૂળ બંધારણ; નવી સૃષ્ટિ; હિંદી મહાસાગરને પેલે પાર; તરતા ગામમાં; ટૉલ્સ્ટૉયવાડી; રસીલું ભણતર; ઇનાન્ડાની ઉજાણી. ભાગ બીજો—બાપુજીનું પ્રથમ દર્શન; દેવદાસકાકા; સ્વાગત. ટૉલ્સ્ટૉયવાડી પરના ગાંધીજીના ખડતલ તપસ્વીજીવનની કથા આ બીજા ભાગથી જ શરૂ થાય છે.

ભાગ બીજો: પ્રકરણ ચોથું ગોખલેજી

હું ભૂલતો ન હોઉં તો ડરબન સ્ટેશનેથી ઘોડા છોડી નાખી ઉત્સાહી લોકોએ ગોખલેજીની ગાડી ખેંચી હતી. એ માનવીસમુદ્રમાં મારા જેવો ટીનિયો શું જોઇ શકે? ધૂળ, ઘોંઘાટ અને ઘસારા વચ્ચે બાપુજી અને ગોખલેજી ખોવાઇ ગયા. મારે નસીબે એમને વિષેની વાતો જ સાંભળવાનું રહ્યું. ફીનિક્સમાં જેમ જોહાનિસબર્ગનાં માનપાનની વાતો સાંભળી તેમ ડરબનમાં પણ જાતે હાજર હોવા છતાં મારે ભાગે તો એ જ બન્યું. તેમને માટેના બધા સમારંભો મને લગભગ અણદીઠા જ રહ્યા.

એમનું મુખ્ય ભાષણ ડરબનના ટાઉનહૉલમાં થયું. હિંદીઓ ને ગોરાઓથી એ આખો વિશાળ ખંડ ચિક્કાર ભર્યો હતો. એટલી ભીડ છતાં કોઇનો ખોંખારો સંભળાતો ન હતો. સૌનાં આંખકાન ગોખલેજી પ્રત્યે એકાગ્ર થયાં હતાં. એમનું ભાષણ ભાષણ ન હતું, જાણે મંત્રપ્રવાહ હતો. એકેએક બોલ સ્પષ્ટ, ગંભીર અને સાંભળનારાનું દિલ હલાવી નાખનાર હતો. એ ભાષણે હિંદીઓમાં આશા અને ગોરાઓમાં ન્યાયબુદ્ધિ પ્રગટાવી. સાચે જ એમના બોલ તો જાણે મોતી વેરાયાં.

આવું આવું એમના ભાષણ વિષે મેં સાંભળ્યું, પણ તેમણે શું કહ્યું એની મને ખબર ન પડી. અમારા રસનો વિષય તો એક જ હતો—એમને હાથે વહેંચાવાનાં ઇનામો. એટલે અમે સીધા ઘોડદોડના મેદાનમાં પહોંચ્યા. ફીનિક્સથી અમારા બીજા સાથીઓ પણ આવી પહોંચ્યા હતા તેમાં અમે ભળી ગયા. અનેક ટોળીઓમાં સેંકડો છોકરાછોકરીઓ મેદાની શરતો રમી રહ્યાં હતાં. ઠેકઠેકાણે સોડા, લેમન, ફળ, બિસ્કીટ ને રોટીના ઉપહારની વ્યવસ્થા હતી. ખેલાડીઓને એ મફત, એટલે અમારે લહેર હતી.

શરતમાં ઊતરેલા છોકરાઓના મજબૂત સ્નાયુ અને ચપળતા જોઇ હું ઢીલો પડી ગયો ને શરતમાં ઊતરવાની મને હિંમત ન થઇ. ફક્ત સો વારની દોડમાં હું ઊતર્યો. હલકા શરીરનો હોઇ,દોડવામાં મારી ઝડપ પૂરતી છે એવો મને વિશ્વાસ હતો, અને હું ઉત્તમ ઝડપે દોડ્યો યે ખરો. પરંતુ શરૂ કરવામાં હું પહેલો આવવાને બદલે એક ડગલું પાછળ આવ્યો. દોડવામાં સોએક છોકરાઓ સાથે હતા એટલે કોણ પહેલું આવ્યું એ પારખવું આકરૂં હતું. મારો નંબર પાંચમો કે છઠ્ઠો આવ્યો એ મને અન્યાય લાગ્યો. હું ત્રીજો નંબર તો હતો જ એવી મારી ખાતરી હતી, છતાં મારૂં કોઇએ સાંભળ્યું નહિ અને ગોખલેજીને હાથે ઇનામ મેળવવાનું સૌભાગ્ય મને ન મળ્યું. ઇનામ સાથે ગોખલેજી મને ઓળખત અને આશીર્વાદ દેત એ તક ગઇ એ મને વધુ ખોટું લાગ્યું. પણ હાથથી ગએલી બાજી માટે ખરખરા સિવાય બીજું શું થઇ શકે એમ હતું?

અમારી શરત પૂરી થયે નિરાંતે એક ઝાડ નીચે બપોરના બે ત્રણ વાગ્યા સુધી આરામ લીધો અને બીજી શરતો જોઇ. અઢી ત્રણ વાગે ગોખલેજી આવ્યા અને આખા મેદાનમાં શાંતિ અને સુવ્યવસ્થા ફેલાઇ ગઇ. અમે પણ અમારૂં ઝાડ મૂકી જ્યાં મોટામોટા લોકોને બેસીને જોવાની જગ્યા હતી ત્યાં જઇ ઊભા

રહ્યા. નાના છોકરાઓની શરતો તેમના આવતા પહેલાં પૂરી થઇ હતી. મોટા માણસોની શરતો તેમની રૂબરૂમાં થઇ. સૌ પહેલાં સાત આઠ જણા ઘોડદોડનું આખું ચક્કર બે વાર દોડયા. પછી સાઇકલવાળાઓની શરત થઇ અને ત્યારપછી સ્ટીમર અને એન્જિનની શરત થઇ. એક સાઇકલ ઉપર સ્ટીમરનું પૂઠાંનું મોટું ખોખું કરીને મૂકયું હતું અને બીજી ઉપર તે પ્રમાણે આગગાડીનું એન્જિન ગોઠવ્યું હતું. એ બે સાઇકલોએ એકબીજાની પાછળ દોડાદોડ કરી મૂકી ત્યારે ભેગાં થએલાં હજારો માણસોમાં ખૂબ હસાહસ થઇ રહી. છેવટે આગબોટ જીતી ગઇ. ત્યારપછી ફૂટબૉલની રમત પણ ડરબનના અને બહારના હિંદી ખેલાડીઓ વચ્ચે ખૂબ રસાકસીપૂર્વક થઈ. છેવટે ગોખલેજી ઇનામ આપવા મેડીએથી નીચે ઊતર્યા, અને એમની પાસે ઊભેલા એક માણસે જેમજેમ બતાવ્યું તેમતેમ તેમણે છોકરાંઓને અને મોટાઓને રૂપાનાં વાસણો, ચોપડીઓ વગેરે ઇનામ આપ્યાં. આ બધી ધમાલ ચાલતી હતી ત્યારે મને એક સાચેસાચું ઇનામ મળ્યું. કદી ન ભૂલાય એવું એ ઈનામ મને ગોખલેજીએ નહોતું આપ્યું, પણ એક ગોરા સોલ્જરે આપ્યું હતું.

વાત એમ બની કે મને તરસ લાગી એટલે શિષ્ટ પુરુષોને ઊભા રહેવાના વાડામાં હું હતો ત્યાંથી બહાર નીકળી પાણી પી આવ્યો. પાછો આવ્યો ત્યારે દરવાજામાં બહુ ગિરદી હોવાથી એક ખૂણે જઇ બાંધેલાં દોરડાંની વચ્ચે થઇને અંદર ગરકતો હતો ત્યાં ચરરર દઇને એક સખત ફટકો મારા વાંસા ઉપર પડયો. મારાથી ચીસ પડી ગઇ. ટોળાંને વ્યવસ્થિત રાખવા નીમાએલા ગોરા પોલીસના ગોળ લાંબા કોરડાનો એ ફટકો હતો. મારી ચીસ સાંભળી વાડાની અંદરથી મારા પિતાશ્રી ને બીજા મોટાઓ મારી પાસે ધસી આવ્યા. પેલા સોલ્જરને આવી રીતે માર માટે શરમાવ્યો અને મને અંદર લઇ લીધો. ગોખલેજીએ એકાદ ચોપડી કે નાનીસરખી પ્યાલી ઈનામમાં આપી હોત તો તે વિસરી જાત, પણ આ ઇનામ તો કદી ભૂલાય નહિ એવું મને મળ્યું.

આ પછી રાત્રે બૅંકવેટ (ખાણું) હતું. આપણે ત્યાં જેમ નાત જમાડવામાં આવે છે તેમ ગોરાઓમાં બૅંકવેટ કરવાનો રિવાજ હોય છે. નાતના ભોજનમાં નાનાંમોટાં સૌ જઇ શકે છે, પણ બૅંકવેટમાં વગરટિકિટે ન જવાય. અમને ભેટરૂપે ટિકિટ મળેલી. એક વિશાળ ઓરડામાં બૅંકવેટ ગોઠવ્યું હતું. સોએક ટેબલો આખા ઓરડામાં ગોઠવી દીધેલાં. સ્ટીમરમાં અમારો જેવો હજૂરીઓ હતો તેવા ત્રણત્રણ ચારચાર હજૂરીઆઓ ટેબલની એક આખી હાર ઉપર આમતેમ ફર્યા કરતા હતા અને જે જે માગવામાં આવતું હતું તે તે હાજર કરી દેતા હતા. મને અને દેવદાસકાકાને એક ખૂણામાં બેસવાનું મળ્યું હતું. અમારા ટેબલ પર હજૂરીઆઓ ભાગ્યે જ આવતા અને અમે માગીએ તો યે પીરસતા ન હતા. અમે છોકરાઓ રહ્યા, એટલે ગમત માટે જ એમની પાસે મંગાવતા હોઇશું એમ એમને થતું હશે. એમની બેપરવાઇ જોઇ અમે કાંઇ માગવું બંધ કર્યું અને ખાઇને પેટ ભરવા કરતાં બધો તમાશો જોઇને જ પેટ ભર્યું. ગોખલેજી અને બાપુજી તથા બીજાં મોટેરાંઓ ઓરડાને મથાળે આવેલી ખાસ રવેશમાં બેઠા હતા. અમે સાંભળ્યું કે બાપુજીએ થોડી બદામ સિવાય કશું નથી લીધું અને ગોખલેજીની તબિયત સારી નથી એટલે એમણે પણ બેચાર દ્રાક્ષ ને એવું જ લીધું છે. બાકીનાં બસો ત્રણસો માણસો ખાવામાં ગુલતાન હતા. મહેમાનને તેઓ વિસરી ગયા હોય એવું દેખાતું હતું. બેએક કલાક સુધી ભોજન ચાલ્યું. પછી કંઇ પાંચપાંચ દસદસ મિનીટનાં ભાષણો થયાં. શું થયાં એની સમજણ ન પડતાં. અમે કંટાળીને બહાર નીકળ્યા. બહાર મોટેરાંઓને વાત કરતા સાંભળ્યા કે આના કરતાં જોહાનિસબર્ગમાં ઘણું સારૂં બૅંકવેટ થયું હતું. આ હૉટેલવાળાઓએ તો છબરડો વાળ્યો.

ગોખલેજી ફીનિકસ પહોંચે તે પહેલાં અમે ત્યાં પહોંચી ગયા અને સ્વાગતની તૈયારીઓ માંડી. મુરબ્બીઓએ કહ્યું કે ગોખલેજી તમને દાખલા પૂછ્યા વિના નહિ રહે. નહિ આવડે તો તમારી કાંકરી નીકળી જશે. મેં પિતાશ્રીને એ પણ પૂછી લીધું કે તે કઇ ભાષામાં બોલશે. અંગ્રેજીમાં પૂછે તો તો દાખલા શેના આવડે ? એટલું તો મેં સાંભળ્યું હતુ કે તેઓ દક્ષિણી છે અને તેમની ભાષા મરાઠી છે; પણ દક્ષિણ આફ્રિકામાં મરાઠી લોકો જ જોવામાં નહોતા આવતા. તામિલ અને હિંદી શું એની કલ્પના થાય, પણ મરાઠી શું એનો ખ્યાલ જ મને ન આવે. પણ ગોખલેજી ગુજરાતી

પણ થોડુંથોડું બોલતા હશે અને સમજતા તો હશે જ, એવી પિતાશ્રીએ આશા આપી. મારી પાસે ગુજરાતીમાં નાનું 'ગોખલે ગણિત' હતું તે જેટલું ચાલ્યું હતું તેટલું ફરીથી જોઇ લીધું અને પાસ થવાની ઉમેદ બાંધી.

સાંજના અંધારૂં થવા આવ્યું ત્યારે થાક્યાપાક્યા ગોખલેજી આવ્યા. તેમને સૌ પગે લાગ્યા, ત્યારપછી અમારી રાબેતા મુજબની 'મીટિંગ' (પ્રાર્થના) થઇ. શ્લોકો વગેરે બોલાઇ રહ્યા પછી 'ઇટર્નલ સ્પિરિટ'થી શરૂ થતું, નવું ગોખીને તૈયાર રાખેલું અંગ્રેજી ભજન મધુર રીતે એકસ્વરે અમે બધાએ ગાયું અને ત્યારબાદ જેહી સુમિરતથી શરૂ થતું રામાયણનું મંગલાચરણ મગનકાકા સાથે દેવદાસકાકાએ ને મેં ગાયું. બીજાં ભજનો પણ એકબે ગવાયાં અને પછી ગોખલેજીને આરામ મળે એ હેતુથી સૌ શાંતિથી વીખેરાયા ને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. હું પણ જઇને સૂઇ ગયો. બીજે દિવસે સવારે મને ખબર પડી કે ગોખલેજીએ પ્રાર્થના પછી દેવદાસકાકાને એક પ્રશ્ન પૂછેલો: 'ધાર કે તું તારા પિતા અને માતા એમ ત્રણે જણા ફરવા જાઓ છો. મા તારાથી થોડે દૂર એક બાજુ છે અને બાપ થોડે છેટે પણ તારી બીજી બાજુ છે. હવે સામેથી વાઘ આવ્યો. જો તું તારી મા પાસે જાય તો વાઘ બાપને મારી નાખે ને બાપ પાસે જાય તો વાઘ તારી માને મારી નાખે; તો તું શું કરે?' આનો જવાબ દેવદાસકાકા દઇ શક્યા ન હતા. મને મગનકાકાએ પૂછ્યો તો હું પણ ન દઇ શક્યો. પછી દેવદાસકાકાને બદલે મોટામાંથી કોઇએ—ઘણે ભાગે બાપુજીએ—ગોખલેજીને જવાબ આપ્યો કે 'હું પોતે વાઘ પાસે ચાલ્યો જાઉં એટલે મા ને બાપ બેય બચી જાય.'

બીજે દિવસે ગોખલેજી સવારના બધે ફર્યા. ફીનિક્સ જોયું. અમારે ઘેર પણ આવ્યા અને મારી બાની સાથે ગુજરાતીમાં એકબે શબ્દ બોલ્યા પણ ખરા, પણ મને દાખલો ન પૂછવાથી હું નિરાશ થયો. ફીનિક્સ જોઇ લઇ મિ. ડૂબેને ત્યાં પણ તેઓ જઇ આવ્યા.

બપોરને વખતે તેમને આરામ લેવાનું અમારી નિશાળમાં—લાયબ્રેરીમાં—રાખ્યું હતું. તેઓ ત્યાં ગયા ત્યારે કોઇ ત્યાં નહોતું જતું છતાં હું ગયો, કારણ, મેં માની લીધું કે હું કંઇ વાત કરવા કે કરાવવા નથી જતો. હું ઘોંઘાટ પણ નહિ કરૂં. મેં જઇને થોડીવાર લાયબ્રેરીની આસપાસ આંટા માર્યા, પછી બાપુજી અને ગોખલેજી જે બારી પાસે બેઠાબેઠા વાતો કરતા હતા ત્યાં જઇને ઊભો. બાપુજીની નજર મારા ઉપર પડી કે તેમણે મને ઠપકાર્યો. 'પરભુદાસ, ત્યાંથી જતો રહે, કોઇ વાત કરતું હોય ત્યાં ન ઊભા રહીએ. સમજાય કે ન સમજાય!' નીચે મોંએ હું ત્યાંથી નાસી છૂટ્યો.

સાંજ પડ્યે ગોખલેજી વિદાય થયા. બે મહિનાથી જે અવસર ગાજતો હતો તે આમ બે દિવસમાં પૂરો થયો. ગોખલેજી આવ્યા અને ગયા. ફીનિક્સમાં બધું પાછું સૂનુંસૂનું થઈ રહ્યું.

થોડા દિવસ પછી ફીનિક્સમાં વાત આવી કે બાપુજી તથા મિ. કેલનબેક ઝંગબાર સુધી ગોખલેજીને વળાવવા ગયા છે. મુસાફરીમાં તેઓએ શેતરંજની રમત રમવાનો યે આનંદ લીધો. એ રમતમાં એકબીજાથી ઊતરે એવું કોઇ નહોતું. ઝંગબારથી છૂટા પડતાં ગોખલેજીએ બાપુજીને વહેલામાં વહેલા દેશ આવવાનો આગ્રહ કર્યો છે.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે

દેવાદાર બનીને તું ઊઠ તે કરતાં ભૂખ્યે પેટે જ બિછાના ભેગો થા.

પૈસાનું મૂલ્ય તારે જાણવું હોય તો તે કોઇ પાસે ઉછીના માગી જો.

ક્રોધીને ક્ષમાથી, દુષ્ટને સજ્જનતાથી, કૃપણને દાનથી અને મિથ્યાવાદીને સત્યથી જીતવો.

એ ધનથી શો લાભ, જે નથી દેવાતું કે નથી ખવાતું. એ બળથી શો લાભ, જેથી શત્રુ નથી હણાતા. એ જાણ્યાથી શો લાભ, જે આચરણમાં ન ઉતારાય. અને એ આત્માથી શો લાભ, જે જિતેન્દ્રિય ન હોય.

જે બધું સહી શકે છે, તે બધું કરી શકે છે.

સર્વ યુગોના ન્યાયાધીશ સમય પર જ જેનો ફેંસલો નિર્ભર છે તે 'પાપની

સવારે સાતેક વાગ્યે રાયફલની નળી સાફ કરી રહ્યો હતો અને વચ્ચે ચાહના ઘૂંટડા ભરતો હતો એટલામાં અમારા યજમાન પંડિતજી અને એમના એક મિત્ર ઠાકોર ખભે લાઠી મૂકીને આવ્યા અને બોલ્યા, 'પંડિતજી, પાડો નહિ મારો?'

મેં કહ્યું, 'અહીં પાડો ક્યાંથી? પાડાઓ તો ઋષિકેશની ખીણોમાં. અહીંઆં તો નીલગાયો હોય છે!'

એ બંનેએ કહ્યું, 'અહીં પાડા ઘણા છે.'

મેં કહ્યું, 'અશક્ય છે.'

એમણે કહ્યું, 'અમે દેખાડીએ તો મારશો?'

મેં કહ્યું, 'એક નહિ બે. પણ તમે ભૂલ કરો છો. અહીં પાડાઓ થતા જ નથી.'

એમણે કહ્યું, 'તો આજ સાંજે અમારી સાથે ચાલો.'

'ભલે' કહીને હું મનમાં ને મનમાં હસ્યો કે આ લોકો પોતે કંઈ જાણતા નથી અને બીજાનું કંઈ માનતા નથી.

રાયફલ સાફ કરીને હું ઊઠચો પણ નહોતો, ત્યાં બીજો માણસ આવ્યો. શરીરે દુર્બળ, ચીંથરે લપેટેલો, દયાની મૂર્તિ બનીને મારી સામે ઊભો. મેં પૂછ્યું, 'કેમ ભાઈ?'

'પંડિતજી, હરણ ખાવું છે.' યાચનાની મૂર્તિ બોલી.

'ભાઈ, હરણ તો મેં માર્યો નથી; માર્યો હોત તો જરૂર તને એનું ગોસ આપત.'

'દૂધ કેમ નથી પીતા?' મેં જરા રોકાઇને કહ્યું.

'દૂધના પૈસા હોત તો બકરી ન ખરીદત? હરણનું માંસ માગવા ન આવત.'

હું ખૂબ લજ્જિત થયો. મને ઉપદેશ કરવાનો કશો જ હક્ક નહોતો. 'પહેલાંથી તેં કહ્યું હોત તો સુવર મારી આપત. કોશિષ કરીશ, પણ કંઈ કહી શકાય નહિ', કહીને પેલાને સાંત્વના આપી અને નમસ્કાર કરીને એ ચાલ્યો ગયો.

સાંજે ભુખરા પ્રકાશમાં પેલા પંડિતજી અને ઠાકોરે મને એક ટેકરી પર ખડો કરી દીધો અને ટેટાના ઝાડની ઓથે પાડો ઊભેલો બતાવ્યો. આંખો સ્થિર કરીને મેં જોયું તો મને નીલગાય દેખાઈ. ગોપાલસિંહને સાફ દેખાયું નહિ. મેં કહ્યું, 'પંડિતજી, નીલગાય પર હું ગોળી નહિ ચલાવું. એમ તો નીલગાય એ ગાય નથી; હરણ જ છે, પરંતુ ગાય શબ્દને ખાતર હું નથી મારતો.'

પેલા બંનેએ કહ્યું, 'ના ના, એ તો પાડો છે.'

મેં કહ્યું, 'પાડો અહીં ક્યાંથી આવ્યો?'


પેલા બંનેએ કહ્યું, 'ગંગામાતાના સોગંદ, પાડો છે.'

હું એક વૃદ્ધાને ઓળખુ છું. ગોબી (કરમકલ્લો) એટલા ખાતર નથી ખાતી કે એમાં 'ગો' શબ્દ આવ્યો છે. પછી હું નાહક નીલગાયને શા માટે મારું? પણ હું એ ગામડિયાઓને મારા કરતાં સારા માણસ માનતો હતો. હું જાણતો હતો કે અહીં પાડા નથી થતા, છતાં રાયફલનો ઘોડો દબાવી દીધો. ઝાડીની પાસે ધબાકો થયો. બીજી ગોળી છૂટી ત્યાં પહેલાં કરતાં પણ મોટું જનાવર નાળામાં પડયું.

પડાવ પર પાછો ફર્યો, પણ મનમાં શંકા હતી કે આજ ખરાબ કામ થઈ ગયું. પંડિતજી અને ઠાકોર ખૂબ પ્રસન્ન હતા. પડાવ પર આવ્યા પછી માલૂમ પડયું કે આ પ્રદેશમાં નર નીલગાયને પાડો અને માદાને પાડી કહે છે. ગ્લાનિ અને શોકથી હું દબાતો હતો. મારાથી ઘોર પાપ થઈ ગયું. મારી આંતરિક ઈચ્છા વિરુદ્ધ મેં બે પાડા માર્યા. એમને મારવાની ઇચ્છા ય નહોતી અને ખ્યાલ પણ નહોતો. હું એ પણ જાણતો હતો કે આટલામાં પાડા નથી થતા. પણ એક બ્રાહ્મણે અને એક ગૌબ્રાહ્મણ પ્રતિપાલક ક્ષત્રિયે એક બ્રાહ્મણ પાસે નીલગાયોનો વધ કરાવ્યો. શોક અને ક્રોધથી દબાએલો હું ખાટલા પર બેઠો હતો. રાયફલ હાથમાં હતી. શિકારની બધી મજા માટીમાં મળી ગઈ. નીલગાય એ ગાય નથી, એ વાતનું જ્ઞાન મને વર્ષો પહેલાંથી હતું. માત્ર sentiments ને ખાતર હું મારતો નહોતો. એ પાપનું પ્રાયશ્ચિત્ત શું? શું ભૂલથી કરેલા શિકારના પાપનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે? પ્રાયશ્ચિત્ત શું હશે? અને આ બંને માણસોની શી ગતિ થશે? એ વિચારતો હું ખાટલા પર બેઠો હતો. મેં જમવાની ના પાડી. ગોવિંદા અને ગોપાલસિંહને મેં ભોજનનો આગ્રહ કર્યો.

જ્યારે મેં ભોજન ન કર્યું ત્યારે પુરોહિત અને

ગૂંચ


ટેટાના ઝાડની ઓથે પાડો ઊભેલો બતાવ્યો

યજમાન ખિન્ન થઇને આવ્યા અને ક્ષમા માગી. મેં ગંભીરતાથી પૂછ્યું, 'આખરે તમે ધોળે દહાડે અંધારામાં એ જાનવરને કેમ મરાવ્યાં?'

એમણે કહ્યું, 'શું કરીએ, પંડિતજી? એ પાડાઓએ ખેતીનું સર્વનાશ કર્યું છે. વાણીઆ પાસેથી કરજ લઇને કપાસ, શેરડી એરંડા કરીએ છીએ પણ એ લોકો ઉજ્જડ બનાવી દે છે. વાણીઆને કહીએ છીએ કે પાડા ખેતર ઉજ્જડ કરી ગયા, વ્યાજ છોડી દે, તો એ માનતો નથી; સરકાર મહેસુલ નથી છોડતી. અમે શું કરીએ? દુષ્કાળ પર દુષ્કાળ અને ઉપરથી પાડાની આફત. ચોરી તો કદી કરી નથી. યમુનામાં બાળકો લઇને શું ડૂબી મરીએ? તમે જ કહો શું કરીએ? અમે બીજાઓ પાસે એમને મરાવવાનો પ્રબંધ કર્યો હતો, પણ હાથે જ ચઢ્યા નહિ. અમારી પાસે આવી બંદૂક હોત તો ક્યારના મારી નાખ્યા હોત.'

મેં કહ્યું, 'પણ તમે મારી પાસે શા માટે મરાવ્યા?'

એમણે કહ્યું, 'પંડિતજી, આપે હરણ તો માર્યાં છે; તો પછી આમાં અને હરણમાં ભેદ શો?'

હું નહોતો જાણતો કે એ લોકો એવી દલીલ કરી શકશે અને પોતાની સ્થિતિનું આવું ચિત્ર ખેંચશે. કવિવર અકબરના કાવ્યનો અનન્ય ભક્ત હોવા છતાં મને એમની વાત 'જહાં રોજી નહિ ચલતી, વહાં મજહબ નહિ ચલતા' ગમી નહિ. સિદ્ધાંત રૂપે હું માનતો પણ નહોતો. મારી જડો ગ્રામ્યજીવનમાં છે. હું પોતે ગામડિયો છું. એમનાં દુઃખો જાણું છું. ગરીબીના કારણે શાહુકારોના હુકમનામાની નાગી તલવારના ભયથી એ પોતાના બળદ કસાઇને વેચી દે છે. આવું રોજ બન્યા કરે છે. મોટા મોટા ગૌભક્ત વાછરડાના ચામડાના જોડા પહેરે છે. અને સારા ચામડાને ખાતર જીવતા પશુઓનો જ વધ થાય છે.

એ તો હું જાણતો હતો કે નીલગાય ગાય નથી, પણ એક જાતનું હરણ છે. ગોવંશની એક મુખ્ય પિછાણ છે–ગળાની ચામડી. ગાય અથવા બળદના ગળાની નીચે જે ખાલ લટકે છે એને 'ગલકમ્બલ' કહે છે. ગોવંશના જનાવર વિના એ બીજાને નથી હોતી. ભેંસ હરણ અથવા નીલગાયને એ નથી હોતી. બીજું, ગાય અને નીલગાયમાં આંતરડાંની બનાવટ પણ તદ્દન ભિન્ન હોય છે. ગાય છાણ છેરે છે, નીલગાય લીંડીઓ પાડે છે. જો કે શીંગડાંની પિછાણ સાચી નથી; છતાં ગાય–બળદને શીંગડાં હોય છે, પરંતુ નર નીલગાયનાં શીંગડાં હરણ જેવાં હોય છે અને માદા શીંગડાં વિનાની હોય છે. આ એક પ્રકારનું હરણ જ છે. પ્રાણીશાસ્ત્રનું પુસ્તક જોઇને મેં મારૂં મંતવ્ય દૃઢ કરી લીધું. પછી મને ખબર પડી કે મનુ મહારાજે પણ એને માટે 'ગવય' શબ્દ વાપર્યો છે; ગાય માની નથી. નીલગાયનું મોઢું ખચ્ચર જેવું અને પૂછડું ઊંટ–હરણ જેવું હોય છે.

ઉદ્દગાર અને નિર્ણયમાં રાતના બાર વાગી ગયા, પણ સંતોષથી મને નિદ્રા આવી. સંતોષ એ હતો કે મારી ભૂલ અથવા કિસાનોની ચાલબાજીથી મારાથી


ગાય નહિ પણ હરણ જ મરાયાં છે. મેં જીવો માર્યા એનો ઇન્કાર નથી. તે દિવસે એ મર્યા તો શું થયું?

'કયા ગમે દુનિયા કા ડર મુઝ રિન્દકો
ઔર ઇક બોતલ ચઢા લી જાયગી.'

રહી પાપની વાત. એ ગૂંચને પણ કોણ ઉકેલે? પાપ શું, પુણ્ય શું? ધર્મ અને અધર્મ શું? આ વાતો શિકારસપ્તાહના વર્ણનમાં નકામી છે. સર્વ યુગોના ન્યાયાધીશ–સમય–ઉપર જ ફેંસલો છોડી દઉં છું; કારણ,

'O Time, thow must untangle this, not I,
It is too heavy a knot for me to unite.'

શ્રીરામ શર્માના હિંદી ઉપરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**



તામિલ રંગોળી

આ સાથે કેટલીક આકૃતિઓ મોકલું છું. તામિલ લોકો આંગણામાં સાથીઆ પૂરે છે તેમાંથી યાદ રાખીને કેટલીક મેં કરી લીધી છે. ટપકાંથી પૂરવાની રીત દક્ષિણીઓમાં છે, અને તેની એક ચોપડી મેં જોએલી; પરંતુ આ તામિલ રીત તેનાથી મને જુદી લાગવાથી નમૂના તરીકે મોકલી છે.

તામિલ લોકોમાં સાથીઆ પૂરવાનું દરેક જણને આવડે છે એમ કહી શકાય. કેટલીક આકૃતિઓ ઘુંટાઇને એવી તૈયાર થઇ ગઇ હોય છે કે તે જાણે કે પરંપરા ચાલ્યા જ કરે છે. અને તે એટલી સુલભ થઇ ગઇ છે કે નહાવું ધોવું જેમ આવડે તેમ તે પણ આવડે મારી પાસેના એક મકાનમાં રહેતા ગૃહસ્થને ત્યાં ઘરકામ કરનાર બાઈ છે; તેનું કામ વાળવા કરવાનું—તેમાં સાથીઆ પૂરવાનું પણ આવી જાય છે, અને જેમ સાવરણી વાપરે છે તેમ ટપકાં ને લીટીઓ તાણી જાય છે. એક સાદી રીત જાણ્યા પછી તેમાં થોડાક ફેરફાર કરીને ખૂબ અટપટી થઇને નવી આકૃતિ લાગે એટલા ફેરફાર એક જ આકૃતિમાં હોય છે.

કૃષ્ણલાલ ભટ્ટ

જળજંગલની જીવસૃષ્ટિના અભ્યાસ અને અવલોકનની પરિચયાત્મક લેખમાળા

વ ન વ ગ ડા નાં વા સી



શૌબીગી

શૌબીગી અને શ્વેતનયના

આપણે કહીએ છીએ કે પંખી માળાનાં 'વસનારાં' છે. પરંતુ આ વાત સાચી નથી. પંખીઓ માળા બાંધે છે એ કેવળ 'વસવાટ' માટે નહિ, પણ ઇંડાં મૂકવા—બચ્ચાં ઊછેરવા સારૂ. એ હેતુ સર્યો એટલે માળો માળાને ઠેકાણે અને પંખી ઊડતું ભમતું રખડતું બની જાય છે. એના દેહ ઉપર ટાઢ તડકો કે વરસાદ અસર ન કરે એવું પીછાંનું આવરણ હોવાથી તેમ આવા પ્રાકૃતિક ઉત્પાતોથી બચવા ઝાડ પહાડ કે ભીંત વગેરેની બખોલો બેશુમાર હોવાથી એ આત્મરક્ષણ માટે માળા બાંધવાની પંચાતમાં જ ઊતરતું નથી. માળો બાંધે તે પ્રજનન કર્મ પૂરતો જ. પંખીનું અશેષ જીવન, એના જીવનનો સમગ્ર કલ્લોલ આ પ્રજનન કાર્યમાં જ પર્યાપ્ત થએલો છે.

રચનાભેદે પંખીના માળાના બે વર્ગ પાડી શકાય: (૧) કોતરી–ખોદીને બનાવેલા અને (૨) ગોઠવણીથી રચેલા. કલકલિયા, લક્કડફોડા, ચિલોત્રા, ઘોડાકાબર જેવાં કોઇકોઈ પક્ષી જમીનમાં, નદી તળાવ વગેરેની ભેખડમાં કે લીલાંસૂકાં ઝાડનાં થડ, ડાળીઓ વગેરેમાં ચાંચથી કાણું પાડીને કે પગથી દર કોતરીને અંદર ઇંડાં મૂકે છે. ચીબરી, ઘુવડ જેવાં કેટલાંક આવાં નૈસર્ગિક દર કે કાણાંનો ઉપયોગ પણ કરે છે. શમળી, કબુતર, લેલાં, ચકલી, કાબર વગેરે મોટા ભાગનાં પંખી જમીન પર, ઝાડ-છોડ વાડ-વેલા જાળાં-ઝાંખરાં કે પહાડની કરાડ, કૂવાની કે ભીંતની બખોલ વગેરે અનેક આધારે તરણાં, સળીઓ, લાકડાની દાંડીઓ, તાર વગેરે વિવિધ પદાર્થો વ્યવસ્થિત રૂપમાં ગોઠવીને, પવાલાં વાટકી કે કુલડીના જેવા ઊંડા અથવા છાબડી કે ટોપલી જેવા છીછરા અનેકવિધ આકારના, બે આંગળથી બાર હાથના વિસ્તારવાળા માળા ગોઠવે છે. અબાબીલ જેવાં વળી માટી કે લાકડાના રસના લચકાના માળા બનાવે છે. વકતીતીતી અને દશરથિયાં જેવાં કોઇકોઇ પંખી તો માળા બાંધવાની ભાંજગડમાં જ પડતાં નથી અને ઉઘાડી ભોંય પર જ ઇંડાં મૂકી ચલાવી લે છે. આ બંને વર્ગના માળામાં સપ્રમાણ રચનાજનક પંખીની નૈસર્ગિક શક્તિ અને અદ્ભુત કૌશલ્ય પ્રતીત થાય છે. છતાં પંખીઓનો એક એવો પણ સમુદાય છે કે જેની નીડરચના આગળ આ બંને વર્ગના માળા અત્યંત પ્રાકૃત જ લાગે.

આ વિશિષ્ટ પંખી તે સક્કરખોરા, સુગરી, કુત્કી વગેરે. અશેષ પંખીઓમાં એમની ઇજનેરી અસામાન્ય અને અતિશય ઉચ્ચ કક્ષાની ગણાય. માત્ર પગ અને ચાંચની મદદથી આ પંખીઓ એટલા તો અદ્ભુત માળા બાંધે છે કે એની રચનામાં જોઇતાં શ્રમ, એકાગ્રતા, સંયમ વગેરેનો વિચાર કરતાં આપણું—બુદ્ધિમાન ગણાતા મનુષ્યપ્રાણીનું પણ —મગજ બહેર મારી જાય છે. માત્ર કાગળની નાની કરચો, રૂનાં પૂમડાં, કરોળિયાની જાળ વગેરે ભેગાં કરી, ચોંટાડી, સક્કરખોરો એવો તો સંપૂર્ણ સુરક્ષિત માળો રચે છે કે ગમે તેવા મૂશળધાર વરસાદમાં પણ એમાં પાણીનું ટીપું યે પેસી ન શકે. ગમે તે સ્થિતિમાં આડાંઅવળાં લટકતાં ઝાડનાં પહોળાં બે પાનને ચાંચ અને પગની મદદથી ખેંચી આણી, ભેગાં કરી, ચાંચ રૂપી સોય અને કરોળિયાની જાળના તાંતણા વગેરે જેવા દોરાથી એની ધારો ત્રણ બાજુથી સાંધી લઇને કોથળી જેવો લટકતો માળો બનાવતા દરજી-કુત્કીની કુશળતા જેવી તો જીવતા-

જાગતા મનુષ્ય દરજીની પણ નથી હોતી. તરણાં ગૂંથીને માળ પર માળ રચી, એકદંડિયા મહેલ જેવા બનાવેલા સુગરીના માળાથી કોણ મુગ્ધ નથી બનતું ?

ગયા અંકવાળી બે ફુત્કીઓ પણ આ ત્રીજા વર્ગના માળા બાંધનાર પંખી છે. એમાં યે રાખોડી માથા'ળી તો બધાં પંખીનેઃટપી જાય એવા ગુણવાળી,બેત્રણ પ્રકારના માળા બનાવવાના ચાતુર્ય અને સામર્થ્યવાળી છે. સક્કરખોરો, દરજી અને સુગરી તો એકેક જ જાતના માળા બનાવે; જ્યારે રાખોડી માથાવાળીને તો એકઃ દરજીના જેવો એક કે બે પાંદડાં ભેગાં સાંધી બનાવેલો; બીજોઃ ઉપર વર્ણવ્યો તેવો એક પાંદડાની પીઠે ચોંટાડેલો; અને ત્રીજોઃ એક પણ પાંદડાના આધાર વિના કેવળ ઘાસનાં તરણાં ગૂંથી ઝાડની ડાળીઓ વચ્ચે લટકાવેલો—એમ ત્રણ પ્રકારના માળા આવડે છે. એ ત્રણ પણ વિશેષ ગુણવાળા. સુગરી બંટીડાંગરનું પરાળ કે ઘઉંના નાળવા વાપરે, ત્યારે આ ફુત્કી તો ઘાસની પાનેઠોના પાતળા ચીરામાંથી કે ઝાડવેલાની મુલાયમ અંતરછાલ ઊતરડી લઇ તેમાંથી માળા ગૂંથે છે. સુગરીના માળામાં તળિયેથી, નીચેથી ઉપર આવવાનું હોય છે, જ્યારે ફુત્કીના માળામાં બાજુએથી અંદર ઊતરવાનું હોય છે. સુગરીના જેવી મેડી કે મજલા એ નથી બાંધતી, પણ એના માળામાં પાણી ન પેસે એ માટે બારણા પર વાછોટિયું મૂકે છે. એટલે અંશે એનો માળો સક્કરખોરાના કે ઇંડિયન ફુત્કીના માળાને મળતો આવે છે.

ઇંડિયન ફુત્કીને પાંદડાં સાંધવાનું નથી હોતું. એ તો ઊભા પાકમાં કે નિબિડ ઘાસમાં, લીલા ઘાસનાં તરણાં ગૂંથી કોથળી જેવો માળો બનાવી આસપાસનાં તરણાંની ટોચેથી લટકાવી દે છે. એનો દેખાવ તથા દ્વાર પરનો પડદો પણ સક્કરખોરાના માળાને મળતો છે.

નીડરચનામાં આટલી કુશળતાવાળાં છતાં અને દેહના પ્રમાણમાં અત્યંત બુલંદ અવાજે શ્રુતિમનોહર એકધારૂં ગાન કરીને લોકોત્તર આનંદ આપનારાં છતાં, આવાં પંખી આપણે ત્યાં કેટલાંને પરિચિત હશે ? અત્યંત આત્મશ્લાઘાની ટેવવાળા અંગ્રેજ પક્ષિતત્ત્વવિદોએ પણ કંઠની મિઠાશમાં જેને કૅનેરી કરતાં યે અધિક ગણી છે, એવી રાખોડી માથાવાળી ફુત્કીના અદ્‌ભુત સંગીતનો ઉપભોગ કેટલા કરતા હશે ? રૂપેરંગે નયનસુન્દર લલિત દેહવાળી શૌબીગી[1]ની મનોહર પદપરંપરા,શ્વેતનયના[2]ના સુવર્ણરંગી કંઠમાંથી ઝરતા 'ટ્રી-ટ્રી ટ્રી'સ્વરની હેલી,સુવર્ણપ્રભ પીળકદૂંદૂની સંયમિત આલાપસરણી, ઉન્મત્ત ચકદિલની મોહક સ્વરભંગી,—આ બધાંના જાણકાર આપણામાં કેટલા સંગીતાભિમાની નીકળશે ?

વાત એમ છે કે આપણે પંખીના 'વાક્‌ચાતુર્ય'થી લોભાઇએ છીએ, પણ એમના કંઠની નૈસર્ગિક ગાનશકિત આપણને ઝાઝી આકર્ષતી નથી. એ વિષયમાં આપણે મૂઢ છીએ.

અને આવી દશા આપણા એકલા આધુનિકોની જ નથી. આપણા પૂર્વજો પણ આવી જ ઉદાસીન બુદ્ધિથી પક્ષીઓને ઉવેખી ગયા છે. કારણ, આપણા દેશમાં પંખીઓ પાળવાનો શોખ તો ખૂબ પ્રાચીન કાળથી ચાલતો આવે છે. પશુઓ વિષે જેવાં શાસ્ત્ર રચાયાં છે, એવી ભારે મહત્તાને પાત્ર તો પંખીઓ નથી ગણાયાં, છતાં પ્રાચીન અને મધ્યકાલીન આર્ય સમાજમાં ગૃહસ્થના ઘરનાં અન્ય પ્રસાધનોમાં પાલિત પક્ષીઓનું સ્થાન અતિ ગૌરવભર્યું હતું એ નિર્વિવાદ સત્ય છે. કેટલાંક પંખીઓનાં રૂપલાવણ્ય આકર્ષક નીવડતાં; અન્ય પંખીઓની અનુકરણશક્તિ જ એમની પંજરસ્થિતિનું કારણ બનતી; શિકાર અર્થે હિંસ્ર પક્ષીઓની ઉપયુક્તતા પણ સ્વીકારાતી; તેમ લડાયક મનોવૃત્તિવાળાં વિશિષ્ટ પંખીઓનાં યુદ્ધ પણ કરાવવામાં આવતાં. છતાં આ બધાંમાં કોઇનો અભાવ કે અલ્પ પ્રમાણ આપણું ધ્યાન ખેંચતું હોય તો તે 'ગાનાર' પંખીઓનું. पञ्जरस्था सारिका, वासयष्टि પર અર્ધ નિદ્રિત દશામાં બેઠેલો નર્તનપ્રિય नीलकण्ठ मयूर, प्राङ्गणसीम्नि રઝળતો केलिशुक—આવાં આવાં સરસ વર્ણનો વાંચનાર સાહિત્યરસિકને શોધતાં છતાં પણ, કેવળ સ્વરની મધુરતાથી બંધનાવસ્થા ભોગવતાં પંખીઓના ઉલ્લેખ અતિ અલ્પ સંખ્યામાં મળે છે.

કારણ? ભારતવર્ષમાં 'ગાનાર' પંખીઓ જ ન હતાં એમ તો કોઇ ન જ કહે. શીતપ્રદેશનાં વાસી કકૂ, કૅનેરી, નાઇટિંગેલ વગેરેને પડખે ઊભાં રહી કંઠની મધુરતામાં રજ પણ નમતું ન આપે એવાં અનેક

[1] Iora [2] White Eye

પંખી આપણે ત્યાં છે. ત્યારે પ્રાચીનોએ એમની આટલી ઉપેક્ષા શા માટે કરી હશે? વિકટ સમસ્યા છે.

આજે ગણવા બેસીએ તો ભારતવર્ષના પંખી-સમાજમાં, અન્ય પશુપંખીઓની વાણીનું અનુકરણ કરવાની જેમની લોકોત્તર પ્રવીણતા આપણને મુગ્ધ કરે છે અને રૂપરંગ ચાલછટા વગેરે ગુણોને લીધે જેમનું પરિપાલન ભારે લાડથી હજુ પણ સ્થળે સ્થળે થાય છે એવાં પંખીઓની સંગેસંગે, જેમનું કેવળ ગાન આપણને આકર્ષે છે એવાં, અનેક પંખી ગણાવી શકાય. શામા, દૈયડ, પિદ્દા, ખેરપિદ્દા, કાબીશામા, ફાટિક જાલ, ભારત, કસ્તુરો, બીમરાજ, ચકદિલ, ખંજન, ગુલાબચશમ, હારેવા, અગન, ચંડોળ, મેના, પોપટ વગેરે અનેકવિધ ગુણાકર પંખીઓની સંખ્યા અને અસ્તિત્વ પ્રાન્તભેદે નિયન્ત્રિત થતાં હોવા છતાં, એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં થોડાં પણ કેવળ 'ગાનારાં' તો નહિ જ હોય.

એ ગાયકોના મૂર્ધન્ય સ્થાને બિરાજનાર પંખી તો શામા જ. રૂપે રંગે સામાન્ય છતાં કંઠની અદ્ભુત મિઠાશમાં અદ્વિતીય આ પંખી ગુજરાતની વાડી-ઝાડીને અલંકૃત નથી કરતાં. એટલું આપણું સૌભાગ્ય ઓછું. પરંતુ આપણે તદ્દન હતભાગ્ય તો નથી જ રહ્યા. કારણ, એનાથી માત્ર એક જ પદની ઊતરતું, પણ સંગીતમાં એને પડખે શોભે એવું અન્ય પંખી આપણે ત્યાં—સવિશેષે ગુજરાતમાં સ્થાયી અધિવાસી છે. એનું નામ દૈયડ. પહેલું શામાઃ બીજું દૈયડ. એમની તુલનાએ અન્ય પંખી ન આવે. એ જ્યારે સંગીત રેલવતાં હોય ત્યારે અન્ય પંખીઓનાં ગાન ઝાંખાં પડી જાય.

પણ આ વાત તો લોકોત્તર ગાયકોની થઇ. આપણે ત્યાં બીજાં પણ એવાં છે કે જે જાતે સાધારણ પંક્તિનાં હોવા છતાં એમનાં ગાન આપણાં હૈયાંમાં ઉન્માદ મચાવે છે. એમાંનાં ચકદિલ, બપૈયો, રાખોડી માથા'ળી કુત્કી વગેરે જેવાં થોડાંકનો પરિચય કર્યો. આજે શૌબીગી અને શ્વેતનયનાની વાત કરી લઇએ.

શૌ-બી-ગી

ગુજરાતમાં હમેશાં વસનારાં છતાં આપણી ભાષામાં જેમનાં નામ સમૂળગાં નથી મળતાં, એવાં પંખીઓમાં શૌબીગીને ગણાવી શકાય. શૌબીગી એનું હિંદી અભિધાન. અંગ્રેજો એને Iora કે Common Iora કહે છે.[3]

શૌબીગી છે તો ક્ષુદ્રકાય; ચકલીથી નાનું, ચારેક આંગળનું. પણ ગૌરવવંતા રૂપ અને મોહક સ્વરનો સરસ સંયોગ જેવો એના દેહમાં થયો છે એવો તો કોઇક જ પંખીમાં જોવામાં આવે છે. રૂપલાવણ્યમાં, છટામાં કે નર્તનમાં પૃથ્વીતલના અશેષ પંખીસમાજમાં જેની તુલનાએ કોઇ નથી આવતું એવા મોરના સ્વરની કર્કશતા કોને આઘાત નથી પહોંચાડતી? વિચિત્ર વર્ણભંગીવાળાં કાળાં અને પચરંગી તીતર તથા ચકોરના કંઠને કોણ અભિનંદશે? કાનમાં અમૃત રેલાવનારાં શામા અને દૈયડ કે કોકિલ અને અગનની રૂપસામગ્રીનાં કહીં પણ વખાણ સંભળાયાં છે? પણ શૌબીગીને તો પ્રકૃતિએ નવરાશની વેળાએ જ ઘડ્યું હશે. નર લ્યોઃ રંગની કેવી સરસ જમાવટ! એમાં પણ ઋતુભેદે કેવો વર્ણવિપર્યય! ગ્રીષ્મ કાળ આવે, સંવનનની મસ્તી ઉભરાય અને એના દેહમાંથી અતિ આકર્ષક રંગની છોળો ઊડે. માથું, પીઠ, પાંખો અને પૂંછડી ચળકતા ઘેરા કાળા રંગનાં. એમની એકરૂપતાને ઓપ આપતા, પાંખોમાં બે શ્વેત પટા. ગળું, છાતી ને પેટ ચળકતા ખુલ્લા પીત વર્ણનાં. શીત ઋતુ બેસે અને એનો વાન બદલાય. કાળો રંગ જતો રહે અને એને સ્થાને પીળાશપડતા લીલા રંગની ભરતી થાય.[4] માદા તો ઊભું વરસ એક જ રૂપે રહેનારી—ઉપરનો રંગ ઘાસના જેવો કાળાશપડતો મેલો લીલો અને નીચેનો આછો ફિક્કો પીળો. પાંખોમાં બે બે મેલા ધોળા પટા. પૂંછડીના અગ્રભાગ લીલા રંગથી ખરડાએલા. બંનેની ચાંચ રતુમડી. પગ ઘઉંવર્ણા પીળા.

આટલી એની રૂપસામગ્રી. પાંચેક ઇંચ લાંબુંઃ ઉપર કાળુંઃ હેઠે પીળુંઃ પાંખોમાં બે ધોળા પટા—એટલી એંધાણી એને ઓળખવા પૂરતી છે. એ બધું વિવિધ અને મોહક છતાં શૌબીગીની ખરી શોભા તો એના કંઠમાં છે. વસંત આવે અને એનો કંઠ ઊઘડે છે. ગ્રીષ્મ ઊતરતાં તો એના ગીતની મસ્તી પરાકાષ્ઠાએ પહોંચી ગઇ હોય છે અને સ્વભાવે હળવું બોલનારું

૩ પરિભાષાઃ Aegithina Tiphia

૪ એને લીધે કોઇ કોઇ એને White winged Green Bulbul પણ કહે છે.

છતાં સંવનનકાળનું એનું ગીત દિશાઓ ભરી નાખે છે.

જે ગાનશક્તિને લીધે શૌબીગી, શામા અને દૈયડ જેવાં ગાયકશિરોમણીના અખાડામાં મહાલી રહ્યું છે, એના ઉચ્ચારનું શબ્દારોપણ કઠિન છે. એની બોલીમાં વિવિધતા છતાં એનું પ્રિય ગાન તો ચારપદી છે: ૧-૨-૩-૪. પ્રત્યેક પદ એકાક્ષરી, એક જ ક્ષણાવસ્થાયી: મીઠી ધારી છતાં ગંભીર નાદવાળી 'સી' એવી સીસોટી. ચારે પદ સામટાં બોલાતાં લાગે, પણ પ્રત્યેક પદને અંતે અરધી કે પા ક્ષણ જેટલો અલ્પ વિરામ: 'સી -સી-સી-સી'. આને મનુષ્યવાણીમાં ઊતારવાનો એક પ્રયત્ન તે, 'શૌ-બિ-ઈ-ગા': એ ઉપરથી જ એનું નામ 'શૌબીગા' કે 'શૌબીગી'. બંગીય ઉસ્તાદો એ ગાનને 'ટાર્-કિ-કા' અથવા 'ફા-ટિ-ક-કા' એમ શબ્દારૂઢ કરીને પંખીનું નામ 'ફાટીકજાલ' સ્થાપે છે. પરદેશી પક્ષિવિદોએ વળી 'So-Be-Ye' અને 'Chee-Tooo' એવી નક્કલ પણ કરી છે. મને ગાતાં નથી આવડતું તેમ ભાતભાતની સીસોટીઓ મારવાની કળા પણ મેં હસ્તગત નથી કરી, છતાં 'બ-ચુ-ક્યાં-ગ્યો' એ પદચતુષ્ટયને સીસોટીમાં ઉતારવાથી શૌબીગીના ગાનની આબાદ નક્કલ થાય છે એમ હું જાતઅનુભવથી કહું છું. આ બધા પ્રયત્નો કેવળ એના ઉચ્ચારના આરોહઅવરોહનો ખ્યાલ આપવા પૂરતા જ છે. બાકી સાંભળ્યા સિવાય વર્ણનમાત્રથી શૌબીગીના ગાનની મોહકતાની કલ્પના આવવી શક્ય નથી.

એનું ગાન, સાંભળનારના હૈયામાં તનમનાટ કે ઉન્માદ નથી મચાવતું. તેમ એના સ્વરની ગંભીરતાથી, કેટલાક કહે છે એવી, ઊંડી વેદના કે નિર્વેદપૂર્ણ વિષાદ પણ નથી ઊપજતો. મને તો એના ગાનશ્રવણથી હમેશાં ગંભીર આશ્વાસન અને ગાઢ શાંતિ અને આનંદ જ મળ્યાં છે.

એ ગાય છે હળવે કંઠે. ઝાડની ઘટામાં નરમાદા ભમતાં હોય.[૫] આ ડાળથી પેલે ડાળ: ઉપરથી નીચે: આ ઝાડથી પેલે ઝાડ. ભમતાં જાય: જીવાત પકડતાં જાય: ગાતાં જાય. નર બોલે: 'સી': એક જ પદ. પત્રાન્તરે તિરોહિત બનેલી, નરને પદેપદે અનુસરતી માદા વિહ્વળતાથી જવાબ વાળે: 'સી': એક જ પદ. સવારથી સાંજ સુધી આ ક્રમ ચાલુ જ રહે. વચ્ચે વચ્ચે ગાનભંગી બદલાય અને ક્વચિત્ બે પદ, ક્વચિત્ ચાર પદનાં ગાન પણ બોલી નાખે. આ બધું ધીરે ધીરે. સરળ કંઠે. રજ પણ ઉતાવળ વિના.

પણ પ્રજનન કાળે આ બધો સંયમ અને શાંતિ વીસરી જાય છે. એ વખતની કંઈ મસ્તી! એની તુલનાએ તો માત્ર કોકિલ કે દૈયડની જ મસ્તી આવે. એ વખતે નર તો બસ આખો દિવસ ઊંચે સ્વરે ચાર પદવાળા ગાનની આવૃત્તિ ઉપર આવૃત્તિ કરતો વાતાવરણ ગજાવી મૂકે છે. નથી ગમતું ખાવું: નથી ગમતો આરામ. ગાતો ગાતો જ જીવન ખતમ કરવા માગતો અને ગાનમાં ઓગળી જતો, 'A voice and nothing but a voice' બની જઇ દેહભાવ છોડી દેતો દેખાય છે. એ વખતે એ રજ પણ સ્પર્ધા સહન કરી શકતો નથી. સ્વભાવે શરમાળ છતાં એ વખતની એની ધૃષ્ટતા અને નીડરતા હદ મૂકે છે. એનો એક અનુભવ કહું:

અમારી વાડીમાં ગોરસલીનાં બેચાર ઝાડ છે. એની નિબિડ ઘટામાં એક શૌબીગી દંપતી વસે છે. ગયા ઉનાળામાં હું અહીં રહેવા આવ્યો ત્યારે શરૂઆતના બેચાર દિવસ તો એમનો પરિચય કરવાનો અવકાશ ન મળ્યો. પણ થાળે પડ્યા પછી તો મેં એમના ગાનમાં ચિત્ત પરોવવા માંડ્યું. નર ગાય અને હું મુગ્ધ બનું. એક દિવસ એનું અનુકરણ કરવા મેં સીસોટી મારી. તરત એણે જવાબ વાળ્યો! મેં ફરી સીસોટી મારી. એણે ફરી જવાબ આપ્યો. પછી તો આ અમારો નિત્યનો ક્રમ થઇ પડ્યો. જતાં આવતાં રોજ હું એના નિવાસવૃક્ષ હેઠળથી નીકળું અને સીસોટી મારી બોલાવું. શરૂઆતમાં એ બોલે: ન પણ બોલે. પરંતુ એક વખત વિશ્વાસ બેઠા પછી તો એણે અચૂક જવાબ આપવા માંડ્યો. ઘણી વખત તો ચીડાયો હોય એમ જોરથી પણ બોલે. અને હું બોલતો બંધ ન થાઉં તો છેવટે કંટાળીને એ ઝાડ છોડી ઊડી જાય અને પાસેના વીજળીના તાર પર પાંખો ફફડાવતો બેસે. છેલ્લે છેલ્લે તો એ મારાથી એટલો હળી ગએલો કે હું મારા ઓટલા પર બેઠોબેઠો જ સીસોટી મારું કે તરત દોડી આવી લીમડાની કે આંબાની ઘટામાં

૫ આહારાન્વેષણ અર્થે. જીવાત એમનું ભક્ષ્ય. એને ઊડતાં ઊડતાં જ પકડે છે. જમીન પર ઊતરતાં મેં જોયાં નથી.

ભરાઇ બેસીને જવાબ આપતો. ક્વચિત્ તો વગર બોલાવ્યો આપોઆપ આવીને સીસોટી મારી મને બોલાવતો, બોલાવવાનો પ્રયત્ન કરતો.

આમ એના સંગીતના ઉપભોગમાં મેં આખો ઉનાળો વીતાવ્યો. મેઘાડમ્બર થતાં જ અન્ય પંખીઓનાં મોં બીડાઇ ગયાં પણ એણે તો સંગીતની રેલ રેલાવવી ચાલુ જ રાખી. હજુ હમણાં ઠેઠ આસો સુધી એના સૂર અવારનવાર અમારી વાડીમાં સંભળાતા હતા.[૬] માત્ર આજકાલ એ મૂક થઈ ગયો છે. નજરે પણ ચડતો નથી. ક્યાં ભરાઇ બેઠો હશે?


શૌબીગી ભારતવર્ષમાં સ્થળેસ્થળે વસે છે. આપણા ગુજરાતનું પણ એ સ્થાયી અધિવાસી છે.

ગ્રીષ્મના આરંભથી વર્ષાના અંત સુધીનો કાળ એની સંતાનોત્પત્તિનો અનુકૂળ સમય છે. ગીચ ઘટાવાળા વૃક્ષમાં જમીનથી સાત આઠ હાથ ઊંચે આડા ડાળાની ઉપલી ધારના આધારે ઘાસનાં તરણાં, ઝાડની અંતરછાલ જેવા પદાર્થો ગોઠવી બનાવેલા ઊંડા પવાલા જેવા નાજુક અને સરળ માળામાં કરોળિયાની મુલાયમ જાળ બિછાવી, તેમાં બેત્રણ ઇંડાં મૂકે છે. નાનાં ધોળા રંગનાં: ઉપર આછા બદામી રંગની છાંટ કે કરોળિયાવાળાં.

આપણે તો શૌબીગીને ઓળખતા યે નથી, જ્યારે ઉત્તર પૂર્વ હિંદમાં તો એને પાળનારા પણ અનેક પડ્યા છે. બંધનાવસ્થામાં એના સુકોમળ હૃદયને આઘાત પહોંચવાથી ઝાઝું જીવી શકતું નથી એટલે પાલ્ય પક્ષીરૂપે એની મહત્તા શતગુણ વધી જાય છે. અનેક પ્રયત્ને જે કોઇ ઉસ્તાદ એનું પાલન કરી જીવતું રાખી બોલાવતું કરી શકે છે એ, પંખીપ્રેમીઓનો ઇર્ષાભાજ બને છે. પંખીઓના આશકને એથી વધુ ગૌરવ શું હોઇ શકે!

શ્વેત-નયના

'Indian White-Eye' સંજ્ઞાનું ગુજરાતીમાં અવતરણ 'શ્વેતનયના'. I.W.E. કે Spectacle-Bird[૭] નામે ઓળખાતા આ પંખીનું ગુજરાતીપણું



શ્વેતનયના

સિદ્ધ કરનારો નામવાચક એકે ય શબ્દ આપણી ભાષામાં ન જડ્યો, અનેક પ્રયત્ને પણ એનું હિંદી અભિધાન ન મેળવી શક્યો, ત્યારે જ મેં એને 'શ્વેતનયના' કહેવાની ધૃષ્ટતા કરી છે.

શ્વેતનયનાનો વર્ણવિન્યાસ પણ શૌબીગીના જેવો જ વિવિધરંગી અને આકર્ષક છે, માત્ર એમાં શૌબીગીના જેવી ઝળક નથી હોતી. એનો દેહ ચારેક આંગળનો: ચકલીથી નાનો. નર માદા ઉભયનાં માથું, ગરદન, પીઠ, પૂછડી અને પાંખો લીલીછાયા મારતા, સુવર્ણ જેવા પીળા રંગનાં. ગળું, અને છાતીનો રંગ ચકચકિત પીળો. પેટ મેલા સફેદ રંગનું. પૂછડીના મૂળે નીચેના ભાગમાં પીળું છોગું. ચાંચ પાતળી, વળેલી, છેડેથી અણીદાર, કાળા રંગની. પગ રતુમડા. આટલી વિશિષ્ટ શોભા ઉપરાંત એની વિશેષ અલંકૃતિ તો એની આંખો ફરતાં શ્વેત પીછાંનાં ગોળ કુંડાળાં છે. એથી જ એનું નામ 'શ્વેતનયના'.

જીવાત એનો આહાર.[૮] એને પકડવા ઝાડનાં પાંદડે પાંદડે ફરતું જાય[૯] અને 'ટી-ટી-ટી' એવી ઝીણી હળવી એકધારી સીસોટી મારતું જાય. એના ગાનમાં ઉચ્ચાવચ, આરોહઅવરોહ ન હોવાથી પાલન યોગ્ય નથી લેખાયું, છતાં એના મંજુલ સ્વર સાંભળનારનું

---

૬ અન્ય પંખીઓની તુલનામાં, વર્ષાઋતુનું એનું ગાન અવિરત અને મુક્તકંઠે થતું હોવાથી, કોઇ કોઇ એને 'ચાતક' પણ કહે છે. વસ્તુત: 'ચાતક' અન્ય પંખી છે. જુઓ કુમાર: વર્ષ ૧૩ અંક ૮.

૭ શાસ્ત્રીય સંજ્ઞા: Zosterops palpebrosa.

૮ ફલભક્ષક પણ ખરું. એથી જ એને બાગ બગીચામાં રહેતું જોઇએ છીએ.

૯ કેટલાક કહે છે કે એ કદી જમીન પર નથી ઊતરતું. આ માન્યતા યથાર્થ નથી. કારણ મેં ઊનાળામાં નળ નીચે ભરાયલા પાણીના ક્યારામાં નર માદાને નાહવા ઊતરતાં અને પાણીમાં ઝીલતાં અનેક વખત જોયાં છે.

હૈયું પ્રફુલ્લ થયા વિના નથી રહેતું.

આપણે ત્યાં એ બારે માસ રહે છે. વાડીઝાડી, બાગબગીચા, પહાડી પ્રદેશ —દરેક સ્થળે ગીચ ઘટાનું એ વસનારું હોઈ, ક્વચિત્ એકાકું જોડું અને ક્વચિત્ ટોળે મળીને વિચરતું નજરે પડે છે. અમારી વાડીમાં તો એક જ નરમાદા રહે છે, પણ ચંડોળાની નહેર પરની ઝાડીમાં મેં ઝાઝાં પંખી ભેગાં ફરતાં પણ જોયાં છે.

ગ્રીષ્મના આરંભકાળથી વર્ષાન્ત સુધીના ગાળામાં એ બે વખત સંતાનોત્પત્તિ કરી નાખે છે. જમીનથી ઊંચે ડાળેથી ઝૂલતો સુશાયગ અસ્તરવાળો, પીળકના જેવો જ પણ ખૂબ નાનો માળો લટકાવી, એમાં આછા આસમાની રંગનાં બે ઇંડાં મૂકે છે. આ પ્રસંગ પૂરતો એના ગાનના ઉચ્ચાર પણ— 'ટી-ટી-ટી' ને સ્થળે 'ટ્રી-ટ્રી-ટ્રી' બદલાય છે. એ વખતનું નરનું ગાન મધુર અને અત્યંત આહ્લાદક હોય છે.

ભારતવર્ષમાં એની કેટલીક જાતો થાય છે. આપણા ગુજરાતમાં માત્ર એક જ જાત નજરે પડે છે.

બને ઘર



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૧૦) **સંસારની ચાળણી**

(ચિત્રકાર • શંકરરાવ કિર્લોસ્કર • • • લેખક • પ્રોફેસર ના. સિ. ફડકે.

ઉમર ખય્યામે કહ્યું છે કે, સંસાર એ એક શેતરંજ છે અને આપણે માણસો તેનાં સોગટાં સરખાં હોઈ, દૈવ નામનો જુગારી આપણને આગળ પાછળ ફેરવી રહ્યો છે. ખરી વાત છે કે, આપણ સૌ જણ સંસારની અજસ્ર ચાળણીમાં બેઠેલા છીએ. એ ચાળણીને સંકટો ને વિપત્તિઓના ધક્કા લાગ્યા કરે છે. આપણામાંના જે ઢચુપચુ હોય તે એ ચાળણીમાંથી બહાર નીકળી જાય છે અને દુઃખ તથા અપયશમાં ડૂબકાં ખાતાં ખાતાં તેમની સ્થિતિ અનુકંપનીય બની જાય છે. પણ એ દોષ એમનો જ છે; સંસારનો નહિ. કોઇ એક સંતની વાત છે: એકદા સંતોના એક મેળામાં જઇ, પ્રત્યેકના માથા પર પ્રહાર કરતાં તેણે કહેલું, 'કોનાં માથાં પાકાં ને કોનાં કાચાં તે તપાસવાં જોઇએ!' આ આખ્યાયિકામાં બહુ મર્મ રહેલો છે. તમે સ્વતઃ સામર્થ્યવાન હશો તો આ સંસારની ચાળણીમાં તમારો ટકાવ અવશ્ય થશે. મન અને શરીરે તમે મક્કમ હો તો સંસારની ચાળણી ગમે તેટલી હાલે તો યે તમારૂં આસન કાયમ જ રહેવાનું છે!

ન્યાયાધીશ નિકોલાસ

આશરે ત્રણસો વર્ષ પહેલાંની આ વાત છે. લંડનની પ્રખ્યાત વેસ્ટ મિન્સ્ટર સ્કૂલમાં બે નાના છોકરાઓ ભણતા હતા. એકનું નામ નિકોલાસ અને બીજાનું નામ વેક. બંનેના સ્વભાવમાં ઘણો ફેર હતો છતાં તેઓ ભારે દોસ્તદાર હતા. જ્યારે જુઓ ત્યારે સાથે જ હોય અને એકબીજા વગર કોઇને ચેન જ ન પડે.

નિકોલાસ ઘણો શરમાળ અને ભીરૂ છોકરો હતો. ઘણી વાર તે જૂઠું પણ બોલતો અને આળસુનો તો તે પીર હતો. તેનાથી ઊલટો, વેક એકદમ સરળ અને સાચાબોલો હતો; વળી તે ખૂબ રમતિયાળ ને તોફાની હતો અને કંઇ પણ ખોટું કામ કરે તો તરત જ કબૂલ કરી દેવાની તેને ટેવ હતી.

એક દિવસ માસ્તર જરા બહાર ગયા હતા. માસ્તરની વર્ગ તરફ પૂંઠ ફરી કે છોકરાઓ તો કૂદ્યા. આખા વર્ગમાં તોફાન તોફાન અને હોહો કરી તેઓએ વર્ગના ફેલાએલા વાતાવરણને ચેતનવંતું કરી મૂક્યું.

હવે આ વર્ગ વચ્ચે એક લુગડાનો પડદો ઘણા વખતથી લટક્યા કરતો હતો. પડદા પાછળ એક બીજી નાની ઓરડી બનાવવામાં આવી હતી. રમતમાં ને રમતમાં નિકોલાસે આ પડદો હલાવ્યો. પડદો હતો જૂનો. સહેજ હાલતાંમાં તો તે વચ્ચેથી ચરર દઇને ફાટ્યો અને પડદામાં મોટો ચીરાડો પડ્યો.

નિકોલાસની બીક તો માય નહિ. માસ્તર વાઘ જેવા હતા. અને જો એ જાણે તો તેને ખૂબ જ ફટકારે. એ તો ખૂબ ગભરાયો. બિચારો રડવા જેવો થઇ ગયો. આખરે બધા છોકરાઓએ ભેગા મળી પડદા વચ્ચે ચીરાડો ન દેખાય એવી રીતે તે લટકાવી, શાંત થઇ પોતપોતાની જગ્યાએ ડાહ્યાડમરા બની બેસી ગયા.

માસ્તર આવ્યા. આવી અપૂર્વ શાંતિ તેમણે કદી જોઇ ન હતી. તેમને એ વાતાવરણમાં કંઇ ભેદ લાગ્યો. તેમની ચકોર આંખો ચારે બાજુએ ફરી વળી અને પડદા પર જઇને ઠરી. પડદો રોજના કરતાં જુદી જ ઢબે લટકતો જોયો. એક, બે, અને ત્રણ, ને માસ્તર પડદા પાસે જઇને ઊભા રહ્યા. પડદાને તેમણે હલાવી જોયો અને એ મોટો ચીરાડો તેમની સમક્ષ ખડો થયો. નિકોલાસના હૃદયમાં પણ મોટો ચીરાડો પડ્યો. માસ્તર શું કરશે તેની બીકમાં બધાના જીવ પડીકે બંધાયા.

એવામાં તો વીજળી પડે ને જેવો કડાકો થાય એવો કડાકો થયો. માસ્તર ગાજ્યા: 'કોણે આ તોફાન કર્યું? જેણે આ કર્યું હોય તે આગળ આવે.'

કોઇ ઊભું ન થયું. કોઇ હાલ્યું યે નહિ, કોઇ ચાલ્યું યે નહિ. બધા સ્થિર થઇ બેસી રહ્યા.

'આ તેં કર્યું?' માસ્તરે એક પછી એક દરેક છોકરાને પૂછવા માંડ્યું. દરેકે જવાબ આપ્યો, 'મેં નથી કર્યું.' માસ્તરની આંગળી ફરવા માંડી અને નિકોલાસનો વારો આવ્યો. નિકોલાસની જીભ તાળવે ચોંટી ગઇ. એને સાચું બોલવાનું મન થયું પણ હિંમત ન ચાલી. એણે નીચું જોઇ, બધાની માફક જ જવાબ આપ્યો: 'મેં નથી કર્યું.'

માસ્તરની આંગળી આગળ ચાલી. વેક નિકોલાસથી બહુ આઘે ન હતો. તેણે મિત્રને બચાવી લેવાનો નિશ્ચય કર્યો. એને ખબર હતી કે જો માસ્તર ખરી વાત જાણશે તો નિકોલાસને ફટકારશે એટલું જ નહિ, પણ ખોટું બોલવા માટે એને નિશાળમાંથી કાઢી મૂકશે. અને નિશાળમાંથી કાઢી મૂકે તો એનો બાપ એવો કડક હતો કે તેને ઘરમાં જ ન પેસવા દે અને બિચારો નિકોલાસ રખડતો થઇ જાય. વેકે બધો વિચાર કરી લીધો. એટલે જ્યારે એનો વારો આવ્યો ત્યારે એ અક્ષરે ય બોલ્યો નહિ. માત્ર નીચું જોઇ રહ્યો. માસ્તરને ગુનેગાર શોધ્યાની ખાત્રી થઇ અને વિજયી મુખમુદ્રાથી વેકને ટેબલ પાસે બોલાવ્યો. સોટી અને ચાબુક તૈયાર જ હતાં. વેકના ગાલ પર લપડાક, વાંસા પર ચાબુકો અને હાથમાં સોટીઓ પડી. છતાં વેક શાંત રહ્યો. 'આટલું બધું વાગ્યું, માર પડ્યો, એમાં શું? નિકોલાસ તો બચી ગયોને?' એ વિચારે તેને તો ખૂબ આનંદ થયો.

પણ નિકોલાસનું હૃદય રડી ઊઠતું હતું. તેની ખાતરી થઇ ગઇ કે તે છેક જ બાયલો હતો. તેણે

બીજાઓને પણ પોતાના હિચકારાપણાની સાબિતી આપી દીધી હતી. એનામાં હિંમત હોત તો ? પણ એ હિમત જ કયાં હતી ?

નિશાળ છૂટી ત્યારે વેકને બધા છોકરાઓએ કેવી રીતે આનંદથી વધાવી લીધો તે તેણે જોયું; તેણે એ પણ જોયું કે તેની સામે છોકરાઓ આંગળીઓ ચીંધતા હતા અને તેમની ગુસપુસ વાતોમાંથી પોતાના ઉપર થતી ટીકાઓ પણ તેણે સાંભળી.

પોતાની ઓરડીમા જઇ તે ડૂસકે ડૂસકે રડ્યો. વેક આવ્યો તો પણ તેણે રડ્યા જ કર્યું. રડવાનું કંઈક ઓછું થયું ત્યારે ડૂસકાં ખાતાંખાતાં તે બોલ્યો: 'વેક, વેક ! તેં મને ખરેખરો બચાવી લીધો. હું તારા જેવો બહાદુર થવા પ્રયત્ન કરીશ. તું ન હોત તો મારૂં શું થાત ? તારો ઉપકાર હું કદી નહિ ભૂલું. અને યાદ રાખજે, હું જીવતો રહીશ તો, તારા ઉપકારનો બદલો વાળ્યા વગર નહિ રહું.'

ઉપરની વાતને ચાળીસ વરસનાં વહાણાં વાઇ ગયાં. નિકોલાસ અને વેક એકબીજાનાં મોઢાં પણ જોઇ શકયા નહિ. બંનેના જીવનની કાર્યદિશાઓ જુદી જ હતી. ઇંગ્લંડમાં તે વખતે બે પક્ષ પડી ગયા હતા: એક રાજાનો અને બીજો પ્રજાનો. રાજપક્ષની હાર થઇ હતી; ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ થઇ ગયો હતો અને ઑલિવર ક્રૉમવેલના હાથમાં બધી રાજસત્તા આવી ગઇ હતી. પ્રજાપક્ષ અત્યારે જોરમાં હતો.

નિકોલાસ તો અત્યારે મોટો જબરો ધારાશાસ્ત્રી થઇ ગયો હતો. એ પ્રજાપક્ષમાં હતો એટલે ઑલિવર ક્રૉમવેલે તેને ન્યાયાધીશ બનાવ્યો હતો. યુદ્ધશોખીન વેક રાજપક્ષમાં કર્નલની પદવીએ પહોંચ્યો હતો.

ઇંગ્લંડની પશ્ચિમમાં રાજપક્ષ અને પ્રજાપક્ષ વચ્ચે એક યુદ્ધ થયું તેમાં વેક હાર્યો અને પ્રજાપક્ષના માણસો વડે પકડાયો. તે અને બીજા કેટલાક અમલદારો પ્રજાદ્રોહના આરોપસર એકઝીટરના કેદખાનામાં મૂકાયા. પ્રજાદ્રોહના ગુન્હા માટે મૃત્યુની શિક્ષા હતી અને આ રાજપક્ષનાં માણસો ઉપર કામ ચાલવાનું હતું.

આખરે આ લોકો ઉપર કામ ચલાવી, તેમની શિક્ષા નક્કી કરવાનો દિવસ આવી પહોંચ્યો. લંડનથી જજ નિકોલાસને ક્રૉમવેલે મોકલ્યા. ખૂબ ભભકા અને દમામથી તે આવ્યા. સોનેરી કોરવાળો કીરમજી રંગનો ઝભ્ભો પહેરી, અતિશય ઠાઠથી તેઓ ઊંચા આસને બેઠા; તેમની સામે થાકેલા, કંટાળેલા, ગંદા કપડાંવાળા સૈનિકોને ખડા કરવામાં આવ્યા. એ લોકોની શિક્ષાની આજે સુનાવણી થવાની હતી.

એમનાં નામ વંચાયાં. કર્નલ વેકનું નામ સાંભળતાં જ ન્યાયાધીશ નિકોલાસ ચમક્યા. પણ તેમને ન્યાયાધીશ તરીકેની ફરજ અદા કરવાની હતી. તેમની આગળ ઊભેલાં મનુષ્યો ગુનેગાર હતાં અને એ બધાંને મૃત્યુની શિક્ષા ફરમાવવામાં આવી. ચાર દિવસને અંતે એ સહુને ગોળીથી વીંધી નાખવાના હતા.

પણ અદાલતનું કામ પૂરૂં થયું અને કેદીઓ તેમની કોટડીમાં પૂરાયા તે દરમિયાન બધા વખતમાં ન્યાયાધીશ નિકોલાસનું મન ખૂબ વ્યગ્ર બની ગયું હતું. તક મળતાં જ તેમણે બૂમ પાડી, 'અહીં કોઇ કર્નલ વેકને ઓળખે છે ?'

એક માણસ આગળ આવ્યો. 'ઓળખું છું, હજુર,' તેણે કહ્યું, 'એ નાનો છોકરો હતો ત્યારનો હું એને ઓળખું છું.'

'એ વેસ્ટ મિન્સ્ટર સ્કૂલમાં ભણતો હતોને?'

'હા,' પેલા માણસે કહ્યું, 'એના બાપ તે વખતે લંડનમાં હતા.'

ન્યાયાધીશ પોતાના નિવાસ તરફ હાવરાબાવરા બનીને દોડ્યા. ઝભ્ભો આમ ફેંકયો, વિગ તેમ ફેંકી અને તરત જ ટેબલ પર નાણાંનો ઢગલો કર્યો. નોકર તો બિચારો, કશું ન સમજતાં, બાઘો બનીને આ બધું જોઈ જ રહ્યો. મૂઠી ભરીને પૈસા નોકરના હાથમાં મૂકી ન્યાયાધીશ બોલ્યો, 'જલદી કંઇ ખાવાનું અને પીવાનું લઈ આવ અને પછી એક સુંદરમાં સુંદર, જબરામાં જબરો ને ઝડપીમાં ઝડપી ઘોડો લઇ આવ.' તે વખતમાં તો આજના જેવી આગગાડીઓ નહોતી અને તાર પણ નહોતા; ઘોડો એ જ પ્રવાસનું ઝડપીમાં ઝડપી વાહન હતું.

બે કલાક પછી એક ઘોડેસવાર મારતે ઘોડે ગામમાંથી નીકળ્યો. ગામ બહાર બેઠેલો ચોકીદાર પણ ઘોડા પર બેઠેલા ન્યાયાધીશને ન ઓળખી શકયો.

ઘોડો ખૂબ દોડ્યો. આખી રાત તે દોડ્યો. બીજે આખો દિવસ ન્યાયાધીશ ઘોડા પર રહ્યા. બીજી આખી રાત પણ તેમણે તેને દોડાવાય તેટલો દોડાવ્યો.

આ મુસાફરીમાં માત્ર ત્રણ જ વખત તે ઘોડા પરથી ઊતર્યા અને તે નવો તાજો ઘોડો લેવાને માટે જ. લંડન વખતસર પહોંચી મિત્રને બચાવવાનો જ એક વિચાર તેમના મનમાં હતો.

સવારના પહોરમાં ન્યાયાધીશ નિકોલાસે લંડન શહેરમાં પગ મૂક્યો અને સીધા જ ક્રૉમવેલના ઘર તરફ ગયા. ક્રૉમવેલ તો આ કાદવથી ખરડાએલા ઘોડેસવારને પોતાની ઓરડીમાં પેસતો જોઇ જ રહ્યા.

'અરે,આ તો જજ નિકોલાસ!' ખૂબ આશ્ચર્યચકિત થઇ ક્રૉમવેલે પૂછ્યું, 'આપ નામદારને આટલી ઉતાવળે અત્યારના પહોરમાં શા માટે તસ્દી લેવી પડી? એવું શું બન્યું છે?'

'મારે જૂનું દેવું ભરપાઇ કરવું છે,' ન્યાયાધીશે કહ્યું, 'અને તે વાસ્તે હું આપની મદદ માટે વિનતિ કરવા આવ્યો છું.' પછી તો નિકોલાસે પેલી નિશાળની ફાટેલા પડદાવાળી વાત તેમને કરી અને વેકે તેને કેવી રીતે બચાવ્યો હતો તે બધું કહ્યું. 'તેણે માસ્તરની શિક્ષામાંથી જ મને નહોતો બચાવ્યો પણ મને એક મોટો પાઠ શીખવાડ્યો. એક બાયલા અને બહાદુર છોકરા વચ્ચેનો તફાવત તેણે મારી આગળ સચોટ રજૂ કર્યો. તે દિવસથી જ મેં પ્રતિજ્ઞા કરી કે હવે પછી કદી હું જૂઠું નહિ બોલું અને ઇશ્વરકૃપાએ આજ સુધી હું તે પ્રતિજ્ઞા પાળી શક્યો છું. અત્યારે મારામાં જે કંઇ છે તે વેકને જ આભારી છે.'

'અને હવે જો તમે તેને માફી નહિ આપો તો બે દિવસમાં એનું મૃત્યુ થશે જ, અથવા હું જ મરીશ. જો તમારાથી તેને માફી ન આપી શકાય તો એને બદલે મરવાની રજા તો મને જરૂર આપો. નિકોલાસે જે કહેવાનું હતું તે બધું ક્રૉમવેલને કહી નાખ્યું.

ક્રૉમવેલની આંખમાં આંસુ આવ્યાં. કશું જ બોલ્યા વિના તેણે તરત જ એક માફીપત્ર લખી કાઢ્યું. 'લો,' માફીપત્ર આપતાં તેણે કહ્યું, 'આવી વાતમાં મારાથી તમને ના પડાય જ નહિ.'


ફરી પાછા નિકોલાસ ન્યાયાધીશ ઘોડા પર દોડ્યા,પણ આ વખત તો અપૂર્વ ઉત્સાહથી. મિત્રનો ઉપકાર વાળવાનો આવો પ્રસંગ મળતાં પોતાની જાતને તેમણે કૃતકૃત્ય માની.

એક્ઝીટર પહોંચતાવારમાં જ તે તો કેદખાનામાં જ ઉપડ્યા. કેદી બિચારો મરણની રાહ જોતો ગભરાયો કે આ વળી નવું શાનું તૂત છે? પણ એને તરત જ બધી વાતની ખબર પડી. ખિસ્સામાંથી માફીપત્ર રજૂ કરી ન્યાયાધીશે કેદીના હાથમાં મૂકતાં કહ્યું, 'વેક, તું તો મને ભૂલી ગયો છે, અને હું ભૂલાઇ જવા માટે લાયક જ છું, પણ તને હું કદી ભૂલ્યો નથી. તે દિવસ મારા મનમાં એવો ને એવો જ તાજો છે. અને આજે પણ તે દિવસની મારી બીકણતા મને યાદ આવે છે અને મારા ઉપર તિરસ્કાર આવે છે. પ્રભુકૃપાથી આજે આટલે લાંબે ગાળે હું મારૂં વચન પૂર્ણ કરી શક્યો છું અને તારા તરફનું મારૂં વેસ્ટમિન્સ્ટર નિશાળનું ઋણ આજે અદા કરૂં છું.'

ન્યાયાધીશ અને કેદીની આંખો સજળ બની અને એ સજળ નયનોએ બીજાંનાં નયનો પણ ભીંજવ્યાં.

(અંગ્રેજીને આધારે) **પદ્મકાન્ત શાહ**

ચિત્ર–રમકડું





માધુકરી

(શરદ)

નવીન ભયભૂતડાં નહિ જ દૃષ્ટિને ડારશે,
અદૃષ્ટ અતિઘોર રૂપ ગતિને નહિ રોધશે,
ભયંકર તમિસ્રમાં કંઇ વિનાશની વીજળી.
અઘોર રણતાંડવો રચી રહે અદીઠાં ભલે,
બની જઇશું ભસ્મ, ભસ્મ મહીંથી નકી ઊઠશે
પ્રફુલ્લ નવમંજરી; પરમ એક સાફલ્ય એ.

સુંદરજી બેટાઇ

મુફલિસ કોમસેવક શ્રી ખાનભાઈ અમીજી

૧૯૦૭ની સાલ. વહોરા કોમમાં અજ્ઞાન અને કુરૂઢિઓએ ઘર ઘાલ્યું હતું. વહોરા નરનારીઓ ધર્મઝનૂનમાં મસ્ત હતા. એવા જમાનામાં, અમરેલીના રહેવાસી એક વહોરા વણકરના સત્તર અઢાર વર્ષના છોકરાએ પ્રાગતિક બળોની રોશની વડે કોમનો અંધકાર દૂર કરવા નિર્ણય કર્યો અને પોતાના બે મિત્રો સાથે રહીને 'હિદાયતુલ આલમ' નામનું માસિક બહાર પાડ્યું.

પહેલો જ અંક બહાર પડતાં ધર્મઝનૂનીઓનો એના વિરુદ્ધ પોકાર ઊઠયો. પરંતુ આ કોમસેવક ત્રિપુટીમાં જોશ અને ઉત્સાહ હતો. તેમણે માસિકનું નામ બદલી બીજા અંકથી



'બાગે મોમીન'ના નામથી તેને ચાલુ રાખ્યું. ધર્મઝનૂના વિરોધક બળ સામે અનેક મુશ્કેલીઓ પસાર કરતું એ આગળ વધ્યું ત્યાં એ ત્રિપુટીમાંના એકના પિતા પર ધર્મગુરુવર્ગના અતિશય દબાણને લઈ તે તેનાથી છૂટો પડ્યો ને બીજો મિત્ર અવસાન પામ્યો. પણ ખાનભાઈ 'બાગ'ને બંધ પાડવા તૈયાર ન થયા અને તેમની આંતરપ્રેરણાથી, તમન્નાના જોરથી, ને આદર્શ માટે ફના થવાની તૈયારીના બળથી તે કાયમ રહ્યું.

કાઠિયાવાડ જેવા તદ્દન જ પછાત મુલકમાંના એક ગામડાનો આ જુવાનિયો શું કરી રહ્યો હતો? 'એ ગામડીઓ ધર્મગુરુ પર પ્રહારો કેમ કરી શકે? કોમને કેળવણી આપવાની વાતો કેમ કરી શકે?' વહોરા કોમની દાવતની ગાદી પર બેસનારા ધર્મગુરુઓએ અવાજ ઉઠાવ્યો ને પોતાના ઘરાણાની 'બાગ'માં કંઇ ટીકા ન આવે એવી શરત ખાનભાઈ પાસે મૂકી.

ખાનભાઇએ જવાબ આપ્યો: '"બાગ" જો જીવશે તો કોમમાંથી ઊઠતો ઝીણો પણ સ્વતંત્ર અવાજ રજૂ કરવા; કોમી હાલતનો સાચો ચિતાર રજૂ કરવા. "બાગ" કોઇપણ હેરાનગતિથી ડરતું નથી. પોતાનું ધ્યેય ન સાચવી શકાય તો બહેતર છે કે "બાગ" બંધ થાય.'

વહોરા કોમના ધર્મગુરુ સૈયદનાએ ખાનભાઇની સલામ બંધ કરી. એટલું જ નહિ, એમના બુઢ્ઢા પિતાને એમનાથી જુદા રહેવાનું ફરમાવ્યું. જૂના વિચારના એ બુઝર્ગ ગરીબ ઇસમ શું કરે? એક જ ગામમાં બાપબેટા જુદા રહેવા લાગ્યા.

અને એ વખતની ખાનભાઇની હાલત? એક ભાંગેલું ટેબલ ને એકાદ તૂટેલી ખુરશી; કોરા કાગળનાં ચાર પાંચ રીમો ને બીજાં કાગળિયાં ઑફિસમાં! અને એમને પોતાને પહેરવા બે જોડી કપડાં, એક લાકડી, એક જોડ બૂટની ને પાણીની

એક માટલી હતી એ ઝૂંપડી જેવા ઘરમાં.

એ મુફલિસ હાલતમાં એમણે તા. ૭–૧૧–૧૭ને રોજ ખામગામ મુકામે એક વહોરા બાલવિધવા સાથે પુનર્લગ્ન કર્યાં. એમનાં એ જીવનસંગાથિની મરિયમબાઇએ કોમી કાર્યોમાં તન, મન અને ધનથી ખાનભાઇને સહાય કરી અને આજે પણ હિંમતપૂર્વક, પોતાના ખાવિંદ પાછળ મૂકી ગએલી મુફલિસીને પ્યાર કરી રહ્યાં છે. નવાઈની વાત તો એ છે કે આ દંપતીના નિકાહ પઢાવવાની પણ વહોરા કોમના આમિલોએ ના પાડી દીધી હતી.

આ શાદી બાદ ખાનભાઇના એંશી વર્ષના જૈફ પિતા માંદગીને બિછાને પટકાયા ત્યારે એમને પુત્રથી વિખૂટા પડાવનાર ધર્મના ઇજારદાર પાષાણહૃદયીઓએ એમની માવજત કરવાની પણ દરકાર ન કરી. અસહાય સ્થિતિમાં ખાનભાઇએ બીમાર બાપની માવજત કરવા માંડી, પણ એ ન બચી શક્યા. હવે શું કરવું? મૈયતને કબ્રસ્તાન શી રીતે પહોંચાડવું? લાશ પાસે બેઠેલા બે જીવોની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. ગમે એવા કૃતનિશ્ચયીને ડગાવી દેનાર એ ટાણું હતું. પણ ખાનભાઇ એ માટે લખી ગયા છે કે, 'મારા પિતા જાણે અમારા સામું જોઇ કહી રહ્યા હતા કે "બચ્ચાંઓ, ચિંતા કરો મા. મારા માટે જનાજાની જરૂર નથી. મૈયત સાથે હજારો માણસોની જરૂર નથી. તમારી કસોટી પરવરદિગાર કરી રહ્યો છે. પણ યાદ રાખ, બેટા, આ કસોટીમાંથી પસાર થઇશ તો તારો બેડો પાર છે."'

ત્રણ ત્રણ રાતના ઉજાગરા બાદ, બેલગાડી ઉપર વગર જનાજાએ પિતાની લાશ મૂકી, એકલા અટૂલા કબ્રસ્તાન તરફ જઇ રહેલા શ્રી ખાનભાઇને ત્યારે ખુદા સિવાય કયો સહારો હતો?

આ પ્રસંગ બાદ ખાનભાઈએ 'બાગ'ને ટકાવી રાખવામાં અને કોમને બીજું સુધારક સાહિત્ય આપવામાં જ એકધારું જીવન ખરચ્યું. અમરેલીમાં એમણે વહોરા કોમ માટે સ્કૉલરશીપ ફંડ તેમજ બોર્ડીંગ હાઉસની સ્થાપના કરી. 'બાગ' બંધ કરાવવા એમની સામે બે ત્રણ જુદાજુદા કેસો ઊભા કરવામાં આવ્યા, પણ એમાં એ વિજયી નીવડ્યા: ત્રીસ ત્રીસ વર્ષ સુધી અસંખ્ય વાવાઝોડાંઓ સામે એકલે હાથે ઝઝૂમી, એ બહાદુર યોદ્ધાએ વહોરા કોમની પ્રગતિ માટે સંકટો વેઠ્યાં, ગાળો ખાધી ને માર સુદ્ધાં સહન કર્યાં. આજીવન ખાદીનો જ પોષાક ધારણ કરી, એક ટંકનું પકાવેલું બે ટંક ચલાવનાર એ કોમસુધારક, દુઃખોની પરંપરાઓનો સામનો કરતાં જ, તા. ૧–૭–૩૭ના રોજે અવસાન પામ્યા.

આવો એ સાબિતકદમ યોદ્ધો આજે વહોરા કોમમાંથી અદૃશ્ય થયો છે, ત્યારે એ લડવૈયાની યાદદાસ્ત કાયમ ટકાવી રાખવાની કોઇ યોજના ઘડી, તેના રૂહને શાંતિ આપવાની પ્રગતિવાદી વહોરા યુવાનોની ફરજ રહી છે. (સંકલિત)

હિંદી રાષ્ટ્રીય મહાસભાનો જન્મ

'સરકારના જે જે સભ્યો સાથે વાતચીત કરવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો છે એ બધાએ ખેદ બતાવ્યો છે કે, લોકો પોતાની લાગણીઓને સરકાર પાસે રજૂ કેમ નથી કરતા? તમે નથી કશી સલાહ આપતા, નથી કશા વિરોધનો ડર દેખાડતા, કે નથી કશા સુધારાઓ સૂચવતા.'

ઇ. ૧૮૪૨ની એક બપોરે, ઇંગ્લંડથી આવેલા એક વક્તા જ્યૉર્જ થૉમ્પસને કલકત્તાના શિક્ષિત સમુદાયને આ વચનો સંભળાવ્યાં. તેના અવાજમાં સમજૂતી હતી. દિલને ડોલાવી નાખતી ઉપમાઓનું પરિબળ તે સમજતો હતો. 'આ દેશમાં અમારી નીતિ માત્ર સ્વાર્થી જ નહિ, આંધળી રહી છે,' નિખાલસ દિલે તેણે કબૂલ્યું; 'સંગઠિત થાઓ ને એક અવાજે બોલો,' તે ગર્જી ઊઠયો.

એના શબ્દોએ જગાડેલા ઉત્સાહનું પરિણામ તે હિંદમાં પહેલી જ જન્મેલી રાજદ્વારી સંસ્થા 'બ્રિટિશ ઇન્ડિયા સોસાયટી.' પણ એ જોઇએ તેવું બળ ન મેળવી શકી અને ૧૮૫૧માં 'બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશન' હસ્તીમાં આવી. પણ એ જમીનદારો અને ઉપલા વર્ગના બનેલી. મધ્યમ વર્ગ હજુ એવી ચળવળથી ઉપેક્ષિત રહ્યો હતો. એનું કાર્ય જમીનદારો માટે રાજદ્વારી હક્કો મેળવવાનું જ હતું. મદ્રાસ અને અયોધ્યામાં શાખાઓ ખોલી, લંડનમાં એજન્ટો નીમી, અને પાર્લામેન્ટમાં એક પછી એક અરજીઓ મોકલતા રહી, સરકારે પહેલાં અમાન્ય રાખેલી છતાં આ એસોસીએશન આખરે ધારાસભામાં પોતાના સભ્યો પ્રવેશાવી શકી.

પણ આ દર્શનના અભાવ ને સાંકડા કાર્યક્ષેત્રવાળી એ સંસ્થા વધુ ન નભી શકી. એ બધા યે વચગાળા દરમિયાન મધ્યમ વર્ગ બળ અને સંખ્યામાં વિકસતો જતો હતો. એમાં આગળ પડતો ભાગ લેખકો ને વકીલોનો હતો. લેખકો નવા વિચારો ફેલાવતા, વકીલો તેને સ્થૂલ રૂપ આપતા. આ હીલચાલે ૧૮૭૬માં મૂર્ત સ્વરૂપ પકડ્યું અને 'ધી ઇન્ડિયન એસોસીએશન'ની સ્થાપના થઇ. અરજીઓ કરવાને બદલે એણે રાજદ્વારી ચળવળને મહત્ત્વ આપ્યું. મેઝિનીના આદર્શોથી પ્રેરિત થઇ, જ્ઞાતપંથના કશા ભેદ વગર સમગ્ર હિંદની સંસ્થા બનવાનો એણે આદર્શ રાખ્યો. પરિણામે હિંદુઓનો જ નહિ, શીખો ને મુસલમાનો સુદ્ધાંનો સહકાર તે મેળવી શકી છતાં આ સંસ્થા પણ દેશમાં આવેલી જાગૃતિને પૂરતું વહેણ ન આપી શકી. કશું નક્કર કામ કરવા કરતાં બૌદ્ધિક પ્રશ્નો પાછળ તે વધુ મચી રહેતી. એની સ્થાપનાના વર્ષ ૧૮૭૬ થી તે ૧૮૮૫ સુધીમાં મહત્ત્વના અનેક બનાવો હિંદમાં બની ગયા.

દક્ષિણમાં ભયંકર દુકાળ જ્યારે લાખો જનોની ખુવારી કરી રહ્યો હતો અને બંગાળમાં પ્રચંડ ઝંઝાવાતે જ્યારે અઢી લાખ જિંદગીઓનો ભોગ લીધો હતો એ ૧૮૭૭ની સાલમાં દિલ્હી દરબાર ભરાવાનું નક્કી થયું. 'બંગાળી' પત્રે દેશની

એ સ્થિતિ વખતે એવો મહોત્સવ ઊજવવાનો પ્રખર વિરોધ કર્યો. બીજા એક પત્રે ટીકા લખી, 'Nero fiddles while Rome burns', છતાં એ દરબાર ભરાયો જ. 'ધ હિન્દુ પૅટ્રિયટ' વતી બંગાળના સિંહ સુરેન્દ્રનાથ બૅનરજીએ તેમાં હાજરી આપી. બીજા પણ કેટલાક નેતાઓ તેમની સાથે હતા. એ બધાને એ પ્રસંગે એક જ વિચાર આવ્યો, કે વાઇસરૉય જમીનદારોને પોતાની આસપાસ એકઠા કરી શકે તો બંધારણીય રીતે લડવા ઊભી થએલી રાજદ્વારી સંસ્થા પોતાના છત્ર નીચે આમવર્ગને કેમ એકત્રિત ન કરી શકે?

ત્યારબાદ ૧૮૭૮માં વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ અમલમાં આવ્યો. અને તે પછી આવ્યું ઇલબર્ટ બિલ. લોકોની જબાન પર તાળું ઠોકવાનો આ પહેલો જ બનાવ હતો. આખો દેશ ધૂંધવાઇ રહ્યો. ઠેરઠેર નવી સંસ્થાઓ જન્મવા લાગી.

૧૮૮૩ની સાલમાં 'બંગાળી'ના અધિપતિ તરીકે હાઇકોર્ટના તિરસ્કાર માટે સુરેન્દ્રનાથ બૅનરજીને પકડવામાં આવ્યા, ને તેમને બે મહિનાની સજા થઇ. આથી આખો દેશ એટલો તો ઉશ્કેરાઇ ગયો કે સરકારના એજન્ટોએ એવા સાત રીપોર્ટ એકઠા કર્યા કે, 'દેશમાં અશાંતિ એટલી વ્યાપી ગઈ છે કે તે ધાડ, ખૂન કે લૂંટનું સ્વરૂપ પકડે; ને લશ્કરની તેમાં સહાય મળી તો કઇ ઘડીએ રાષ્ટ્રીય બંડ જાગી ઊઠે એ કહી ન શકાય.'

આમ દેશ આખામાં પ્રકંપ ફરી વળ્યો હતો તે વખતે એક સ્કૉટ્સમૅન સીમલાની ટેકરીઓ પર બેઠોબેઠો શાંતિથી રસપૂર્વક એ બધું નિહાળી રહ્યો હતો. એ હતો હિંદી સરકારનો સેક્રેટરી ઍલન હ્યૂમ. હિંદી રાજકારણનો એ જ્વાળ વિપુલ બનતો બનતો ફાટવાની અણી પર આવ્યો હતો. એને પ્રશ્ન થયો: એ ફાટતાં એમાંથી કયા નવા સ્રોતો ફૂટશે? એણે એ પ્રશ્ન પર ખૂબ વિચાર કર્યો ને મળેલા જવાબથી કંપી ઊઠ્યો. એણે પોતાની કારી લડાવવા યોજનાઓ ઘડવા માંડી.

નોકરીમાંથી નિવૃત્ત થતાં સુધી એણે કશું સક્રિય પગલું ન લીધું, પણ નિવૃત્ત થતાં જ ૧૮૮૩ના માર્ચની ૧ લીએ કલકત્તા યુનિવર્સિટીના ગ્રેજ્યુએટો સમક્ષ એણે ભાષણ આપ્યું, 'તમારામાંથી માત્ર પચાસ જ સાચા કાર્યકર્તા પાયો રચવા તૈયાર થાય તો આખી વસ્તુ આપણે પ્રસ્થાપિત કરી શકીશું.' અને એ ભાષણ સાથે જ એણે પોતે ઊભી કરવા ધારેલી સંસ્થા 'ધ ઇન્ડિયન નૅશનલ યુનિયન'નું જાહેરનામું બહાર પાડ્યું. હ્યૂમના આ જાહેરનામાએ તાબડતોબ અસર કરી ને એક જ ઝપાટે શિક્ષિત હિંદીઓના હૃદયમાં એણે સ્થાન મેળવ્યું

હ્યૂમે સ્વેચ્છાએ ઉપાડેલા આ કાર્ય પાછળનો હેતુ, દેશમાં જાગેલી અશાંતિને દબાવી દઇ, તેના ઉગ્ર પ્રવાહોને શાંત રસ્તે વહેતા કરવાનો હતો. એણે સ્થાપેલા યુનિયનનું પ્રધાન લક્ષણ 'બ્રિટિશ તાજ પ્રત્યે સંપૂર્ણ વફાદારી'નું હતું પૂના ખાતે એની પહેલી બેઠક ભરવાનું અને એનું પ્રમુખપદ મુંબાઇના ગવર્નરને આપવાનું નક્કી થયું, પરંતુ હિંદના વાઇસરૉય લૉર્ડ ડફરિને હ્યૂમને સમજાવ્યું કે નૅશનલ યુનિયન સરકાર સાથે રહીને કામ કરે એ ઇચ્છનીય હતું, પણ સરકારનો કોઇ મોટો અમલદાર તેનું પ્રમુખસ્થાન લેતાં ભવિષ્યમાં મુશ્કેલી ઊભી થાય. આથી એ વિચાર માંડી વાળવામાં આવ્યો. (હ્યૂમે તો હિંદમાં પ્રગટેલી બધી રાજકીય જાગૃતિને આ યુનિયન દ્વારા સામાજિક કાર્યોમાં પલોટાવી નાખવાની યોજના ઘડેલી; પણ આગળ જતાં એ કદાચ અનિયંત્રિત ઉગ્ર સ્વરૂપ પકડે એ ભયે લૉર્ડ ડફરિને જ તેને રાજદ્વારી ચળવળમાં ઝંપલાવવાનું સૂચન કર્યું હતું)

આ સંસ્થામાં જોડાએલા ઘણાને તેનું નામ પાછળથી ન ગમ્યું ને તે બદલાવીને 'ઇન્ડીઅન નૅશનલ કૉંગ્રેસ'–(હિંદી રાષ્ટ્રીય મહાસભા) રાખવામાં આવ્યું. પૂનામાં કૉલેરાનો ઉપદ્રવ ફાટતાં ત્યાં ભરાવાની બેઠક મુંબાઇ ખાતે ભરાઇ.

ઇ.૧૮૮૫ના ડીસેમ્બરની ૨૮મીની બપોરે એ પહેલી બેઠક મળી. પહેલો વક્તા હ્યૂમ ઊભો થયો ને કૉંગ્રેસના પહેલા પ્રમુખ તરીકે વ્યોમેશચંદ્ર બૅનરજીના નામની દરખાસ્ત મૂકી. એસ. સુબ્રહ્મણ્ય આયરે તેની પુનરુક્તિ કરી ને કે. ટી. તેલંગે તેને ટેકો આપ્યો. બેઠકમાં માત્ર ૭૨ ડેલીગેટો હતા ને પ્રેક્ષક વર્ગમાં જાણીતા અમલદારો અને બીજી વ્યક્તિઓ હાજર હતી.

આમ, બળવા પછી હિંદની રાષ્ટ્રીય જાગૃતિમાં આવેલા જુવાળને હિંદી રાષ્ટ્રીય મહાસભાએ વહેન આપ્યું. જો કે એની શરૂઆતની પ્રવૃત્તિ ધ્યેયવિરોધી (anti-climax) હતી, પણ સમગ્ર હિંદની જનતા માટે એણે એક વ્યાસપીઠ ઊભી કરી ને એ પરથી અખતરા કર્યે જતી એ સંસ્થા આજની સ્થિતિએ પહોંચી દેશસમસ્તનો અવાજ બની રહી છે.

('હિંદુ' સાપ્તાહિકમાંના ડૉ. ભવાની ભટ્ટાચાર્યના લેખ પરથી)

ઝંગબારી લવિંગ

ઝંગબાર અને તેના લવિંગના આજે ચકડોળે ચડેલા પ્રશ્નનો ઇતિહાસ આલેખતાં તા. ૨૫–૧૨–૩૭નો 'ગુજરાત સમાચાર'નો અગ્રલેખ જણાવે છે: "આફ્રિકામાં ગુલામી હતી. મૂળવતનીઓને પકડીપકડીને ગુલામો તરીકે લઇ જઇને અમેરિકા, રશિયા અને દક્ષિણ અમેરિકાના દેશોમાં વેચવામાં આવતા, ત્યારે આફ્રિકામાં વસેલા હિન્દી વેપારીઓ પણ ગુલામોનો વેપાર કરતા. ઈંગ્લંડની સરકારનું ત્યારે ઝંગબાર ઉપર શાસન પણ નહોતું. એ સમયે થોડા હિન્દી વેપારીઓને ગુલામીના વેપારમાં પડવું પાપ લાગ્યું. બધા હિન્દી વેપારીઓ એકત્ર થયા. એમણે પોતાના વાડાઓના તમામ ગુલામોને છોડી મૂક્યા. આવી રીતે એક સાથે એકંદરે એકવીસ હજાર ગુલામોને બંધનમુક્ત કરવામાં આવ્યા. હિન્દી વેપારીઓએ અંદર અંદર ફાળો કરીને આ ગુલામોને ખેતી કરવા તરફ દોર્યા. એ સમયે લવિંગની પેદાશ જેમ શક્ય હતી, તેમ વધારેમાં વધારે ભાવ લાવતી હતી. અને આવી રીતે પેદા થએલા લવિંગની કિંમતમાંથી હિન્દી વેપારીઓએ બીજા પણ ગુલામોની કીમત આપી આપીને છોડાવ્યા હતા.

આ છે લવિંગનો ઇતિહાસ. હિન્દી વસાહતી તવારીખનું એ એક યશોજ્જવલ પ્રકરણ છે. જ્યારે હિન્દી વસાહતોનો સાચો રાષ્ટ્રરંગી ઇતિહાસ આલેખાશે ત્યારે આ લવિંગના પ્રકરણના અગ્રણી લાધા દામજી, રહેમતુલ્લા હિમાણી ને કાઝી શાહબુદ્દીનના નામ સુવર્ણાક્ષરે લખાશે.”

પણ એ લવિંગની ખેતી ત્યા પહોંચી શી રીતે? અઢારમી સદીની છેલ્લી પચીસીથી એ ઇતિહાસની શરૂઆત થાય છે. માત્ર ઍમ્બૉયના ટાપુ પરના લવિંગના ઝાડો રહેવા દઇ, બાકીનાં બધાંનો નાશ કરી, વલંદાઓએ તેના વેપારનો એકહથુ કબજો મેળવ્યો ત્યારે આફ્રિકાની કાળી ધરતી પર એના વાવેતરનું પદારોપણ થયું.

એ પદારોપણ કરાવનાર કોણ? બેશક હિંદીઓ જ. વનસ્પતિશાસ્ત્રવેત્તાઓ આજ પણ કબૂલ કરે છે કે હિંદી મહાસાગરમાં જંગબારથી ૬૦૦ માઇલ દૂર આવેલ મોલુકા ટાપુ જ લવિંગનો પિતૃદેશ છે. પરંતુ એ અરસામાં જંગબાર ગુલામો ને હાથીદાંતોનું કેન્દ્ર હતું. ઇ. ૧૭૯૦માં જંગબારમાં લવિંગનું પહેલવહેલું વાવેતર કરવામાં આવ્યું, પણ ગુલામો ને હાથીદાંતમાંથી સારી કમાણી મળતી હોવાથી કોઇએ એ તરફ લક્ષ ન આપ્યું. ૧૮૨૮માં એક અરબ વેપારીએ તે માટે પ્રયાસ કર્યો પણ તે નિષ્ફળ નીવડ્યો.

ત્યાર બાદ કચ્છના એક મુન્દ્રાનિવાસી ભાટિયા કુટુંબના બે કુમારો—ઇબજી શીવજી અને જેરામ શાવજીએ ઉન્ગુજા (જંગબારનું સ્વાહિલી નામ) ટાપુ પર પગ મૂક્યો. લવિંગની થતી થોડીઘણી ખેતી પરથી તેમણે જોઇ લીધું કે એ ભૂમિ પરનું એનું વિપુલ વાવેતર નીપજાવનાર કોઇને પણ તે શાહ સોદાગર બનાવી દે એમ છે. જંગબારના ત્યારના સુલતાન સૈયદ સૈદને એ મળ્યા, ને ઇ. ૧૮૨૮માં ધારો કરાવ્યો કે દરેક શાખાવાળાએ દર નાળિયેરીના ઝાડે ત્રણ ઝાડ લવિંગના રોપવા. એ લવિંગે એમને પશ્ચિમ કંઠારના શાહ સોદાગર બનાવી દીધા—એટલે સુધી કે આજ એક સદીથી એ આખું કુટુંબ ‘સ્વાહિલી’ અટકથી ઓળખાતું આવે છે. એમની દક્ષ બુદ્ધિએ સુલતાનનો ખજાનો પણ છલોછલ ભરી આપ્યો. સુલતાન એમના પર એટલો ખુશ હતો કે હિન્દીઓનો ત્યાં કાયમી વસવાટ કરવામાં આવે તો તેમને મોટી જાગીરો આપવા તૈયાર હતો, પરંતુ કમભાગ્યે ત્યારે કુટુંબ સહિત પરદેશોનો વસવાટ સમાજનીતિનો ધ્વંસક ગણાતો. પરિણામે હિન્દીઓને જંગબારનું સમૂળગું રાજકારણ હાથ આવતું રહી જઇ, તેઓ માત્ર ‘સફરો’ ખેડતા જ રહી ગયા. —અ.

શરદી

ઘણાઓની એ માન્યતા હોય છે કે ઠંડી હવામાં રહેવાથી જ શરદી થાય છે, ને તેનું ખાસ સ્થાન મ.થું, ગળું યા તો છાતી છે. એમને જાણીને નવાઇ લાગશે કે શરીરના કોઇ પણ ભાગમાં એ રહી શકે છે. આપણું શરીર એક સાંકળ જેવું છે, ને તેનું વધુ પડતું ખેંચાણ હમેશાં નબળામાં નબળી કડીને સૌ પહેલી તોડે છે. શારીરિક યા માનસિક પરિશ્રમથી શરીરમાં ઉત્પન્ન થતાં ઝેરોનો જ્યારે જ્યારે સામનો કરવા આપણે અશક્ત હોઇએ છીએ ત્યારે ત્યારે રોગનાં જંતુઓ આપણી અશક્તિનો લાભ લેવા ખડે પગે તૈયાર જ રહેલા હોય છે. એ અશક્તિ ઘણે ભાગે તો સવારના ભાગના ઊંઘણશીપણા અથવા દિવસાંતના થાકથી જ જન્મેલી હોય છે. જંતુઓ તો પોતાના હલ્લાની સરળતા માટે રાહ જ જોતા હોય છે, ને શરીરનો જે મોરચો નબળો પડે કે ત્યાં તરત પહોંચી જઇ પોતાના મૃત કોષોનું ઝેર તેમાં સીંચી દે છે.

શરીર પણ આ હલ્લો થતાં જ તેના પ્રતિકાર માટે પોતાની બધી શક્તિઓ કામે લગાડી દે છે. ને એટલે જ આપણે જોઇએ છીએ તેમ શરદી સાથે જ તાવ પણ હમેશાં આવે છે. ઘણાક એ તાવને અટકાવવાના ઇલાજો લે છે, પણ એ મૂર્ખાઇ છે. સુજ્ઞ ડૉકટરો તો શરદી સાથે તાવ ન હોય તો તે કૃત્રિમ ઇલાજોએ પણ આણે છે. અલબત્ત, એ તાવ પર નિયંત્રણ જરૂરનું છે.

ઠંડી હવા છોડી ગરમ હવામાં જતાં શરદી થતી હોવાની માન્યતા ભૂલ ભરેલી જ છે, અને એથી યે વધુ ભૂલભરેલી માન્યતા ઠંડી હવાથી શરદી થતી હોવાની છે. ઠંડી હવા તો ઊલટું શરદીથી રક્ષણ આપે છે એ વાત ઘણાના માનવામાં નહિ આવે, પણ એ બીલકુલ સત્ય છે. ધ્રુવોનું ખેડાણ કરનારા કોઇને શરદી થઇ હોવાનો દાખલો નથી.

ખરી રીતે શરદી, બહાર કંઇથી નહિ, પણ શરીરની અંદર રહેલા જંતુઓની જ ઉત્પત્તિ છે; ને શરદીવાળા માણસની થૂંક, લીંટ કે ગળફો એ સાબિત કરે છે. એની એક માત્ર થૂંક જ લોહીનું પરૂ બનાવનાર જંતુથી માંડીને વનસ્પતિને કોહાવનારા સુધીના વીસેક જાતના જંતુઓથી ભરચક હોય છે. એમનાં જાત ને જથ્થા પર શરદીની વધઘટનો આધાર છે.

ઘણીવખત આપણને ખ્યાલ પણ ન હોય એ રીતે શરદીવાળા માણસની બેદરકારીથી ફેંકાએલી થૂંકો ને બલગમ પરથી, એની છીંકોથી, રૂમાલથી ને અસ્વચ્છ રહેતા ફર્નિચર પરથી પણ એ જંતુઓ શરીરમાં આવી ભરાય છે. માત્ર હવા ને તડકામાં જ એમની સંભાવના નથી રહેતી. (સંકલિત)

ગંજીફો

ગંજીફાનું જન્મસ્થાન હજી નક્કી થયું નથી. પણ કેટલાક માને છે કે શેતરંજના અપત્ય તરીકે ઈ.સ. ૮૦૦ પહેલાં હિંદમાં ગંજીફાની રમત રમાતી હતી. ચીનાઓએ ગંજીફો શોધી કાઢ્યો એમ પણ કેટલાકની માન્યતા છે. અને એમ પણ માનવાનાં કારણો મળે છે કે ભટકતા જિપ્સીઓ, નસીબ કહેવામાં ઉપયોગી થાય એ આશયથી એનો ઉપયોગ કરતા.

એનું જન્મસ્થાન ગમે તે હોય પણ પાનાની રમત યુરોપમાં દાખલ કરવાનું માન તો ફ્રાન્સ, ઇટલી અને જર્મનીને

ઘટે છે. શરૂઆતમાં ઓછામાં ઓછા ૬૮ થી વધારેમાં વધારે ૯૬ સુધી પાનાં હતાં. અત્યારની પેઠે તેર તેર પાનાની ચાર જાત અને બાવીસ વધારાનાં પાનાં તથા એક લીફો નામે સૌથી ભારે પાનું હતું. આ લીફો આપણા અત્યારના જોકરનો મૂળ દાદો ગણાય.

પાનાની જાતનો આધાર ગંજીફો બનાવનારની ધૂન પર રહેતો. સ્પેન અને ઇટલીમાં પ્યાલું (cup), ખંજર (sword), સિક્કો (coin) અને લકડી (club) આવી ચાર જાતો હતી.

એવી કથા છે કે ફ્રાન્સના ગાંડા રાજા ચાર્લ્સ છઠ્ઠાનું મગજ ઠેકાણે લાવવા જેકીસ નામના માણસે પહેલવહેલો ગંજીફો બનાવ્યો. એવી પણ માન્યતા છે કે લીહીરે નામના માણસે ગંજીફાની શોધ કરી અને એના ગંજીફામાં લાલ, ચોકડી, કાળી અને ફુલીની જાત હતી.

ગંજીફાની ચાર જાત સમાજના મુખ્ય ચાર વર્ગનું સૂચન કરે છે. જેકીસના ગંજીફા પ્રમાણે પ્યાલું ધર્મગુરુને, ખંજર ઉમરાવને, સિક્કો વેપારીને અને લકડી ખેડૂતને સૂચવે છે. લીહીરેની જાત લાલ (Heart), ચોકડી (Tiles), કાળી (Lance) અને ફુલી (Terfoil) અનુક્રમે ધર્મગુરુ, કડિયા, અમીર અને ખેડૂત સૂચવે છે.

બીજી રીતે ગંજીફાની ચાર જાત વરસની ચાર ઋતુ દર્શાવે છે. પર પાનાં એ વરસનાં પર અઠવાડિયાં અને કુલ ટપકાં –દાણા વરસના ૩૬૪ દિવસ સૂચવે છે.

આ રમત યુરોપમાં એટલી બધી હદ સુધી પ્રચલિત થઈ ગઈ કે પછી તો લોકોને એના ઉપર તિરસ્કાર આવ્યો. ઇ.સ. ૧૪૩૨માં સન્ત બર્નાર્ડીન તથા બીજા ઘણા ધર્મગુરુઓએ એનો બહિષ્કાર કરવા માટે પ્રચાર આદર્યો અને ગંજીફાની હજારો નકલો બાળી નાખવામાં આવી.

શરૂઆતમાં પાનાં હાથે ચીતરવામાં આવતાં, એને પછી લાકડાનાં બીબાંથી છાપવામાં આવ્યાં. ૧૮૬૦ સુધી ચિત્રોનાં માથાં એક જ બાજુએ હતાં. પાછલી બાજુ કોરી રહેતી, પણ રમનારા નિશાનીઓ ન કરી શકે એ માટે પછી તે પણ ચીતરવામાં આવી. ખૂણા ઉપર પાનાનો નંબર તો હમણાં જ દાખલ થયો.

કાળીનો એક્કો બધા કરતાં આગળપડતો કેમ? તેનું કારણ તો સ્પષ્ટ છે. ગંજીફો બનાવનારને એક પાનું કોરું રાખવું પડતું. સરકારને કર આપ્યા પછી સરકાર તે પર સિક્કો મારી દેતી અને ત્યાર પછી જ એ ગંજીફો વેચી શકાતો. આ સિક્કાના અનુકરણ રૂપે હજી પણ કાળીના એક્કાનો આકાર વિશિષ્ટ રાખવામાં આવે છે. —પ્રતાપરાય લક્ષ્મીરામ યાજ્ઞિક

અમેરિકાના લક્ષ્મીપુત્રો

તાજેતરમાં જ જોન રૉકફેલરનું અવસાન થતાં અમેરિકાના લક્ષ્મીપુત્રોની સંખ્યામાંથી એકનો ઘટાડો થયો છે, પણ તે નહિ જેવો જ લેખાય; કારણ, આજ પણ અમેરિકામાં પાર વગરના લાખોપતિ અને કરોડપતિ પડ્યા છે. એકલા ન્યૂયૉર્ક શહેરમાં જ ૧૩,૯૯૭ ધનિકો એવા છે, જેમને અરધો કરોડ લગભગ મિલકત છે. એ શહેરની જ ૭૦૩ મંડળીઓ તો કરોડાધિપતિ છે. લક્ષ્મીપુત્રોમાં સૌથી મોખરે ફૉર્ડ, ડયૂપૉંટ અને જે. પી. મૉર્ગનનાં નામો આવે. રૉકફેલર જેવાને એમાં ન ગણાય, કારણ કરોડોની સંખ્યામાં તો એણે સખાવતો જ કરી છે ને એની મિલકતનો તાગ પણ હજી સુધી નીકળી શક્યો નથી.

આ બાજુ અમેરિકાની ચડતી સાથે જ ઇંગ્લંડના લક્ષ્મીનંદનોની સંખ્યામાં ઓટ આવતી જાય છે. ૧૯૨૯–૩૦માં લક્ષાધિપતિઓની એની ૮૧૯ની સંખ્યા ઘટીને ૧૯૩૩–૩૪માં ૪૨૮ થઇ રહી અને છેલ્લે ૧૯૩૪–૩૫ માં તો તે માત્ર ૪૯ જ હોવાનું બહાર આવ્યું છે.

ગુજરાતી ભાષામાં અપનાવાએલા કેટલાક પોર્ટુગીઝ શબ્દો

ગુજરાતી	પોર્ટુગીઝ
ઇસ્ટાંપ (Stamp=ટિકિટ)	ઈસ્ટાંપા
કપતાન	કાપિતાંઉ
ગવનડર	ગવરનડૉર
ગારદી (રક્ષક)	ગારદી
ગેલેરી	ગેલેરિયો
તબેલો	તબેલા
પગાર (Salary)	પગાર
પાંઉ (રોટી)	પોગ
બટન	બટાંઉ
બીસ્કુટ	બીસકોટો
સપાટ (ચંપલ)	સપાટો

—ત્રિભુવન વીરજીભાઇ હેગાણી

મિ. જ્યૉર્જ હોરેસ લૉરિમર

જગતભરના પ્રખ્યાત પત્રકારોમાંના એક અને ૩૮ વર્ષથી 'ન્યૂ યૉર્ક સૅટર્ડે ઇવનીંગ ન્યૂસ'ના તંત્રી મિ. જ્યૉર્જ હોરેસ લૉરિમરનું અવસાન થયું છે. પહેલાં બોસ્ટનના એક પત્રની ઑફિસમાં જોડાયા હતા, પણ પાછળથી મિ. સાઇરસ એચ. કે. કર્ટિસે 'સૅટર્ડે ઈવનીંગ ન્યૂસ,' કે જેનો ફેલાવો ત્યારે માત્ર ૧૨૦૦નો હતો તે ખરીદતાં, લૉરિમરને વધુ સારી તક મળી. કર્ટિસ એ પત્ર તેમના હાથમાં સોંપી પોતે કોઇ સારા તંત્રીના શોધમાં યુરોપ ઊપડેલો, પણ લૉરિમરે તેને એવી તો પાયરીએ આણી મૂક્યું કે તેણે અરધેથી જ તાર મારફત તેમની તંત્રી તરીકે નીમણુક કરી દીધેલી.

નવી કેડીઓ


જેમ પુસ્તકાલયો પુસ્તકો ધીરે છે એ જ પદ્ધતિએ દરેક જાતનાં યંત્રો અને ઓજારો ધીરે એવાં સાર્વજનિક માલિકીના ઉદ્યોગાલયોની બધાં મોટાં શહેરોમાં વ્યવસ્થા થાય તો સાધનને અભાવે કામ ન કરી શકતા અનેક કારીગરો જુદા જુદા ઉદ્યોગો ખીલવી શકે. આ યોજનાને કોઇ ખાનગી ધંધો પણ બનાવી શકે. —હરિકૃષ્ણ વ્યાસ

કંકુ હિંદુસ્તાનના મોટા ભાગના લોકોના ચાલુ વપરાશની વસ્તુ છે. છતાં તે બનાવવાનો હુન્નર છૂટાંછવાયાં શહેરોમાં જ ચાલે છે. હળદર અને ખારની સાદી મેળવણીથી બનતી આ વસ્તુ શહેરદીઠ એક કારીગર કુટુંબને નભાવી શકે તેમ છે.


કાઠીઆવાડમાં લીંબડાના ઝાડની બહુ જ છત છે અને લીંબોળી હવે પછી ખૂબ આવવી શરૂ થશે. દર વર્ષે એવી લાખો મણ લીંબોળી નકામી જાય છે, કેમકે એનો ઉપયોગ ઘણો થાય છે તો પણ જેટલી પેદાશ છે તેટલો તે બહોળો નથી, એટલે કોઇ નવો ઉપયોગ શોધી કાઢી (સાબુ વગેરે) લાભ લેવા ધારે તો લઇ શકે.—ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ

નવા નુસખા

સતત વપરાશને લઇને હથોડીની મોગરી ઢીલી પડી જવાનો બહુ સંભવ રહે છે; પણ તેને સજ્જડ રાખવા માટે એક



સહેલામાં સહેલો ઉપાય છે: સાથેના ચિત્રમાં બતાવ્યા મુજબ એક સ્ક્રુ લઈ કાનસથી તેને અણીદાર બનાવો. પછી હથોડીના બરાબર માથા ઉપર લગભગ મોગરીને અરધે સુધીના લાકડામાં એ બેસાડી દો. આથી આસપાસનું લાકડું ઉપસી આવી, મોગરી ઢીલી પડવાનો બીલકુલ સંભવ નહિ રહે.



ફોટોગ્રાફીનું કામ કરનારને એકાદ ડ્રૉપરની ખાસ જરૂર રહે છે. સાથેના ચિત્રમાં બતાવ્યા મુજબ એકાદ બૂચને સામસામે છેડે ખાંચા પાડી દેતાં એવું ડ્રૉપર બની શકે. એવા બૂચવાળી કોઈ પણ શીશીમાંથી પ્રવાહી ટીપેટીપે જ નીકળશે.

વિકસતું વિજ્ઞાન

એક જર્મન વિજ્ઞાનીના કહેવા મુજબ મધમાખીઓ પરસ્પર નૃત્યની ભાષામાં વાત કરે છે. કોઈ માખીને મધનું સ્થાન મળ્યું એટલે તેનાથી ચૂસાય એટલું ચૂસી તે સીધી મધપુડામાં જઇ પહોંચે છે અને ત્યાં ગોળ ગોળ ફરતી વિચિત્ર નૃત્ય આદરે છે. થોડી વારમાં બધી માખીઓ એકઠી થઇ જાય છે; તેમને લઇ, પેલી માખી મધના સ્થાને પહોંચી જાય છે. લોહી રોકવા માટે વપરાતું આયોડીન આજ સુધી પ્રવાહી સ્વરૂપે મળતું હતું, પણ હવે તેનું ઘનીકરણ સફળ થયું હોઇ, પેન્સિલના ટુકડા જેવા કકડા રૂપે તેની બનાવટ બજારમાં મૂકી શકાઇ છે. એનો એકાદ કકડો પાણીમાં બોળતાં કે જખમ પરના લોહી પર દબાવતાં તરત જ ઓગળી જાય છે. હાર્વર્ડ યુનિવર્સિટીની વેધશાળાના વૈજ્ઞાનિકોએ હાલમાં જ પૂરતા નિરીક્ષણ બાદ જાહેર કર્યું છે કે સૂર્યમાળામાં આવેલો ઇરોસનો ઉપગ્રહ બીજા ગ્રહો જેવો ગોળ નહિ પણ કબરના આકારનો, ૨૨ માઇલ લાંબો ને સાત માઈલ પહોળો છે. પીળાશ પડતા ભુખરા રંગનો એ ઉપગ્રહ કોઈ કોઇ વખત ચન્દ્ર સિવાય આકાશમાંના બીજા કોઇ પણ તેજપિંડ કરતાં પૃથ્વીની વધુમાં વધુ નજીક આવી લાગે છે. દર પાંચ કલાકે એના પ્રકાશમાં થતા ફેરફાર પરથી વૈજ્ઞાનિકોએ એની પોતાની ધરી પરની પ્રદક્ષિણાનો સમય પાંચ દિવસનો ઠરાવ્યો છે. કોલસા અને કોલ ટારમાંથી અસંખ્ય ચીજો નીપજાવવામા આવી છે, પણ પેટ્રોલિયમમાં જે સમૃદ્ધિ રહેલી છે તેનો વૈજ્ઞાનિકો વધુ ને વધુ તાગ લેતા જાય છે. હાલમાં જ તેમાંથી એવું પ્લાસ્ટિક ઊપજાવી કાઢવામાં આવ્યું છે જે બાંધકામમાં વાપરી શકાય. એ સિવાય, યુદ્ધકાળે ખોરાકીની અછત થતાં, સિન્થેટિક વિટામીન સાથે ખાવાના ઉપયોગમાં લઇ શકાય એવા તૈલ–પદાર્થો તથા ઈન્ફ્રા રેડ અસરવાળી પ્લેટો ને ફિલ્મો વગેરે ઉપરાંત અમેરિકાએ તો કાતિલમાં કાતિલ દાહક ટી. એન. ટી પણ ક્રૂડ ઑઇલમાંથી નીપજાવવા માંડયો છે. એને પાંચસો ડિગ્રી ગરમી આપી, એક છૂપા રસાયણ સાથે ભેળવવામાં આવતાં તેનું ટોલ્વીનમાં રૂપાંતર થાય છે અને તેમાં નાઇટ્રિક અને સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરાતાં જ ટી. એન. ટી. બની જાય છે. અમેરિકાનો પ્રખ્યાત રસાયણી ડૉ. ગુસ્તાફ એગલૉફ જણાવે છે કે એ રીતે એકલા ટેક્સાસના જ તૈલક્ષેત્રોમાંથી દરરોજ પંદર કરોડ પૌંડ ટોલ્વીન મેળવી શકાશે. ફિલાડેલ્ફીઆના ડૉ. વિલિયમ જે. એઝિકસન અને યાકોબ ફેલ્ટમાને જાહેર કર્યું છે કે શરીરમાં A વિટામિનના અભાવથી પ્રકાશના ઘનત્વમાં થતા ઝડપી ફેરફારો ઝડપવા આંખ અશક્ત બને છે, અને એથી શરદીનો પણ વહેલો હલ્લો થાય છે. તેલના સૂકાઈ ગએલા કૂવાને ફરી ઉત્પાદક બનાવવાનો રશિયાનો અખતરો સફળ થયો છે. ૧૯૩૦થી નકામા થએલા એક કૂવામાં એણે ૬૦૦ ડિગ્રી જેટલું ઉષ્ણતામાન ધરાવતી આકુંચિત હવાનો પ્રવાહ છોડતાં રેતીનાં પડો નીચેથી તેલ શોષાઈ આવી, મહિને લગભગ ૫૫૦ ટન જેટલી ઊપજ આપે છે.

જાપાની સ્ટીમરમાં યોગ્ય ખોરાક ન મળવાને કારણે કેટલાક હિંદીઓ ભૂખ્યા રહેવા લાગ્યા. એક જાપાનીએ તે જોતાં તત્કાળ પહેલા વર્ગમાંથી પોતાના ખર્ચે તેમને ફળમેવો લાવી આપ્યો. આવી રીતે પાંચ દિવસ સુધી ખવડાવ્યા પછી છુટા પડવાનું આવતાં પેલા હિંદીઓએ તેને થએલો ખર્ચ લેવાનો આગ્રહ કર્યો. તેણે જવાબ આપ્યો, 'ભાઇઓ, મારે ખર્ચ નથી લેવો. પણ મારી એક વિનતિ માન્ય રાખજો, અને તે એ, કે તમે હિંદુસ્તાન જાઓ ત્યારે એમ ન કહેતા કે અમને જાપાની સ્ટીમરમાં તકલિફ પડી હતી. એથી અમારા દેશની બદનામી થશે.'

અનેકાર્થી શબ્દઃ **ફૂલ**=પુષ્પ, તેના આકારની વસ્તુ; આંખનો રોગ; કાતરેલી સોપારી; એક ઘરેણું; પતરાજી, ગર્વ.

કહેવતોના અર્થઃ 'જેના ઘોડા તેના અસવાર'—ઘોડાની સવારી કરી જાણનારને જ ઘોડો વશ રહે, બીજાને નહિ; એ પરથી, જેનાં કામ તે તેનાથી જ થાય એ દર્શાવવા આ તથા એને મળતી નીચેની કહેવતો વપરાય છેઃ 'હાથીનો ભાર હાથી ઉપાડે', 'અજાણ્યો ઉપાધ્યાય બમણું ઘી હોમે', 'આવડે નહિ ઘેંસ ને રાંધવા પેસ' વગેરે વગેરે.

તમારૂં ભાષાજ્ઞાન કેટલું ?

આ શબ્દોના અર્થ કરો જોઇએઃ એરો, એણું; એસણું; ઓકાબ; ઓખર; ઓખાત; ઓધરી; ઓછિયો; ઓબળાહું; ઓમા; ઓલાહો; ઓરા; ઓળવો.

જવાબઃ નેડો; ઢોરનું વસૂકી જવું તે; સોનીની સગડી; એકપક્ષી; ગંદવાડ; ગુંજાશ; આંતરી, ઝૂલ; ઓછાયો, લાડ; બગાસું; ઉપાધિ; માંડવો; છાતી; મકાન.

આંખમાં પડેલું કસ્તર કોઇ ઉપાયે ન નીકળતું હોય ત્યારે થોડું દૂધ છાંટી જોજો. એની ચિકાશ ગમે તેવું કસ્તર કાઢી નાખી આંખને યે તાજગી આપશે.



કાંગારૂની પેઠે આ આપૉસમને પણ પેટ ઉપર કોથળી હોય છે, છતાં તેમાંનાં કેટલાંક તો પોતાની પૂછડી સાથે બચ્ચાંની પૂછડી વીંટાળી લઈ, તેમને પીઠ પર જ રાખે છે.

ગણિતગમ્મત

$૫૧^{૨} = (૫^{૨}+૧=૨૬ \text{ અને } ૧^{૨}=૦૧) = ૨૬૦૧$

$૫૨^{૨} = (૫^{૨}+૨=૨૭ \text{ અને } ૨^{૨}=૦૪) = ૨૭૦૪$

$૫૩^{૨} = (૫^{૨}+૩=૨૮ \text{ અને } ૩^{૨}=૦૯) = ૨૮૦૯$

$૫૪^{૨} = (૫^{૨}+૪=૨૯ \text{ અને } ૪^{૨}=૧૬) = ૨૯૧૬$

આવી રીતે ૫૧ થી ૫૯ સુધીની સંખ્યાના વર્ગ સહેલાઇથી ઊપજાવી શકાય.—મ.ના.ખત્રી

અંગ્રેજોએ હિંદમાં પહેલી રેજીમેન્ટ ઈ. ૧૭૪૮માં ફ્રેંચોની નકલ રૂપે ઊભી કરી.

દક્ષિણ આફ્રિકાની બાંબા જાતિમાં, પરણીને સ્ત્રી નહિ પણ પુરુષ સાસરે જાય છે ને વહુ પ્રમાણે જ સાસુસસરાનો કહ્યાગરો રહે છે!

લોકો પર શાસન ચલાવનારી પહેલી રાણી ઇ.પૂ. ૫૦૦૦માં થઈ ગએલી ખાલ્ડીઆની રાણી શુબાદ ગણાય છે.

દર આઠ ઔંસે એક ડ્રામ નારંગીનો રસ ઉમેરવાથી કૉડલીવર ઑઈલની ગંધ નાબૂદ થશે.

હાથીદાંત સારૂ આફ્રિકામાં દર વર્ષે ૮૦૦૦ હાથી મારવામાં આવે છે.

તુવેરનાં પાન બાળી, દહીંમાં કાલવીને ચોપડવાથી ખસ મટે છે.

પૅરૅફીનમાં બોળી રાખેલું બ્રૂચ ઘસવાથી લોખંડના કાટના ડાઘ નીકળી જશે.

હેડકી બહુ જોરથી આવતી હોય તો બંને પડખાંની પાંસળીઓ દબાવવાનો નુસખો અજમાવી જોવા જેવો છે.


ચાંદીનાં વાસણો પેટીમાં મૂકતી વેળા તે પર સહેજ વૅસેલીન ચોપડવાથી ચળકાટ બગડશે નહિ.

હિપોપોટેમસની ચામડી સવા ઇંચ જાડી હોય છે.

વારંવાર થતા સળેખમનું એક મોટું કારણ લીલી શાકભાજીના વપરાશનો અભાવ પણ હોય છે.

ફોસફરસની શોધ ઈ. ૧૬૭૭ માં થઇ.

કોઈ એક નવા લેખકે તફડંચી દ્વારા આખું પુસ્તક રચી કાઢી જર્મન વિદ્વાન લેસિંગ પર તે મોકલાવતાં તેણે સમાલોચના લખીઃ 'આ પુસ્તકમાં એવું ઘણું લખાણ છે જે સરસ અને નવીન છે. પરંતુ જે સરસ છે તે નવીન નથી અને જે નવીન છે તે સરસ નથી!'



ટાઈપરાઈટરની સંજ્ઞાઓ વડે કરેલાં બે ચિત્રો